
# પળોનું સૌંદર્ય



પંન્યાસ મુક્તિવલ્લભવિજય

# પળોનું સૌંદર્ય

પંન્યાસ મુક્તિવલ્લભવિજય

❀ પ્રકાશક ❀

**પ્રજ્ઞા પ્રબોધ પરિવાર**

**હીરેન પેપર માર્ટ**

મહાદેવસિંગચાલ, કોલડુંગરી,

અંધેરી (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૬૯.

ફોન : ૨૬૮૪ ૧૬૬૦

મ સંસ્કરણ : વિ.સં. ૨૦૪૮

ીય સંસ્કરણ : વિ.સં. ૨૦૬૬

મૂલ્ય : રૂા. ૩૫/-

**◆ પ્રાપ્તિ સ્થાન ◆**

● **હીરેન પેપર માર્ટ**

મહાદેવસિંગચાલ, કોલડુંગરી, અંધેરી (પૂર્વ),

મુંબઇ-૪૦૦ ૦૬૯. ફોન : ૨૬૮૪ ૧૬૬૦

● **નવભારત સાહિત્ય મંદિર**

૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૦૧ ૭૨૧૩

● **નવભારત સાહિત્ય મંદિર**

ફતાસાની પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ.

ફોન : ૨૨૧૩ ૯૨૫૩

● **આનંદ ટ્રેડલિંક પ્રા.લિ.**

૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,

બોની ટ્રાવેલ્સ પાસે,

પાલડી, અમદાવાદ-૬. ફોન : ૨૬૫૮ ૭૬૦૧

● **અરિહંત કટલરી સ્ટોર**

આંબા ચોકની પાછળ, પોલિસગેટની બાજુમાં,

ભાવનગર. ફોન: ૨૪૩૧૮૪૯

● **કૌશિકભાઇ દેવજી સંગોઇ**

૧૦૨, આકાશદીપ, ૮-બી, દામોદર પાર્ક,

એલ.બી.એસ. માર્ગ,

ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૬.

ફોન : ૨૫૦૦ ૧૬૫૧ ● મો. ૯૮૩૩૯૩૧૬૫૧

# ઉપકાર સ્મરણ યષ્ટિકા

અનંત અનુગ્રહ વરસાવી રહેલા
**પંચ પરમેષ્ઠી ભગવંતો**
પ્રદાદા ગુરુદેવ પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**
સહજાનંદી સ્વ. પૂ.આ.દે.
**શ્રીમદ્ વિજય ધર્મજિત્‌સૂરીશ્વરજી મહારાજા**
પ્રમોદભાવ નિર્ઝર સ્વ. પૂ.આ.દે.
**શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મહારાજા**
સંયમદાતા પૂ.આ.દે. ગુરુદેવ
**શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજા**

લેખોને કાળજીપૂર્વક તપાસી આપનાર વિદ્વાન
**પૂ.આ.દે. શ્રીમદ્ વિજય અભયશેખરસૂરીશ્વરજી મહારાજા**

લેખોને નિયમિત પ્રકાશિત કરનાર
**'શાંતિ સૌરભ'**

અનેક રીતે સહાયક સહવર્તી મુનિવરો.

# પળોનું સૌંદર્ય

આકાશમાં અચાનક મનોહર રંગો ખીલી ઊઠે
અને, મોહક સૌંદર્યથી આકાશ શોભી ઊઠે
તેમ, જીવનમાં પણ એવી કેટલીય પળો આવી
જેમાં સંવેદનાના મનોહર રંગો ખીલી ઊઠ્યા.
મોહક સૌંદર્યથી તે પળોની શોભા અદ્ભુત બની.
તે સૌંદર્યને મન મૂકીને માણ્યું.
કોઇ કોઇ ધન્ય પળોનાં મનોહર સૌંદર્યને શબ્દની ફોટો
પ્રિન્ટમાં ઝડપી લીધું.
તે ફોટોપ્રિન્ટ્સને આ એક નાનકડા આલ્બમમાં ગોઠવીને
રજૂ કરી છે.
પળોનાં સૌંદર્યને નિહાળીને કોઇકના જીવનની પળોમાં
પણ આ સૌંદર્યનું પ્રતિબિંબ પડે
તો ભયો ભયો.

મહા સુદ-૧૩ — મુક્તિવલ્લભવિજય
તા. ૧૬-૨-૧૯૯૨, રવિવાર
મલાડ

મહોદયની મંત્રણાઓ
મહોદયની મંત્રણાઓ મહોદયની મંત્રણાઓ
મહોદયની મંત્રણાઓ મહોદયની મંત્રણાઓ
મહોદયની મંત્રણાઓ મહોદયની મંત્રણાઓ
મહોદયની મંત્રણાઓ મહોદયની મંત્રણાઓ
મહોદયની મંત્રણાઓ મહોદયની મંત્રણાઓ
મહોદયની મંત્રણાઓ

# મહોદયની મંત્રણાઓ

મહોદયનાં મહાસામ્રાજ્યની મહેચ્છા તો દિલમાં ક્યારનીય ઊઠી પણ, મારું પાંગળું આત્મસત્ત્વ ક્યાં ? અને, એ મહાસામ્રાજ્યના લોખંડી કિલ્લાની તોતિંગ દિવાલો ક્યાં ? પણ, ત્યાં જ નિસર્ગની મહાસત્તાના રાજરાજેશ્વર શ્રી અરિહંત પરમાત્માના પરમ શાહી ઠાઠ પર નજર પડી.

તે ધરતી પર પગ મૂકે અને માખણશા મુલાયમ સુવર્ણકમળો ચરણતળે ગોઠવાઇ જાય!

ધારદાર કંટક ઊંધા થઇને પોતાની અણી ભોંયમાં સંતાડી દે!

નતમસ્તક વૃક્ષો પણ આ ધર્મચક્રવર્તીને ઝૂકી પડે!

વિહંગવૃન્દ પણ આ જગદાધારને પ્રદક્ષિણા કરતું આકાશમાં ઊડે!

ષડ્ઋતુ એક સાથે પોતાનો પ્રભાવ વર્તાવે!

જઘન્યથી ક્રોડો દેવતાઓ પ્રભુજીની સેવા કરે!

અને, જેવો તેનો બાહ્ય વૈભવ તેનાથીય ચડિયાતો તેનો આંતર વૈભવ!

આ મહાચક્રવર્તી પાસેથી જો કાંઇક રાજદ્વારી મદદ મળે તો જ મહોદયનું મહાસામ્રાજ્ય સાંપડે. અને, તેથી તેમની

સાથે સારો સંબંધ કેળવવા માંડ્યો. અને, દિલની મહેચ્છાની પૂર્તિ માટે અંગત મંત્રણાઓ નિસર્ગ મહાસત્તાના રાજરાજેશ્વર સાથે શરૂ કરી!

આ મંત્રણાઓમાં

ક્યારેક અતિ નમ્ર બનીને એ પરમ વિભૂતિનો પરમ વિનય સાચવ્યો છે. તો ક્યારેક એ 'વિરાટ'ની આગળ ન છાજે તેવા વામનચાળા પણ કર્યા છે.

ક્યારેક અંતર વલોવીને ઊંડી આરઝૂઓ કરી છે તો ક્યારેક અનધિકાર ઉપાલંભો પણ આપ્યા છે.

ક્યારેક તેનાં ચરણોમાં ઢળી પડ્યો છું, તો ક્યારેક તેની સામે પણ જેહાદ પોકરી છે.

કોઇને કદાચ આ બધું ન પણ ગમે. પણ બધાને ગમાડવા માટે મેં આ મંત્રણાઓ થોડી કરી છે? બસ, મારા નાથને ગમી જાય એટલે ભયો ભયો.

# તારામાં મને સમાવી દે...

અંતરયામી!

કવિઓએ તો ઉપમાઓના થોકડા ખડકી દીધા છે તારી આગળ...એ ઉપમાઓ તને ક્યાં પૂર્ણ ઘટે છે?

સૂર્યની તેજસ્વિતા તારામાં ભલે પ્રકાશતી હોય,

પણ તેની પ્રચંડતાનો અંશ પણ તારામાં ક્યાં છે?

એ તો મારામાં છે.

તારામાં ચંદ્રની સૌમ્યતા દીસે છે પણ કલંકથી તું ન્યૂન છે.

તે તો મારામાં ભરાણું છે.

સાગરની ગંભીરતા તારામાં ગાજે છે પણ, ખારાશ ક્યાં છે?

તે તો મારામાં ગંજબંધ ખડકાઇ છે.

મેરુની નિશ્ચલતાનો તું સ્વામી ખરો, પણ તેની કઠોરતા તો મારામાં જ કંડારાઇ છે.

આંશિક સાદૃશ્ય છતાં આવી મહાન ઉપમાઓ કાં ધારી બેઠો?

એવા આંશિક સાદૃશ્યથી અન્ય અંશના સાદૃશ્ય દ્વારા એ ઉપમાઓનો અધિકારી તો હું પણ છું.

હવે...તે ઉપમાઓ ધારણ કરીને તું બેઠો જ છે. તો તેને સાર્થક કરવા પણ તારા વિરાટ વ્યક્તિત્વમાં મારો સમાવેશ કરી દે. તારા પૂર્ણ પ્રભુત્વમાં મારો વિલય કરી દે. તારા અખંડ જીવન પ્રવાહમાં મારું વિલોપન તું કરી દે. હું તારામાં સમાઇ જાઉં...હું તુજમય બની જાઉં.

પછી... તું પરિપૂર્ણ સૂર્ય
તું પરિપૂર્ણ ચંદ્ર
તું પરિપૂર્ણ સમુદ્ર

અને, તું પરિપૂર્ણ મેરુ.

# હું તુજમાં વિલાઇ જાઉં

અંતરયામી!

તું સિંધુ છે...હું બિંદુ છું.

તું મહામેરુ છે...હું નાનો કણિયો છું.

તું વિરાટ જ્યોત છે...હું એક તણખો છું.

કારણ કે...તું સર્વાંગ નિર્મળ છે, હું આંશિક નિર્મળ છું.

મારા પણ આઠ રુચક પ્રદેશ કર્મ રહિત છે, જ્યાં પરમ શુદ્ધ આત્મસ્વરૂપ સોળે કળાયે ખીલેલું છે, જ્યાં મારું પરમ ચૈતન્ય પૂર્ણતાની પરાકાષ્ઠાએ પહોંચેલું છે.

નાથ!

કોઇ સિંધુ કોઇ જલબિંદુની અવગણના ક્યારે'ય કરતો નથી...કારણ કે, તેનું પણ ઉદ્ભવસ્થાન આવું એક બિંદુજ છે.

કોઇ મહા-અગ્નિ કોઇ તણખાનો તિરસ્કાર કરતો નથી. કારણ કે, તે તણખામાંથી જ તે ઉદ્ભવે છે. કોઇ મહામેરુ પત્થરના નાના કણિયાને ધિક્કારતો નથી કારણ કે આવા ઘણા કણિયાના સરવાળા રૂપે જ પોતાને તે જાણે છે.

માટે જ...

સિંધુ બિંદુને પોતાનામાં સમાવી દે છે,

અને બિંદુ સિંધુમય બની જાય છે.

મહામેરુ નાના કણિયાઓને પોતાનામાં સમાવી દે છે અને કણ પણ મેરુ સ્વરૂપ બની જાય છે.

વિરાટ અગ્નિ નાનકડા તણખાને પોતાનામાં સમાવી દે છે અને તણખો પણ વિરાટ અગ્નિ સ્વરૂપ બની જાય છે.

બસ તે જ રીતે તારામાં મારો વિલય હું ઇચ્છું છું.

# યાચના

અંતરયામી!

આપના કેશ, રોમ, શ્મશ્રુ અને નખ ક્યારે'ય વધતા નથી.

મારા દેહ પરથી તો કાપી નાખવા છતાં તે ફરી ફરી ઊગે છે...વધે છે.

તેથી મારે નેઇલકટર રાખવું પડે છે.

મારે વાળ કઢાવવા પડે છે.

મારે મૂછ ઉતારવી પડે છે.

તારા આ અતિશય અંગે વિચારતા મને સમજાય છે કે

'નખ એ માનવીમાં પડેલી પશુતાનો પરિચય આપે છે.

તેના અંતરમાં આળોટતી હિંસકતાને ઉઘાડી પાડે છે અને...

તેના અંતરની કાલિમા અને વક્રતા માથાના કે મૂછના કેશરૂપે બહાર નીકળે છે...વધે છે.

આપ તો સઘળી'ય પશુતાનો અંત આણીને પ્રભુ બનેલા છો.

આપની બધી'ય કાલિમાની આપે કતલ કરી નાંખી છે.

આપના હૃદયમાંથી વક્રતા સર્વથા વિલય પામેલી છે.

મારી પશુતા ઊભી છે અને વધે છે.

માટે મારા નખ ઊગે છે અને વધે છે.

મારી કાલિમા ઊભી છે અને વધે છે.

માટે મારા કેશ ઊગે છે અને વધે છે.

મારી વક્રતા ઊભી છે અને વધે છે.

માટે મારા રોમ-મૂછ ઊગે છે અને વધે છે.

નાથ! હું નેઇલકટરની માથાકૂટ કે વાળ ઉતારવાની કડાકૂટથી કંટાળ્યો નથી. હું તો મારી પશુતા, વક્રતા અને કાલિમાથી ત્રાસ્યો છું.

તારો અતિશય મને ભેટ ન ધરે તો કાંઇ નહિ.

પણ પશુતાનો અભાવ, વક્રતાનો અભાવ અને કાલિમાનો અભાવ તો મને આપ!

# મારું ઐશ્વર્ય

અંતરયામી!

તારી આજ્ઞાના અશોકવૃક્ષ તળે...

સમ્યક્ત્વના સિંહાસન પર હું બિરાજમાન છું...

મારા શિર પર દેવ-ગુરુ અને ધર્મ એ તત્ત્વત્રયીનું
સોહામણું છત્રત્રય શોભે છે.

જ્ઞાન અને ક્રિયા એ બે ચામર ઢળાઇ રહ્યા છે...

જેનાથી મને અપાર શાતા વર્તે છે.

તારા ગુણપુષ્પોની વૃષ્ટિ મારી ચારેકોર અલૌકિક મહેંક વેરી રહી છે.

તારી વાણીનો દિવ્ય ધ્વનિ મારા ઐશ્વર્યને વિસ્તારી રહ્યો છે.

મારા હૃદયમાં તારો જયનાદ એ દુંદુભિનાદ બનીને દિગંતમાં
મારા યશને પ્રસારી રહ્યો છે.

અને તારી કૃપાના ભામંડલમાં મારું અનંત તેજ કેન્દ્રિત થયેલું છે.

તારી જેમ હું'ય અષ્ટપ્રાતિહાર્યની શોભાથી અલંકૃત છું.

મારું ઐશ્વર્ય પણ અદ્‌ભુત છે.
મારી શોભા પણ અપાર છે.

# કરુણા કરજે હે કિરતાર

અંતરયામી!

હું જાણું છું કે, તારી અનંત કરુણા સમગ્ર વિશ્વ પર અને મારા પર સતત વરસી રહી છે.

તેથી જ, નિયમિત સૂર્ય ઊગે છે અને આથમે છે.

તારી કરુણાના જાદુથી જ સૂકા મેદાનો લીલી હરિયાળીથી ઢંકાઇ જાય છે. તારી કરુણાના પ્રભાવે જ નદી, નાળા અને તળાવો પાણીથી છલકાય છે. અને, મારા પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસ ઉપર પણ તારી કરુણાની મહોર છાપ હોય છે. મારા શરીરની રુધિરાભિસરણ ક્રિયા, પચનક્રિયા, શ્વસનક્રિયા બધું જ તારી કરુણાના પ્રભાવે જ સુવ્યવસ્થિત ચાલે છે.

પણ...મારા મનમાં પેસતા અશુભ વિચારોનાં ઝુંડને તારી કરુણાનો કોઇ પ્રભાવ કેમ અટકાયત કરતો નથી?

તારી કરુણાના કોટવાલને છેતરીને મારા મનઘરમાં જે ડાકુઓ પેસી જાય છે, તે અંગે ઘટતું કરજે.

હે વીર,

ક્રોધના અગ્નિની ભઠ્ઠી જેવું મારું જીવન ક્યાં ? અને ક્ષમાના અમૃતની કોઠી જેવું તારું જીવન ક્યાં ? તારા જેવા ક્ષમાશીલ બનવાનું તો મને સ્વપ્ન પણ ક્યાંથી દેખાય ? પણ, તારા ભવ્ય જીવનના અદ્‌ભુત પ્રસંગોને વાગોળતા ક્ષમાપ્રિય બનું તોય ઘણું!

# મહાવીર શેં ઓળખાય ?

અંતરયામી !

હા, શ્રદ્ધાનો મહાયજ્ઞ પ્રગટ કરીએ, તો...

સંગમના કાળચક્રની વાત કદાચ મગજમાં ઊતરે...

શૂલપાણીના ઘોર ઉપસર્ગોને માનવામાં પણ વાંધો ન આવે...

આપની અપ્રમત્ત સાધનાની વિગતો પણ ગળે ઉતારવી અઘરી નથી.

આપનું એક મંત્ર વાક્ય ચંડકોશિયાનાં ઝેર ઉતારી નાખે, તે પણ સમજાય.

આપ કઠોર અભિગ્રહને ધારણ કરો, તે પણ મનાય...

અભિગ્રહ પૂર્ણ ન થતાં પાંચ માસ ઉપરાંતના ઉપવાસ પ્રસન્નચિત્તે કરી લો તે પણ શ્રદ્ધાના જાદુથી માની શકાય...

અને કોઇક ચંદનાના હાથે અભિગ્રહ પૂર્ણ થવામાં એક કડી ખૂટે, તેય મનાય...

વળી, પાછા આપ પ્રસન્નચિત્તે પાછા ફરો, તેય તમારા માટે માની લેવાય...

અને, બધી શરતો પૂર્ણ થતાં આપનું પારણું થાય તોયે માની લેવામાં હવે બુદ્ધિને બહુ વાંધો લાગતો નથી. પણ, પ્રભુ ક્ષમા કરજો. બુદ્ધિની વક્રતાના કારણે એક વાત કેમેય કરીને ગળે ઊતરતી નથી...

કઠોર અભિગ્રહ પાંચ માસ ને ૨૫ દિવસના અંતે પૂર્ણ થતાં, આપના મુખની એક રેખા બદલાય નહિ...ગમે તેવા સેન્સિટિવ ટેપરેકોર્ડર પણ સૂક્ષ્મ પણ હાશકારાની નોંધ ન કરી શકે...એ તપ અને પારણાં વચ્ચેનો આપે સિદ્ધ કરેલ અભેદ તો હે પ્રભુ, આ દેહે નહિ સમજાય. ના...કર્મની જંજાળમાંથી મુક્ત થવા મહાવીર નથી થવું. સિદ્ધિના અનંત આનંદમાં નાહવા મહાવીર નથી થવું. પણ...તારા જીવનને જાણવા અને માણવા માટે'ય મહાવીર બનવું પડશે. જાતે મહાવીર બન્યા વિના તારા જીવનનો સાચો પરિચય કોઇ બાયનોક્યુલરથી થાય તેમ લાગતું નથી.

# કાંટા પણ ઊંધા હોવે...

અંતરયામી!

તારી અનરાધાર નિર્મળ કરુણાના પથ પર હું જ્યારે આવું છું, ત્યારે મારા હૃદયનું પાત્ર ઊંધું થઇ જાય છે. મારા જીવનપથ પર તું વિશુદ્ધ કલ્યાણકર આજ્ઞાઓના રસાલા સાથે પગ મૂકે છે, ત્યારે'ય આચરણમાં હું ઊંધો થઇ જાઉં છું. અનંત કલ્યાણના પરમ સાધક વચનોનાં મુક્તાફલ મારી ચારેકોર તું વેરે છે, પણ ત્યારે મારું જીવનકચોળું ઊંધું હોય છે.

મને'ય સમજાતું નથી, કે આવું કેમ થાય છે?

નાથ! મને ખ્યાલ છે કે આપના અતિશયથી આપના માર્ગ પરના કાંટા ઊંધા થઇ જાય છે.

આપનો એ અતિશય તો મારા પર કાર્યાન્વિત થતો નથીને!

હા, કંટક બનીને ઘણીવાર હું ઘણાના માર્ગ પર પથરાયો છું...

એટલે જ આવું બનતું નહિ હોય ને?

નિસર્ગની મહાસત્તાના રાજરાજેશ્વર પાસે વળી કોનો અપરાધ પ્રચ્છન્ન રહે?

હે પુણિયા શ્રાવક!

ઘરમાં એક અનીતિનું છાણું આવી ગયું અને તે દિવસે સામાયિકમાં તમને રોજ જેવા શુભ ભાવ ન આવ્યા!

અમને તો ધર્મક્રિયામાં મોટેભાગે શુભ ભાવો આવતા જ નથી. ક્યારેક શુભ ભાવ આવી જાય તો ભૂલેચૂકે નીતિનો પૈસો ઘરમાં આવી ગયો હશે, તેમ જ સમજવું ને?

# એકાંતમાં તને મળવું છે

અંતરયામી !

મારે એકાંતમાં તને મળવું છે...

બાહ્ય બધી ધમાચકડી વિરામ પામ્યા પછી–પુદ્ગલની ઇચ્છાના ઉન્માદો અને કષાયના આવેશો ઉપશાન્ત થયા પછી...ક્ષુદ્રતા અને તુચ્છતાઓ ઓગળી ગયા પછી, ચંચળતા અને અસ્થિરતા પણ દૂર થયા પછી સર્વ બાહ્યભાવોથી અત્યંત પરાઙ્મુખતા ઊભી થયા પછી...હૃદયના ઓરડામાં જે સાઉન્ડપ્રૂફ ચેમ્બરની રચના થાય,

તેમાં–

હું એકલો
તને એકલાને
મળવા માગું છું.

તારી એપોઇન્ટમેન્ટ ડાયરીમાં આ એપોઇન્ટમેન્ટ નોંધી લેજે.

સાઉન્ડપ્રૂફ ચેમ્બર રચવાનું કાર્ય મનના આર્કિટેક્ટને સોંપી દીધું છે.

પણ...તેનું કામ બહુ રેઢિયાળ છે. ચેમ્બર ક્યારે તૈયાર થશે તે નક્કી નથી, તેથી, એપોઇન્ટમેન્ટની ફિક્સ ડેટ માંગી શકતો નથી.

બધા મને પૂછે છે કે, તમે જ તમારી પ્રશંસા કેમ કર્યા કરો છો ? પણ, બીજા મારી પ્રશંસા કરે તેવું મારામાં કાંઇ હોય જ નહિ, તો હું શું કરું ?

# જબ પ્રાણ તનસે નીકલે...

અંતરયામી !

મારા જીવનની અંતિમ પળોમાં ભલે સંબંધીઓ ટોળે વળ્યા હોય...

અંતરમાં તું જ રહેજે...

ભલે આંખે આંસુનાં તોરણ બંધાય

પણ તે વેદનાનાં નહિ ક્ષમાપનાનાં હોજો.

મુખને નળી નહિ પણ તપનાં તાળા લાગેલા હોજો.

હાથની નસોમાં ગ્લુકોઝ ના બાટલાની સોયોનો નહિ પણ પરમ આલ્હાદના રોમાંચનો સ્પર્શ હોજો.

નાકમાં નળી દ્વારા ઓક્સિજન નહિ, પણ કાનમાંથી નવકારનો ઓક્સિજન મને સતત અપાતો રહેજો. મારી ચોપાસ શ્વેતવસ્ત્રધારી નર્સોનાં ટોળા નહિ પણ શ્વેત વસ્ત્રધારી શ્રમણોનું વૃંદ હાજર હોજો.

મારા મુખમાંથી વોય-રે વોય-રે નહિ પણ વોસિરે વોસિરે નીકળતું રહેજો.

હું માથેરાન કે મહાબળેશ્વરની હોટલમાં નહિ પણ મહાતીર્થની છત્રછાયામાં ત્યારે હોઉં.

હું જસલોક કે તાતામાં કણસતો ન હોઉં પણ ઉપાશ્રયમાં પ્રસન્નતાથી સમાધિમાં વસતો હોઉં.

ત્યારે, હું મારા સ્નેહી સંબંધી અને સ્વજનોની યાદથી ઝૂરતો ન હોઉં, પણ જગતના સર્વ જીવોને યાદ કરી ખમાવતો હોઉં.

ક્રોધાદિ કષાયો ગેરહાજર હોય. વિષયની વાસનાઓ વિલય પામેલી હોય. અશુભ ભાવોનું અવસ્થાન ન હોય.

મનમાં મેલ ન હોય. દિલમાં ઉદ્વેગ ન હોય.

હૃદયમાં વેર ન હોય. અંતરમાં ઉચાટ ન હોય.

દેહમાં વિકાર ન હોય. મુખ પર વિષાદ ન હોય.

બસ...આ પ્રાર્થનાના સ્વીકાર પત્ર પર તું સહી કરી આપ.

પછી...ગમે તે પળે હું મૃત્યુને ભેટવા તૈયાર છું.

# ભક્તિમાં લીન ક્યારે બનશું ?

અંતરયામી !

''ઇલી ભ્રમરીસંગથી ભમરી પદ પાવે...''ની અનુભવ વાણીને અમે ખોટી ઠેરવી રહ્યા છીએ...કારણ?

તારો સંગ અમે નિરાસક્ત બનીને કરીએ છીએ. સુગંધી અને ઊંચા દ્રવ્યોનો તારામાં વિનિયોગ રોજ કરીએ છીએ. પણ, તારા અંગુઠાની પૂજા કરતા, અમને, ચંપલનો તૂટી ગયેલો અંગુઠો યાદ આવે છે.

તારા ઢીંચણની પૂજા કરતા ''બાબલો અઠવાડિયામાં ઢીંચણીએ ચાલતા શીખી જશે'' ના વિચારે ચડીએ છીએ...

તારા કાંડાની પૂજા કરતા ઘડિયાળ સામે નજર પહોંચી જાય છે અને ''ઓ હો, ઘણું મોડું થઇ ગયું'' સ્પીડોમીટરનો કાંટો થોડો ઊંચો ચડે છે.

તારા ખભાની પૂજા કરતા ''બાબલાનો બગલ થેલો આજે બજારમાંથી લાવવાનો છે.'' શ્રીમતીજીની તે આજ્ઞાની સ્મૃતિ કરી લઇએ છીએ.

તારા મસ્તકે તિલક કરતા હજામતના વધી ગયેલા ભાવ યાદ આવે છે. તારા ભાલપ્રદેશ પર પૂજા કરતાં પડોશી જમનાશંકરનું ત્રીપુંડ યાદ આવે છે.

તારા કંઠે પૂજા રોજ કરીએ છીએ...પણ...ત્યારે અમે ગધેડા અને કોયલની સ્વર પેટીની તુલનાના ચિંતનમાં ચડી જઇએ છીએ.

હૃદયકમળની પૂજા કરતા લત્તા મંગેશકરનું ગીત યાદ આવે છે અને નાભિકમળની પૂજા કરતા કરતા જ અમે અમારી નાભિમાં ભરાયેલો મેલ કાઢવા લાગી જઇએ છીએ.

પ્રભુ અમને કોઇ પૂજક કહે છે, ત્યારે અમને શરમ આવે છે.

# તારી નિકટ આવવું છે

અંતરયામી !

વિરાટ સૂર્ય પણ લાખો માઇલ દૂર હોવાને કારણે એક નાનકડા ગોળા જેવો દેખાય છે. આકાશના ગ્રહ, નક્ષત્ર અને તારલાઓ પણ અતિ દૂરત્વને કારણે બિંદુ જેવડા ભાસે છે. દૂરથી વસ્તુ ઘણી નાની લાગે છે. વસ્તુનું વાસ્તવિક પરિમાણ જાણવું હોય તો તેની નિકટ જવું પડે છે. તારા વિરાટ શુદ્ધ સ્વરૂપનો વાસ્તવિક પરિચય મને નથી થતો, તેનું કારણ હવે મને સમજાય છે.

હું તારાથી ઘણો દૂર છું.

સમગ્ર વિશ્વના સર્વ પુદ્‍ગલોના ત્રૈકાલિક પર્યાયને વિષય બનાવતું તારું અનંતજ્ઞાન મને સમજાતું નથી.

તું અણાહારી છતાં પરમતૃપ્ત છે.
તું નિરાકાર છતાં પૂર્ણ છે.
તું વિદેહી છતાં અનંત સુખમય છે.
તું અનામી છતાં મહાયશસ્વી છે.

આ તારા વિરાટ આત્મ સ્વરૂપના અમેય આંકડા છે. પુદ્‍ગલના સંગમાં રમતો હું ક્ષુદ્ર માનવી તારાથી લાખો યોજન દૂર છું.

તારા આ અમેય વિરાટ સ્વરૂપને કેવી રીતે જાણી શકું? કેવી રીતે ઓળખી શકું?

તારા મહાસ્વરૂપના પરિચય માટે પણ હું તારી નિકટતા પ્રાર્થું છું.

નાથ ! મને તારી નિકટ ખેંચ કે જ્યાં ઊભા ઊભા હું તારા વાસ્તવિક સ્વરૂપને જોઇ શકું, ઓળખી શકું, જાણી શકું અને માણી શકું !

# તું એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર

અંતરયામી!

જુદી જુદી વસ્તુ માટે જુદી જુદી દુકાનો ને જુદા જુદા બજારોમાં ન ફરવું હોય તો લોકો ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં જાય છે...ત્યાં સર્વ પ્રકારની ચીજો એકજ દુકાનમાં પ્રાપ્ત થાય છે!

નાથ!

સર્વ મહાગુણો તને વીંટળાઇને બેઠા છે.

દુનિયાની સર્વ ઉત્તમતાઓ તારામાં જ ખડકાયેલી છે.

દુનિયાનાં સર્વ શુભ તત્ત્વોએ તારો જ આશ્રય કર્યો છે.

ત્યારે થાય છે કે...

તું એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર છે!

તારા શોકેસમાં ગોઠવાયેલી દુનિયાની શ્રેષ્ઠતમ સુંદરતાઓને નિહાળું છું, ત્યારે થાય છે કે, આ આખોને આખો ડિપાર્ટમેન્ટલ સ્ટોર હું ખરીદી લઉં.

પણ...આવો મનોરથ કરું છું કે તરત મારા ખીસામાંથી એક વેધક અટ્ટહાસ્ય પ્રસરીને મારી ઠેકડી ઉડાડે છે...તેનાથી મારો મનોરથ કરમાઇને નામશેષ થઇ જાય છે.

ભલે...ખાલી ખીસાને કારણે તારો સ્ટોર ખરીદી ન શકું.

તો પણ શ્રેષ્ઠ ગુણોના તે શોકેસ જોયા કરવાનું મને ખૂબ ગમે છે...અને હું તારા સ્ટોરમાં ગોઠવાયેલી એ ઉત્તમતાઓને નીરખ્યા જ કરું છું...

જ્યારે મારું દારિદ્ર્ય ટળશે, ત્યારે આવા જ એક વિશાળ સ્ટોરનો માલિક બનવાની મારી મહત્ત્વાકાંક્ષા છે અને તે પૂર્ણ કરીશ જ. અને મને સો ટકા ખાતરી છે કે તારા સ્ટોરમાં ગોઠવાયેલી ઉત્તમતાઓને નીરખતાં નીરખતાં મારું દારિદ્ર્ય પણ ટળશે જ.

# એ હું માગું છું

અંતરયામી!

તારા અને મારા સંબંધોને 'અભેદ'ની ઉચ્ચ ભૂમિકા સુધી વિસ્તારવા માટેનાં એક પ્રાથમિક પગલાં રૂપે આજની મંત્રણામાં હું એક દરખાસ્ત મૂકું છું.

તારી કૃપાના જાદુથી મારા દિલની દિવાલોમાં તારા પ્રેમની એક તીવ્ર વાસના તું ઊભી કરી દે...

એક પળ પણ તારા વિના મને ન ચાલે અને તારા વિના બીજા કોઇની મને ક્યારે'ય જરૂર ન ભાસે, તે ધન્ય સ્થિતિ મારા હૃદયની હું માગું છું.

હા, જેમ હવા વિના ક્ષણ પણ ન રહેવાય તેમ...જેમ અતિનિકટના મિત્ર વિના મિત્ર કે પ્રિયતમા વિના પ્રેમી પળ પણ વીતાવી ન શકે તેમ...

કોઇ 'ચેઇનસ્મોકર' સિગારેટ વિના, મિનિટે'ય કાઢી ન શકે તેમ...

તારા વિનાની મારી પ્રત્યેક ક્ષણ મને ગોઝારી લાગે. અને જેમ પસ્તીના કાગળની...કેળાનાં છોતરાની...સિગારેટના પેકેટની...બીડીનાં ઠૂંઠાની.

કે સળગેલી દિવાસળીની કાંડીની...
જરૂર સરતાં માનવી તેને ફેંકી દે છે...
તેના વિના તેનું કોઇ કામ અટકતું નથી...

તેની યાદ તેને નડતી નથી...તેના વગર તેને ખૂબ ચાલે છે... આસાનીથી ચાલે છે.

બસ તેમ જ...

તારા સિવાય
આ જગતની તમામ વ્યક્તિઓ...
આ જગતની તમામ વસ્તુઓ...
આ જગતના તમામ મોહજનિત સંબંધો...
આ જગતના તમામ સંયોગો...

મને બીલકુલ બીનજરૂરી લાગે...
તે કોઇની મને જરા'ય ગરજ ન રહે...
તે બધા વિના મને ગોઠે...

તે કોઇનું સ્મરણ મને ન સતાવે...
એ હું માગું છું...

આપણા બેના સંબંધો ને 'અભેદ'ની ઉન્નત ભૂમિકા સુધી વિસ્તારવા માટે મારા તરફથી આ બે શરતો છે.

આ બે શરતોને માન્ય કરી તું સહી કરી આપ...

પછી સર્વસ્વનાં સમર્પણની શરત મને માન્ય...

પછી...તુજમાં જ તન્મય હું...

પછી...તુજમય હું...

અને પછી તું જ હું.

હે નાથ,

બે સગા ભાઇઓ પણ પરસ્પર વિપરીત પ્રકૃતિવાળા હોય તો, તે બન્નેનો મેળ જામતો નથી.

તો,

તારો અને મારો મેળ પણ ક્યાંથી જામે ?

તું સર્વ ગુણોથી યુક્ત
અને સર્વ દોષોથી મુક્ત.
હું સર્વ દોષોથી યુક્ત
અને સર્વ ગુણોથી મુક્ત.

# ઝંખના

અંતરયામી!

આપ તો પરમ સૌંદર્યના પિંડ છો. આપનો દેહ એ તો વિશ્વનાં શ્રેષ્ઠતમ પરમાણુઓની નીપજ છે. ક્રોડો રૂપ એક સાથે કરવા સમર્થ એવા દેવોનું સામર્થ્ય પણ આપના એક અંગુષ્ઠની પ્રતિકૃતિ રચવા પાંગળું પુરવાર થાય છે. પણ, જ્યારે આપનો પ્રભાવ કાર્યાન્વિત થાય છે, ત્યારે એક સામાન્ય દેવ પણ આપની આબેહૂબ પૂર્ણ પ્રતિકૃતિ રચી દે છે. પરમાત્મન્! મારા આત્મ પ્રદેશોમાંથી મારે પણ આપની એક આબેહૂબ પ્રતિકૃતિનું સર્જન કરવું છે. બધો જ મામલો તૈયાર છે. માત્ર આપનો પ્રભાવ ખૂટે છે. નાથ! કરુણા કરીને આપના પ્રભાવને કાર્યાન્વિત કરો અને આપની એક આબેહૂબ પ્રતિકૃતિનું સર્જન કરી ઘો.

મારા આત્મપ્રદેશો આપનાં પ્રતિકૃતિત્વને ઝંખી રહ્યા છે.

હે ગુણસાગર!

મનમાં અરમાન છે સંયમસુંદરી સાથે લગ્ન કરવાનાં...

ચોરીમાં હસ્તમેળાપ કરી રહ્યા છો આઠ શ્રેષ્ઠીકન્યાઓ સાથે...

અને, લગ્ન કરી લીધા કૈવલ્યસુંદરી સાથે...

આવું કરનાર દુનિયામાં અપયશ પામે અને તમે તો મહાવિભૂતિ કહેવાયા!

કમાલ છે તમારી!

# ભવોભવ તુમ ચરણોની સેવા

અંતરયામી !

તું દિવ્ય પ્રકાશનો મહાપુંજ છે ! તારામાંથી અવિરત વહેતી દિવ્ય જ્યોતિને મેં ખૂબ માણી છે. કો'ક ધન્ય પળે દુન્યવી વ્યામોહનાં તુચ્છ કોચલાઓમાંથી બહાર એક ડોકિયું કરી મેં તારી સાથે દિવ્ય પ્રણય માણ્યો છે. મારા અસ્તિત્વને સર્વથા વિસરી મેં તને મારા સર્વસ્વનું સમર્પણ કર્યું છે. એક મનોહર ત્રાટક રચી મેં તારા નયનોની સાથે મારી બે આંખોનો મેળ કર્યો હતો. મારી નસોમાં વહેતા રુધિર કે મારી નાસિકામાં ચાલતા શ્વાસોશ્વાસથી પણ ત્યારે હું અજ્ઞાત હતો. તારા ચિત્તમાં મારો વાસ કરાવવાની એ દુર્લભ પળની પ્રતિક્ષામાં રડ્યા કરવા કરતા મારા ચિત્તમાં જ તને વસાવીને પરમ ધન્યતાનો અનુભવ માણવાની કલિકાલ સર્વજ્ઞની મીઠી શીખને અનુસરીને મેં મારા હૃદયાંગણમાં ભવ્ય તૈયારીઓ કરી. ક્ષમાવિજયજીને ડેકોરેશનનો કોન્ટ્રાક્ટ આપી દીધો અને મારું મનમંદિર એક દિવ્ય પ્રાસાદ બની ગયો. પંચાચારનાં બીછાનાની પચરંગી રચના વચ્ચે મૈત્રી ભાવનાની મનોહર શય્યા શોભી ઊઠી. ગુણમુદિતાની તળાઇ પર ઉપશમનો ઉત્તરપટો પાથર્યો. કરુણાભાવનો મઘમઘાયમાન ધૂપ પ્રગટાવ્યો અને પ્રાસાદ સુંગંધથી મહેંકી ઊઠ્યો. આત્મસ્થૈર્યનાં આસન અને તપના તકિયા ગોઠવ્યા. હવે, વિશ્વવત્સલ કેવા શોભશે? આત્મપાવિત્ર્યનાં કેસર છંટકાવ ખૂબ શીતલતા આપે છે. ક્ષમા, ઋજુતા, મૃદુતા અને નિર્લોભતા રૂપી પરિચારીકાઓ હોંશભેર વિભુને સત્કારવા ખડી થઇ ગઇ. ક્ષમા ચામર ઢાળવા લાગી, મૃદુતા પંખો વીંઝવા લાગી, ઋજુતાએ છત્ર ધર્યું અને નિર્લોભતા વિભુનાં પાય પખાળવા ઉત્સુક બની. સત્યસચિવને સેવા અને વિવેકની કુશળ કામગીરી સોંપી...પ્રિયતમના કંઠે વરમાળા આરોપવા શુદ્ધ ચેતના સોળ શણગાર સજી તત્પર બની.

અને વિભુ ! મારા આ સોહામણા મનોમંદિરમાં મહેર કરીને

તમે પધાર્યા ત્યારે નિજાનંદની પરમ મસ્તીને મેં કેવી માણી હતી? ત્યારે વિશ્વના મહાન શ્રીમંત નીઝામો, ફોર્ડો અને રોકફેલરો મારી પગની રજ હતા. હું વિશ્વનો શ્રેષ્ઠ શ્રીમંત હતો. પરમ આત્મ વૈભવનો હું સ્વામી હતો. સમગ્ર વિશ્વને ખરીદી શકાય તેવી ભક્તિની લોકોત્તર સમૃદ્ધિ મારી પાસે આવી હતી.

સમસ્ત ઇપ્સિતની દાયક આ ભક્તિની મૂડીનો માલિક બન્યા પછી ક્ષુદ્ર વાસનાના ધૂતારાઓ મારી પૂંઠે પડ્યા છે. દેવાલયોમાં ચાલતા અપ્સરાઓનાં દિવ્ય નૃત્યોને નિહાળવાની આંખોની ઉત્સુકતા દેવતાઇ ખોળિયું પામવા આ મૂડીનો સોદો કરવા મનને રીઝવવા લાગી. અનાદિકાળની દુઃખ ભીરુતાએ સત્તામાં પડેલી સહનાતીત વેદનાઓના આગાર સમી નરકોને ખેરવવાનાં શસ્ત્ર તરીકે આ મારી વિરલ મૂડીની માંગણી કરી. દુઃખ, પાપ અને સ્વાર્થભર્યા સંસારનો અંત લાવવાની પ્રશસ્ત વાસનાઓએ પણ આ મહામૂડી પર નજર બગાડી. સ્વરૂપરમણતાના સ્વામી બનાવાની તીવ્ર ઝંખનાએ પણ સળવળાટ શરૂ કર્યો અને હું ખૂબ મૂંઝાયો.

દેવતાઇ અપ્સરાઓની સ્પૃહાને સેવતી ક્ષુદ્ર વાસનાઓને તો મેં સ્પષ્ટ સંભળાવી દીધું કે વાઘરી પાસેથી દાંતણ ખરીદવા ફાટેલાં વસ્ત્રોના સોદા થાય કે, સાવ ફાટેલાં ઠીબડાં જેવા ભંગાર વાસણો જ શિંગ અને પિપરમિન્ટ માટે આપી દેવાય અને આ મારી મૂડી એ કોઇ ભંગાર નથી.

મારી આ ખુમારી જોઇ નરક નિવારણ માગતી દુઃખ ભીરુતા, સંસાર સમાપ્તિ માગતી વિરાગીતા કે મુક્તિની ઝંખના પણ સ્વયં દૂર હઠી ગયા.

પણ અનાદિનો માંગણિયો સ્વભાવ નથી છૂટતો એટલે માગું છું.

પ્રભુ! પળે પળે દિવ્ય રંગોથી વધુ અને વધુ જામ થતી સતત વર્ધમાન એવી તારી ભક્તિથી મારું હૈયું નિરંતર ભીનું રહ્યા કરે. ભવોભવ તારી ભક્તિ એ મારી વાસના બની રહે. સર્વ વાસનાઓથી ભલે મારી મુક્તિ થાય, પણ તારી ભક્તિની વાસનામાંથી તો હું ક્યારે'ય ન મૂકાઉં.

આજ મારી એક માત્ર ઝંખના છે.

# હવે તું જ મદારી બન

અંતરયામી!

મારી બહુ દયનીય દશા કહું?

મારું મન માંકડું છે...અને તેને નચાવનાર મદારી એક નથી પણ આખી દુનિયા છે. દુનિયા આખીનાં ડમરુથી એ નાચે છે. દુનિયાનો કોઇ પણ ખૂણો તેને પોતાની પાસે ખેંચી શકે છે. દુનિયાની કોઇ પણ વ્યક્તિ તેને નચાવી શકે છે. દુનિયાની કોઇપણ વસ્તુ તેને ચગાવી શકે છે!

નાથ! હું જાણું છું કે, મદારી વગર તો માંકડું સીધું રહેવાનું જ નથી. મારા મનમર્કટના મદારી પદે મારે તને સ્થાપવો છે.

મારા મન માંકડાનો મદારી હવે એક જ. મારા મન માંકડાનો મદારી હવે તું જ. કૂદી કૂદીને હવે એ તારા પર જ કૂદે, નાચી નાચીને હવે એ તારી આગળ જ નાચે. દોડી-દોડીને હવે એ તારી પાસે જ આવે. હવે એ તારું જ ટેવાયેલું, હવે એ તારું જ હેવાયેલું. હવે એ તને જ સોંપી દેવાયેલું. પણ...નાથ! શું કરું?

એ માંકડાનો મદારી હું નથી તેથી મારો આ નિર્ણય એ ક્યાંથી વધાવે? માટે નાથ! કાંઇક કર...

પહેલાં એ મારું બને, પછી એ તારું બને અને દુનિયાનું તો ન જ રહે!

# તું તો શરણું આપ !

અંતરયામી !

દુ:ખથી ત્રાસીને શરણું શોધવા જગત પાસે ગયો, જગતે મને તિરસ્કાર્યો. હું શરણું શોધવા ગયો, જગતમાં ક્યાંયથી મને શરણું ન મળ્યું. હું આશ્રય શોધવા ગયો. હું નિરાશ્રિત રહ્યો. પછી...મને સમજાયું કે-

જગતમાં કોઇ શરણભૂત નથી-તે અશરણ ભાવના ભાવતો તારી કને આવ્યો. તારા ખોળામાં મેં આંસુ ઠાલવ્યા. તારી પાસે પણ ખોળો પાથર્યો. તારી આગળ પણ મેં આરઝૂઓ કરી. તારી પાસે પણ શરણ યાચ્યું. પણ તું નિરુત્તર...તું મૌન...તારા તરફથી પણ આશ્રય નહિ! તું પણ મારું શરણ નહિ! હું ક્યાં જાઉં?

તારામાં અને જગતમાં ફરક શું? અશરણ ભાવનાનો વિષય મારે તને પણ બનાવવો? હવે કઇ કોર્ટમાં જઇને આનો ન્યાય માંગવો! તારાથી ચડિયાતું શરણભૂત તત્ત્વ ક્યું છે. તે તું જ બતાવ!

હે નાથ !

તારી આજ્ઞાઓ એટલે જીવનના માર્ગ પર ઊભેલો ટ્રાફિકપોલીસ. જીવનનાં ભારેકાય વાહનને પાપાચાર ભણી દોડતા અટકાવવાની તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અમે વાહન હંકારે રાખીએ છીએ. અમારો નંબર નોંધાઇ તો નથી જતો ને? અમને દંડ તો નહિ થાય ને ?

# અભ્યર્થના

અંતરયામી !

દુન્યવી પદાર્થોના વિષયસ્પર્શથી અભડાયેલી મારી ચામડીને પરમ ધન્યતાની ચરમ સીમાએ પહોંચાડતો તારો ચરણસ્પર્શ મળ્યો !

તુચ્છ વચનવ્યાપારમાં ઘસાઇ જતી મારી રસનાને પરમ માધુર્યનો આસ્વાદ પમાડતું તારું સ્તવન સાંપડ્યું !

સુગંધ દુર્ગંધનાં ત્રાજવે જગતને તોલતો મોદી બની જાત મારું નાક. પણ તેને જડી ગઇ તારા ગુણોની અલૌકિક સુગંધ !

રતિ-અરતિના પરાવર્તમાન ભાવોમાં ભટક્યા કરતી આંખો જગતના શ્રેષ્ઠતમ રૂપપિંડ તને જોઇને સ્થિર બની છે !

અને, મારી દુષ્પ્રાપ્ય શ્રવણશક્તિ પણ નિંદા અને વિકથાનાં શસ્ત્રોથી છેદાઇ જાત, પણ આપના ગુણોનું શ્રવણ મને મળ્યું !

અને, જડના ચિંતનમાં મારી વિચારશક્તિ નિરર્થક વેડફાઇ ન જાય, તે માટે જગતના અવ્વલ ચિન્ત્ય તત્ત્વ તરીકે આપ ઉપસ્થિત છો.

અને, મારા હૃદયનો નિર્મળ પ્રેમ સ્વાર્થના સૂકા રણમાં ઢોળાઇને રોળાઇ ન જાય, તે માટે આપ પરમોત્કૃષ્ટ પ્રેમપાત્ર બનીને ઊભા છો.

બસ આપને જ સ્પર્શ્યા કરું...
આપના ગુણોને જ સ્તવ્યા કરું...
આપના ગુણોની મહેંકથી જ ફૂલ્યા કરું...
આપને જ નિરખ્યા કરું...
આપના ગુણોને જ સાંભળ્યા કરું...
આપને જ ધ્યાયા કરું...
અને, આપનાં પાત્રમાં જ પ્રેમ રેડ્યા કરું...

# અંધાપાની યાચના

અંતરયામી!

''નમુત્થુણં ચક્ખુદયાણં'' જેવી સ્તુતિથી આપ સ્તવાયેલા છો, કારણ કે આપ દૃષ્ટિના દાતાર છો.

પણ...નાથ!

મારે આપની પાસે દૃષ્ટિ નથી જોઇતી, મારે તો અંધાપો જોઇએ છે.

હાલ મારી દૃષ્ટિ ખૂબ જ તેજ છે.

સેન્સિટિવ માઇક્રોસ્કોપ પણ ફેઇલ જાય, તેવા કોઇ પણ વ્યક્તિના સૂક્ષ્મતમ દોષ પણ મારી નજરે ચડી જાય છે.

કોઇપણ વ્યક્તિના ઝીણામાં ઝીણા અવગુણો મારી નજરથી ઓળખાઇ જાય છે.

મારી તેજ નજરમાં કોઇનો કાળો દાગ અછાનો રહેતો નથી.

આ મારી દૃષ્ટિનાં તીવ્ર તેજને કારણે મારું ઊજળું આત્મ-સ્વરૂપ અંજાઇને ઢંકાઇ ગયું છે.

માટે હવે તારી પાસે માગું છું કે મારી એ તીવ્ર દોષદૃષ્ટિનાં તેજ ઝાંખા પડે...મારી તે દોષદૃષ્ટિને એક કાળઝાળ અંધાપો લાગુ પડી જાય...

ચક્ષુના દાતાર પાસે અંધાપાની પ્રાર્થના કરવાની આશાતના બદલ ક્ષમા પ્રાર્થના.

હે નાથ !

આંતરશત્રુઓને હણીને મારે શત્રુઘ્ન બનવું છે અને બહારના કોઇપણ શત્રુઓ ઊભા જ ન થાય, તે માટે મારે અજાતશત્રુ બનવું છે. આપની કૃપા વરસાવજો.

# APPLICATION FOR SERVICE

To,
શ્રી અરિહંત દેવ,
નિસર્ગ મહાસત્તાના મહાસમ્રાટ.
પૂજનીય અરિહંત પરમાત્મા,

Re : આપશ્રીના હૃદયભુવનમાં દાસની નોકરી માટે અરજી.

આપનાં પરમ પવિત્ર ચરણારવિંદમાં સેવકની વંદનાવલી અવધારશોજી.

સવંદન જણાવવાનું કે, આપશ્રીનું હૃદયભુવન અત્યંત વિશાળ છે અને તેમાં દાસનો સ્ટાફ ગમે તેટલો વધે તો'ય નભી જાય છે, તેવું મારા સાંભળવામાં આવ્યું છે. હું એક 'ભવ્ય' નામના ખાનદાન કુળનો યુવક છું. ઘણાં કાળથી સાંસારિક વ્યક્તિઓ અને પદાર્થોનું દાસત્વ કરતો આવ્યો છું. પણ બધેથી અન્યાય અને દગો થવાથી, ખૂબ નાસીપાસ થયેલો છું. અત્યંત દિલદાર અને વિશ્વના શ્રેષ્ઠ ઇમાનદાર વ્યક્તિ તરીકેની આપશ્રીની ખ્યાતિ મેં સાંભળી છે. આપશ્રીના હૃદયભુવનમાં દાસની Post પર મને નિયુક્ત કરવામાં આવે, તેવી અત્યંત નમ્રભાવે હું અરજ કરું છું.

**Qualification :**

University of Universeની C.F.A. (Complete Faith in Arihant)ની પરીક્ષા પાસ કરી છે.

**Experience :**

સાંસારિક વ્યક્તિઓ અને પરપુદ્ગલોની ગુલામીનો અનંતકાળનો અનુભવ.

**Expectations :**

Salary : પ્રતિપળ અનંત કરુણા

Allowance : અપૂર્વ ચિત્ત સમાધિ

Special Facilities : આપશ્રીના વિશાલ હૃદયભુવનમાં જ રહેવા માટે એક કમરો.

આપશ્રીની સંપૂર્ણ વફાદારી માટે હું બાંહેધરી આપું છું. મારી નમ્ર અરજ પર સત્વરે ધ્યાન આપી યોગ્ય કરવા વિનંતી.

લિ...સેવકની વંદના

તા.ક. મેં સાંભળ્યું છે કે, આપના હૃદયભુવનમાં પાર્ટટાઇમ Job કોઇને મળતો નથી. તેથી Full-Time Service માટેની હું કબુલાત આપુ છું અને તેથી તમામ પરપદાર્થોના ગુલામપદેથી સર્વથા રાજીનામું આપી દેવા હું તૈયાર છું, તેની ખાસ નોંધ લેશોજી.

Encl.

૧. C.F.A. સર્ટિફિકેટ.

૨. આજ સુધી જેની ગુલામી કરી છે તેવા પરપદાર્થો તરફથી મળેલા વફાદારીનાં પ્રમાણ પત્રો.

ઓ સ્થૂલિભદ્રજી!

જગતના ચોકમાં તમે તો કામદેવને સખત પરાજય આપીને અને, અતિશય અપમાનિત કરીને ચાલ્યા ગયા. પણ, તે નાલાયક તમારા વેરનો બદલો અમ, તમારા નબળા વારસદારો પર લઇ રહ્યો છે. મારા પાંગળા સત્ત્વની શી ગુંજાઇશ ? બચાવો!

# એટલું તો જરૂર આપજે

અંતરયામી !

તારા અપ્રતીમ સાધનામાર્ગ પર હરણફાળ ભરીને દોડી

શકવાનું તો સામર્થ્ય નથી...પણ...

એટલું તો જરૂર આપજે...

તારા લોકોત્તર આત્મ વૈભવ પર...

તારા લોકોત્તર સાધના માર્ગ પર...

તારા લોકોત્તર યોગો પર...

તારા લોકોત્તર સંઘ અને શાસન પર...

સદા'ય મારા દિલમાંથી નર્યો અહોભાવ

નીતર્યા જ કરે...નીતર્યાજ કરે...તેના રેલાઓમાં

જ મારો અપાર કર્મમળ ધોવાઇ જશે.

આર્ય સંસ્કૃતિ એક પાંચાલી.

કાળ દુઃશાસન તેનાં વસ્ત્રો ખેંચી રહ્યો છે...

વ્યાપારમાં નીતિ,

હૃદયમાં દયા,

આંખમાં નિર્વિકારિતા,

વ્યવહારમાં શુદ્ધિ આદિ વસ્ત્રો

ખેંચાઇ રહ્યા છે...

કોઇ કૃષ્ણ તેના ચીવર પૂરશે ?

# મારી દૃષ્ટિ તારા પર ક્યાંથી ઠરે ?

અંતરયામી !

મને તો એક દિવસને વીંટળાયેલી બે ઘનઘોર રાત્રીઓ બેચેન બનાવે છે.

નિશાટાણે સૃષ્ટિને ઠંડા પ્રકાશથી ભરી દેતા ચન્દ્રનું કલંક મારી નજર સામેથી ખસતું નથી.

સમગ્ર સૃષ્ટિનો રખેવાળ આદિત્ય પ્રચંડતાના દોષથી મારા વડે નિંદાય છે.

દર્પણમાં પણ મને દાગ દેખાય છે.

સુંદર મનોહર કમળ પણ સંધ્યાટાણાંની ગમગીનીને કારણે મને અપ્રિય છે.

અડગ પર્વતમાં મેં નિંદવાલાયક કઠોરતા દેખી.
ગંભીર સમુદ્રમાં વખોડવા જેવી ખારાશ દેખી.
વહેતી સરિતામાં ચંચળતાને વખોડી.

અને સાચું કહું? હવે તો નિષ્ણાત બન્યો છું, વિશ્વની કોઇપણ વસ્તુની કાળી બાજુને શોધવાનો...

અને, એજ મારો વ્યાસંગ બન્યો છે...

અને તેના અન્વેષણ વિના ચેન પડતું નથી.

હવે, તું જ કહે...

લાખો પ્રયત્ન છતાં એક પણ કાળો દાગ તારામાં જોવા ન મળે, તો મારી દૃષ્ટિ તારા પર ક્યાંથી ઠરે?

# હું લૂંટારો...

અંતરયામી!

પંકાયેલો લૂંટારું છું હું...

'વાર' અને 'કાતર'નાં શસ્ત્રોથી 'કાપડિયા'નું તખલ્લુસ ધારણ કરીને ઘણાંને લૂંટ્યા છે.

'કાછિયા'ના વેશમા 'ત્રાજવા'ની ધારે લૂંટ્યા છે.

'સોની'ના લેબલમાં અગ્નિની સાક્ષીએ લૂંટારું બન્યો છું...

પણ આજે પસ્તાઉં છું...આજ સુધી આવી લૂંટ ચલાવીને,

કાંઇ મેળવ્યું નહિ.

નિર્ધનોને લૂંટીને શું મેળવવાનું?

આજે, નજર તારા પર પડી છે...

તારી તિજોરીમાં 'અનંતસુખ'નાં બંડલો પડ્યા છે, તે મેં જાણી લીધું છે.

તારા 'સેફ'નાં ખાનામાં અનંતજ્ઞાનની મૂડી પડી છે...

તારી પાસબુકમાં, અનંતનો આંકડો મને દેખાઇ ગયો છે...

બસ, આજે તને લૂંટવો છે...જીવનની આ છેલ્લી લૂંટ...

ચલ, ત્યારે બતાવ તારો માલ અને આપ તારી ચાવી...

અને...ભક્તિનાં શસ્ત્રથી મેં પરમાત્માને બેહોશ કર દીધા છે...

ચાવી મળી ગઇ છે...બસ તિજોરી ખોલું તેટલી વાર...

પછી મને કોઇ લૂંટારું ન કહેતા...

પછી...જેને લૂંટ આવડતી હોય તે આવજો મારી પાસે...

હું પણ લૂંટાવા તૈયાર રહીશ...

# તારો જાદુ અજમાવ

અંતરયામી!

મિથ્યાત્વને સમ્યક્ત્વમાં ટ્રાન્સફર કરતાં ટ્રાન્સફોર્મર જેવો એકાદ જાદુઇ મુક્કો મારા પર અજમાવજે!

અભિમાનનાં પૂતળાં ઇન્દ્રભૂતિને વિનયશિરોમણી બનાવનાર, એક જાદુઇ શબ્દ મારા માટે પણ સારજે... તારા મૌનના દ્વાર ખુલવાની રાહ જોઇને ક્યારનોય બેઠો છું.

'બુજ્ઝ બુજ્ઝ...'નો ઇલેક્ટ્રિક કરંટ મને પણે લગાવી દે. ક્રોધ અને ક્ષમાનાં જુગજૂના વેરનો અંત મારે મારામાં પણ જોવો છે.

સંગમથી પણ અધિક ક્ષુદ્રતા મારામાં જોયા પછી, મને મારામાં અભવ્યત્વની શંકા જાગી છે...સંગમની જેમ બે આંસુ મારા માટે પણ સારી દે જે...

એક મુક્કાથી મિથ્યાત્વનું સમ્યક્ત્વમાં રૂપાંતર થઇ જાય...

એક મીઠા શબ્દથી અભિમાન વિનયમાં પલટાઇ જાય...

હૃદયની નીતરતી કરુણાનાં બળે ક્રોધ ક્ષમા બની જાય...

વિશ્વના ખ્યાતનામ જાદૂગરની આવી અજબગજબની વાતો સાંભળીને જ...વિશ્વના બધાય દુર્ગુણો મારું એક જ સ્વરૂપ ધારણ કરીને તારી સમીપે આવ્યા છે...

એ જાદુઇ લાકડી મારા પર ફેરવવી પડશે.

## મળ પરિષહ ( ? )

અંતરયામી !

મારું દુબળું સત્ત્વ ક્યાં? અને તેં બતાવેલા દુર્જેય પરિષહો ક્યાં?

હું એ બધા આકરા પરિષહોને ક્યાંથી જીતી શકું?

પણ હા, મારા આત્મ પ્રદેશો પર કર્મમળના થોકડા બાઝતા જ જાય છે.

મલિનતાના થર ખૂબ જામતા જ જાય છે.

જોતાં જ જુગુપ્સા થાય તેવી મારા આત્મદ્રવ્યની હાલત છે. કારણ કે...મલિનતાના ઉકરડા ત્યાં જામ્યા છે. કષાયોનો કચરો બાઝી ગયો છે. સંજ્ઞાઓનો સડો ગંધાઇ ઊઠ્યો છે. અને...આ ગંદકી વધતી જ જાય છે. હું એનાથી જરા'ય નાખુશ પણ થતો નથી. હું તેને દૂર કરવા કોઇ દરકાર પણ સેવતો નથી. આને કોઇ મળ પરિષહ કહેવા તૈયાર હોય તો...મેં તેને જીતી જાણ્યો છે.

## તું અનાથ, હું સનાથ

અંતરયામી !

તારા જેવો ધીંગોધણી મારો નાથ છે...હું સનાથ છું.

અને નાથ !

તારે માથે તો કોઇ નાથ નથી.

તું અનાથ છે.

તારા કરતાં મારું સ્થાન વધુ ગૌરવપ્રદ છે.

મારું આ સ્થાન સદાય જળવાઇ રહો

તું અનાથ, સદાય મારો નાથ !

ને હું સદાય તારા થકી જ સનાથ !

# હું દયાપાત્ર

અંતરયામી !

એક મહાબુદ્ધિમાનને સામાન્ય પગારમાં કોઇ કચકચિયા શેઠને ત્યાં વૈતરું કરતાં જોયેલો, ત્યારે તેના પર કરુણા થયેલી.

એક ક્રોડોપતિ શ્રીમંતને કૃપણતાથી સાવ સાદગીમાં જીવતો જાયેલો, ત્યારે પણ કરુણા થયેલી.

પ્લેન અને રોકેટના યુગમાં કોઇ બળદગાડામાં અમદાવાદથી મુંબઇ જાય તો લોકો તેને પણ કરુણાપાત્ર માને છે.

અને આજે મારી જાત તરફ નજર કરી તો હું પણ મને એવો જ દયાપાત્ર જણાયો. તારું પરમ સાન્નિધ્ય છતાં, હું અશરણની જેમ બાહ્ય શરણોની શોધમાં ભટકું છું.

તારું પરમોત્કૃષ્ટ આલંબન છતાં ગુણ-દરિદ્રોના આદર્શો લઇને ફરું છું.

મહાસમાધિના અમૃતકુંભ જેવું તારું દર્શન ઉપલબ્ધ થવા છતાંય વિષાદ અને વ્યથાનાં પોટલાં જેવો હું રીબાઉં છું.

નાથ ! તારો...તારા શાસનનો, તારી આજ્ઞાનો, તારી કૃપાનો અને તારા માર્ગનો મને અંતરંગ સ્પર્શ ક્યારે થશે?

# ચિકિત્સા

અંતરયામી!

તું મહાવૈદ્ય છે.

હું મહારોગી છું.

એકાદ નહિ પણ સઘળાય આંતરરોગોએ મારામાં થાણા નાંખ્યા છે.

જરા'ક નહિ પણ પરાકાષ્ઠા સુધી તે સર્વ રોગો મારામાં વિકાસ પામ્યા છે.

સૂક્ષ્મથી માંડીને વિરાટ સુધીની સર્વકક્ષાના સર્વ રોગોનું હું ધામ છું અને તેથી મારું 'મહારોગી' બિરુદ સાર્થક છે. અને, હું મહારોગી તારી વૈદકશાળાના આંગણે આવી ઊભો છું.

તું હજુ મારી નાડી'ય હાથમાં લેતો નથી.

જડીબુટ્ટીઓ અને ઔષધિઓ પણ બહાર કાઢતો નથી.

સર્વશ્રેષ્ઠ રસાયણો અને ચૂર્ણો પણ મને બતાવતો નથી.

તું મહાવૈદ્ય કેવી રીતે?

સાધનાની અણુભટ્ઠીમાં મારે એવા એક ન્યુક્લિઅર બોમ્બનું સર્જન કરવું છે, કે જેનો વિસ્ફોટ થતાં આત્મભૂમિ પર ખડકાયેલી દુર્ગુણોની તોતિંગ ઇમારતો ધરાશાયી થઇ જાય.

# ગુણાનુરાગ અને ગુણાનુવાદ

અંતરયામી!

મને જેમ કોઇનો નાનકડો દોષ દેખાય છે...

તેમ નાનકડો ગુણ પણ દેખાય જ છે.

અને અન્યનો તે ગુણ મને ગમે પણ છે.

ન ઇચ્છું તોય મનોમન અનુમોદના પણ થઇ જાય છે.

પણ...

મને એનો ગુણ ગમી ગયો છે એની જાણ એને કે કોઇને થઇ જાય તે મને નથી ગમતું.

મારી સ્વરપેટીમાં અન્યના ગુણની સાચી પ્રશંસા માટેના શબ્દોનો દુષ્કાળ પ્રવર્તે છે.

તેનું નિવારણ થાય એમ છે?

મને સંપૂર્ણ સુખી કરવા સર્વ તીર્થંકરોએ ભાવના ભાવી...

ગુરુજનોએ પણ ઝાઝા પ્રયત્નો કર્યા...પણ, તેમાં માત્ર મારી સંમતિ ખૂટે છે. મારી સંમતિ મળે એટલી વાર. પછી હું સુખી.

# ક્ષમા પ્રાર્થના

અંતરયામી!

એ પોલિયો રોગના નિષ્ણાત ડૉક્ટર પાસે રોગીઓની મોટી લંગાર લાગે છે. તેના ઉપચારોથી રોગ ચોક્કસ ટળે છે, પણ તેના ઉપચારો દીર્ઘ ધીરજ માંગે છે.

બે-ત્રણ વરસની કસરતો અને માલિશ પછી દરદી રાહત અનુભવે છે, અને અત્યંત ધીરજપૂર્વક તેના ઉપચારો કરતાં દરદીઓને જોઇને મને આશ્ચર્ય થાય છે. પંદર મિનિટમાં પ્રેસર કૂકર ભોજન તૈયાર કરી દે છે અને બટન દબાવતાની સાથે મશીન કપડાં ધોઇ આપે તે જમાનામાં માનવીની આ ધૈર્યસાધના પ્રત્યે મને માન ઊપજે છે.

અને હુંય એક પોલિયો પેશન્ટ છું. તું કુશળ ડૉકટર છે. મારા સાધનાનાં એક એક અંગ લૂલા પડી ગયા છે. તારી બતાવેલી થોડી કસરત કરું છું. થાકી જાઉં છું...અધીરો થાઉં છું...અને, ફરિયાદ કરું છું. ''હજુય કેમ ફેર ન પડ્યો?''

નાથ ! પછી દોષ તને આપું છું અપવાદ તારો ફેલાવો છું. ''આ ડૉક્ટર બરાબર નથી, તેના ઉપચારો અકસીર નથી.'' પોલિયો પેશન્ટની ધૈર્ય સાધના જોઇને મને મારી ભૂલ સમજાઇ છે. આજ સુધી મેં કરેલા તારા અપવાદો બદલ ક્ષમાપ્રાર્થના.

# આટલું તો આપ !

અંતરયામી !

હજારો શ્રોતાઓની સભા સામે પાટ પર હું બેઠો હોઉં, મારી જીભના ઝુલા પર સરસ્વતી ઝૂલતી હોય અને મારા પ્રત્યેક શબ્દે તાલીઓના ગડગડાટ થતાં હોય...તેવી તે અદ્ભુત પ્રવચનનિપુણતા ભલે મને ન મળે.

પણ, નાથ...મારા મુખમાંથી એવો શબ્દ તો ક્યારે'ય ન નીકળે જે તારા વચનથી વિસંવાદી હોય,

જે કોઇના બોધિબીજનો દાહક હોય.

ભલે હું કલમની કળાઓથી આબેહૂબ ચિતાર કાગળ પર ઉતારી ન શકું, પણ મારા હાથે એવો એક અક્ષર પણ ક્યારેય ન લખાય જેથી તારા શાસનને સ્હેજ પણ નુકસાન પહોંચે.

હું મૂંગો ભલે રહું, પણ ઉત્સૂત્ર ભાષી તો ન જ બનું.

હું બુદ્ધુ ભલે રહું, પણ તારા પ્રત્યેક વચનને તર્કને ત્રાજવે જોખ્યા પછી જ સ્વીકારવાના આગ્રહવાળો હું ન બનું.

મારા કોઇ પણ વિચારથી,

મારા કોઇપણ શબ્દથી,

મારા કોઇપણ કૃત્યથી

તારા શાસનની શાનને ક્યારેય સ્હેજપણ ધક્કો ન પહોંચે,

ભલે હું પ્રભાવક ન બનું.

# દંભની વિષકણીઓ

અંતરયામી!

નાનો હતો ત્યારથી તારા મંદિરમાં આવીને રોજ બોલું છું

''નાથ! તારા જેવો મને બનાવજે.''

આ મારી પ્રાર્થનાનું રહસ્યોદ્‌ઘાટન આજે તારી પાસે કરું છું. હું તારા જેવો બનવા અંતઃકરણથી ઇચ્છું છું...પણ સંપૂર્ણ તારા જેવો નહિ, હા હું ઇચ્છું છું કે...હું જન્મુ ત્યારે મારી માતાની સુવાવડ કરવા પણ ૫૬ દિક્‌કુમારીઓ આવે, ખોળામાં પધરાવીને ૬૪ ઇન્દ્રો મને મેરુ શિખર પર બહુમાનથી નવડાવે, મારા અંગૂઠામાં ઇન્દ્ર અમૃત પૂરે અને હું ચૂસ્યા કરું. હું રજત, સુવર્ણ અને રત્નના ગઢ પર બિરાજમાન થાઉં, આઠ પ્રાતિહાર્ય મારા દાસ બને, ક્રોડો દેવતાઓ મારી સેવા કરે. હું ચાલું અને કાંટા ઊંધા થઇ જાય, હું ચાલું અને પગ નીચે સુવર્ણ કમળ ગોઠવાઇ જાય, હું બોલું અને સહુને ગમે. પણ, ના તારી કઠોર સાધના મને ન ફાવે. તારી અદ્‌ભુત ક્ષમા મને ન પરવડે. તારા તપ અને તિતિક્ષા મને ન ફાવે. તારી સરળતા અને નમ્રતા મને ન ગોઠે. તારો બાહ્ય વૈભવ સઘળો ખપે પણ, તારો ગુણવૈભવ જરાય ન ખપે. 'નાથ! તારા જેવો જ બનાવજે' એ મારી પ્રાર્થનાનું પોસ્ટમોર્ટમ કર્યા પછી અંદરથી આવી દંભની વિષકણીઓ નીકળી છે. તે જોઇને તું બેહોશ ન થતો!

# ઓલંભડા

અંતરયામી!

સમ્યગજ્ઞાનના ચશ્મા પહેરાવીને તેં આ સંસારનું બિહામણું સ્વરૂપ મને દેખાડી દીધું...

એક ક્ષણ પણ તેમાં રહેવું આકરું થઇ પડ્યું. તેથી તે છોડીને ચાલી નીકળ્યો...

મુક્તિનું લોકોત્તર સ્વરૂપ તારી પાસેથી જ જાણીને હવે હું તેને માટે તલપી રહ્યો છું...

એક ક્ષણ પણ દેહના પિંજરમાં આ આત્માને ગોઠે તેમ નથી...

સંસારને બિહામણો ઓળખાવીને તેમાંથી છોડાવ્યા...

મોક્ષનું સ્વરૂપ ઓળખાવીને તેને માટે અમને લલચાવ્યા...

તે મોક્ષનો મારગ બતાવીને તેના પર અમને ચડાવ્યા...

પણ, અમારી મંજિલ પર તો No Admission Nowનું બોર્ડ લાગેલું છે. આ અમારી ક્રૂર મશ્કરી નથી શું ?

''મુક્તિની પ્રાપ્તિ માટે પહેલું સંઘયણ જોઇએ'' તેવા બહાના અમારે સાંભળવા નથી.

''ક્ષપકશ્રેણી હમણાં લુપ્ત છે'' અમે વાણિયા છીએ. વ્યાપાર કરી કરીને દેણદારોના આવા બહાનાથી ટેવાઇ ગયા છીએ.

તારી પાસે પણ જો આવા જ જવાબ હોય તો-

''કાળ, સ્વભાવ, ભવિતવ્યતા એ સઘળા તારા દાસો રે, મુખ્ય હેતુ તું મોક્ષનો''

એ સબળ વિશ્વાસનો 'વિશ્વાસઘાત' નથી થઇ રહ્યો શું?

# પછી મારી ઝૂંપડી ભવ્ય મહેલ

હે નાથ!

તારું પરમ પ્રભુત્વ એટલે મહાભવ્ય રાજમહેલ! જેના એક એક ખંડમાં અનંત ઐશ્વર્ય દેદીપ્યમાન છે. જે મહેલની અદ્વિતીય શોભા સમગ્ર વિશ્વનું આભૂષણ બનેલી છે. જેના કિલ્લા, કાંગરા, ઝરુખા કે અંદર શોભતા સિંહાસનો અને મયૂરાસનોની ભવ્યતાની તો કલ્પનાથી જ સંતોષ માની લેવાનો! મુજ જેવા દરિદ્રને એ મહાભવ્ય રાજમહેલમાં પ્રવેશ મળે અને તેની અદ્વિતીય શોભા નિહાળવાની તક મળે તેની તો અભિલાષાય ક્યાંથી રખાય? તારા ભવ્ય હૃદય મહાલયમાં તો કો'ક વિરલ અને ધન્ય પુરુષોને જ પ્રવેશ કે સ્થાન મળે.

હું તો એક દ્રમક. મારું પામર અસ્તિત્વ એટલે એક તૂટીફૂટી ઝૂંપડી. આ ઝૂંપડીનો એક એક ખૂણો મારી પારાવાર દરિદ્રતાની ચાડી ખાઇ રહ્યો છે. અહીં કોઇ મયૂરાસનો કે સિંહાસનોય નથી. અહીં તો છે, મારી કારમી દરિદ્રતાના દસ્તાવેજી પુરાવા જેવા ઝાડનાં છાલાં.

હા...તારા ભવ્ય મહાલયમાં પ્રવેશ પામવાની મારા જેવા રાંકડાએ તો ઇચ્છાય ન કરાય.

પણ...વિભો! એવું ન બની શકે કે મારી જીર્ણ ઝૂંપડીમાં આપના પાવન પધરામણા થાય? મારી એ ઝૂંપડીમાં બિછાવેલા ઝાડનાં છાલાં પર આપ બિરાજમાન થઇ જવાની શક્યતા તો દુઃશક્ય નથી ને?

આપના ભવ્ય મહાલયમાં પ્રવેશ પામવાનો અનધિકારી હોવાથી હું મહાદુર્ભાગી છું.

પણ...કદાચ મારી ઝૂંપડીમાં અકસ્માતથી પણ આપના પધરામણા થઇ ગયા તો'ય હું તો સર્વોચ્ચ સદ્ભાગી!

પછી...મારી ઝૂંપડીમાં બીજું કોઇ પગ ન મૂકે તો'ય શું?

પછી...કોઇના પણ મહેલ બંગલામાં મને પ્રવેશ ન મળે તો'ય શું?

આપ પધારી જાઓ, પછી મારે બીજું કાંઇ ન જોઇએ.

પછી તો, મારી ઝૂંપડી એ ભવ્ય મહેલ!

# ઉપશાન્ત બનવું છે

અંતરયામી !

એક માણસ ખૂબ કમાતો ગયો. તેની તિજોરીમાં નોટોનાં બંડલ ઉપર બંડલ ગોઠવાતા ગયા, તે હરખાતો જ ગયો. અને અચાનક આવકવેરા ખાતાના અધિકારીઓ આવ્યા. કાયદાની કલમો બતાવીને સાબિત કર્યું કે તેની બધી આવક ગેરકાયદેસર છે. બધી આવક કબજે કરી લેવામાં આવી. નોટોનાં બંડલ જોઇને હરખાયેલો, પણ તેનો હર્ષ બહુ ન ટક્યો કારણ કે એ બધી આવક ગેરકાનૂની હતી અને તે માણસ કો'ક સલાહકારની શોધમાં હતો. હા, મેં પણ તપ કેટલો કર્યો! સ્વાધ્યાયનો આંકડો પણ જંગી છે. જપેય ઘણો કર્યો. વિનય અને સેવાય ખૂબ કરી.

એ આરાધનાઓના આંકડા જોઇને હુંય ખૂબ હરખાયો, ફૂલ્યો અને આવકવેરાના અધિકારીની અદાથી પર્યુષણાજી પધાર્યા...અને કાયદાની કલમ જેવું બારસાસૂત્રનું સૂત્ર મને બતાવ્યું...

**જો ઉવસમઇ તસ્સ અત્થિ આરાહણા**
**જો ન ઉવસમઇ તસ્સ નત્થિ આરાહણા ।।**

અને ખરેખર મારું હૃદય તો સર્વ પ્રત્યેના દ્વેષ અને દુર્ભાવનું મોટું ગોડાઉન છે, ક્રોધ કષાયનું પિયર છે...ધિક્કાર અને તિરસ્કારનું અતિથિગૃહ છે. એ એક જ કાયદાની કલમથી મારી સર્વ આરાધનાઓ ગેરકાયદેસર ઠરી ગઇ...હું તો મારી તિજોરીમાં આરાધનાઓનાં બંડલો જોઇને ફુલાઇ જતો હતો. પણ એ બધી આવક ગેરકાનૂની ઠરી. હવે એ બધી આરાધનાઓને કાનૂની ઠેરવવા મારે 'ઉપશમ'ની કાર્યવાહી કરવાની છે.

આ કાર્યવાહી ઘણી કઠણ છે. પણ કરવી જ પડશે, આટલી મોટી આવકને જતી તો ન જ કરાય ને? આ કાર્યવાહી કરવામાં તું મને શું મદદ કરી શકે તેમ છે?

# ખભાનું ઓપરેશન

અંતરયામી!

મારી નમસ્કારની સાધનામાં મારે એક સમર્થ ઉત્તરસાધકની જરૂર છે. મારી પસંદગી તારા પર ઢળી છે. હા, પ્રભુ, એટલે જ ૨૦ વર્ષો સુધી પૂજેલા તારા અંગુઠાનું ધ્યાન ધરીને બેઠો છું. 'ચરણ અંગુઠે રે મેરુ કંપાવિયો' ના ઇતિહાસનું તારે પુનરાવર્તન કરવું પડશે...

એ જ અંગુઠાથી તારી સામે ઊભેલા અહંકારના પર્વતના ચૂરેચૂરા કરી દે...

'હું' ના આ પર્વતની નીચે 'નમસ્કાર' નાં રત્નોની ખાણ પડેલી છે.

પ્રભુ, કો'ક બ્રાહ્મી-સુંદરીને મોકલી આપ. આ બાહુબલીના અક્કડ થઇ ગયેલા ખભાનું પ્લાસ્ટર કરવા. એમનાં જેવું હાડવૈદું અહીં બીજા કોઇને ફાવતું નથી...

મારા ખભામાં પહેલા સંઘયણનું હાડકું હોવાની મને શંકા જાગી છે...

હે નાથ!

કોઇ પણ પાપ પ્રવૃત્તિના પ્રસંગે મન, વચન અને કાયા એકાકાર બની જાય છે. પાપ પ્રવૃત્તિના દરેક અવસરે તેમની વચ્ચે કુસંપ થઇ જાય અને, એકાકારતા તૂટી જાય તેવો કોઇ ઉપાય બતાવો ને!

# પ્રભાવ

અંતરયામી!

સિનેમાનાં થિયેટર પાસેથી પસાર થાઉં છું, તો તેની બહાર પાઉંભાજી અને ભેળની લારીઓની મોટી લંગાર દેખાય છે.

તારા મંદિરની બહાર નીકળું છું તો બહાર ભિખારીઓની મોટી કતાર દેખાય છે. સિનેમાનાં થિયેટરની બહાર ભિખારીઓ નથી દેખાતા. તારા મંદિર કે ઉપાશ્રય બહાર પાઉંભાજી કે ભેળની લારીઓ નથી દેખાતી. તારા દર્શનથી દયાના પરિણામ જન્મે છે, માટે યાચકો તારા મંદિરની બહાર બેસવા ઇચ્છે છે. તારા દર્શનથી વિષયની વાસના શમે છે તેથી તારા મંદિરની બહાર ખાઉધરા ગલીનું સર્જન નથી થતું.

સિનેમાનાં થિયેટરમાં નિષ્ઠુરતા જન્મે છે, તેથી ભિખારી ત્યાં બેસવા ઇચ્છતા નથી. સિનેમામાં દર્શકની વાસના પ્રજ્વલિત થાય છે, તેથી લારીવાળાઓ તેના લાભ ઉઠાવે છે.

તારું મંદિર કરુણા ભાવનું પ્રસૂતિગૃહ.

મનોરંજનનાં સ્થાનો વિલાસિતાનાં પ્રસૂતિગૃહ.

હે નાથ!

મને મરણવા લાગુ પડ્યો છે. પળે પળે વિષય-કષાયની ખાઇમાં પટકાઇને મર્યા કરતો મરણિયો હું...

હું મરું નહિ ત્યાં સુધી જીવી શકું તેવા આશિષ આપીશ મને?

## વિસ્મરણ શક્તિ આપ

અંતરયામી !

તારા આગમો, શાસ્ત્રો અને સૂત્રો જોઇને થાય છે કે, આ બધાંયને સંપૂર્ણ કંઠસ્થ કરી લઉં. પણ મારી પાંગળી સ્મરણ શક્તિથી હું લાચાર છું. છતાં'ય અત્યારે તારી પાસે હું તીવ્ર યાદશક્તિની યાચના નથી કરતો.

કૃપા કરીને તું મને એવી વિસ્મરણ શક્તિ આપ કે, જેના પ્રતાપે કોઇનાં કડવા વચનો હું ક્ષણમાં જ ભૂલી જાઉં. કોઇના માઠા પ્રહારો પળમાં જ વિસરી જાઉં. તે કોઇની દુષ્ટ વર્તણુકો સંભારવા છતાં મને યાદ ન આવે.

સ્મરણ શક્તિ માટે આજના વિજ્ઞાને મેમરીપીલ્સ શોધી છે. તારી પાસે કોઇ ડિસ્મેમરી પીલ્સ હોય તો મને આપ.

## પથરો જોઇએ છે

ઓ શોભન મુનિ !

તમે ગોચરીમાં જે પથરો વહોરી લાવ્યા હતા તે જ્યાં પરઠવ્યો છે, તે સ્થાન બતાવશો? તે પથરાને મારે મારા ડાઇનિંગ હોલના એક શોકેસમાં દર્શનાર્થે ગોઠવવો છે.

કારણ-દાળમાં મીઠું ઓછું છે, રોટલી થોડી કાચી છે, ભાત થોડા કડક છે.

આવી બધી મને ખાતા ખાતા ખબર પડી જાય છે એટલું જ નહિ, આવું બને છે ત્યારે હું બીજાની ખબર પાડી દઉં છું.

# હું સુદામા

અંતરયામી!

હું નિર્ધન સુદામા...તું મહારાજા કૃષ્ણ.

હું અને તું બન્ને સાથે આ સંસારના આશ્રમમાં અનંતકાળ સાથે રહ્યા. સાથે જ સંજ્ઞાઓ અને વિષય-કષાયનો અભ્યાસ કર્યો...

આજે આપ તો મહારાજા બની બેઠા!
હું રહ્યો કંગાલ અને નિર્ધન...

આપના દરબાર સુધી આવવાની મારી હેસિયત પણ શું? હિંમત પણ કેવી રીતે કરું ? પણ મારી સુબુદ્ધિ પત્નીએ મને ખૂબ આગ્રહ કર્યો. ''તમારા જૂના ગોઠિયા છે...જરૂર તમારું દળદર ફેડશે.''

તેણે મને સાથે 'ભક્તિ'ના તાંદુલ બાંધી આપ્યા છે. મેં તેને કહ્યું' તું...''તે તો વીતદ્વેષતા, વીતરાગતા, આત્મરમણતા અને સર્વજ્ઞતા જેવા પકવાન નિત્ય આરોગે છે...તારા આ ભક્તિના તાંદુલ સામે જોશેય નહિ.''

છતાંય તેના અને મારા પ્રેમની મીઠાશથી ભરેલા તાંદુલ લાવ્યો છું. અને...અહો! અહોભાગ્ય! મારા આ તાંદુલ આપ બુકડા ભરી ભરીને કેવા આરોગો છો! બસ હું આમ આપને જોયા જ કરું! અત્યારે આપ કેવું અપાર વાત્સલ્ય અને પ્રેમાળ હૂંફ મને પીરસી રહ્યા છો...મારા રોમાંચ ખડા થઇ જાય છે...મારા અંતરમાં આજે આનંદ ઠેકડા ભરે છે.

સખા! આમ તો દળદર ફેડવાની આશાથી આવ્યો છું! પણ...આ તારી હાર્દિક ઊષ્મા અને અંતરંગ આશિષથી મોટી સમૃદ્ધિ કે તેનાથી ચડિયાતો વૈભવ મને જગતમાં કોઇ દેખાતો જ નથી. ના...હવે તો તારા જેવો રાજ્યવૈભવ કે બીજી કોઇપણ સંપત્તિ મને ન જોઇએ.

મારી ગરીબી ભલે મને મુબારક રહી. પણ...કાયમ આ ઊષ્મા અને આ હૂંફથી મને ભેટી પડજે...મને આલિંગન આપજે...મને જોયા કરજે.

અને...મારા તાંદુલ ખાયા કરજે.

હું તેનાથી જ ધન્ય...

હું તેનાથી જ સમૃદ્ધ...

હું તેનાથી જ શ્રીમંત...

પણ...ઘરે જઇને જોયું તો સુદામાની ઝુંપડી સોનાનો મહેલ બની ગયેલી. મારી બધીય અધમતાઓનું સ્થાન વિરાટ ઉત્તમતાઓએ લેવા માંડ્યું. કેવો ચમત્કાર !

હે નાથ !

જેના પ્રત્યે ગાઢ પ્રેમ હોય તેનો મોટો ગુનો પણ મામૂલી લાગે, તે માનવમનનું સનાતન વલણ છે. મારો ક્રોધ, મારો અહંકાર, મારી અસૂયા કે મારી ઉચ્છૃંખલતા મને બહુ ખૂંચતા નથી, કારણ કે તે ક્રોધ આદિ દુર્ગુણો પર મને બહુ પ્રીતિ છે. મારી દુર્ગુણો સાથેની પ્રીતિમાં ભંગાણ પાડે તેવા કોઇ નારદજીની જરૂર છે. મળશે ?

# તારી નજરે ચડવું છે

અંતરયામી!

રોજ જિનાલયમાં આવું છું. તારું દર્શન એ એક બહાનું છે. મારે તો તને મારા દર્શન કરાવવા છે.

તને મારા હૃદયમાં નિરંતર ધારી રાખું છું, કારણ તારા હૃદયની પાર્લામેન્ટમાં એક સીટ મારે પણ જોઇએ છે.

"જે કોઇ તાહરી નજરે ચડી આવે
કારજ તેહના તેં સફળ કર્યા છે"

તેવી તારી પ્રશસ્તિ સાંભળી ત્યારથી મંદિરે દરરોજ આવું છું. પણ તારી નજરે ચડવા...તારા દર્શન મને ન થાય તો કાંઇ નહિ...તારી નજરે હું ચડું તે જ મારો દાવ છે...

હે નાથ!

મારા મનનું માળિયું મોહજન્ય મલિન વિચારોને રહેવા ભાડે આપ્યું હતું. હવે તે માળિયામાં મારે શુભ વિચારોનો વાસ કરાવવો છે.

પણ, પેલા મલિન વિચારોએ માળિયું પચાવી પાડ્યું છે, ખાલી કરવાની ના પાડે છે.

આપ વકીલ તરીકે મારો કેસ લડી તે માળિયું ખાલી કરાવી આપશો?

# ઉપાલંભ

અંતરયામી!

આપ તો સર્વ દોષોથી સર્વથા મુક્ત છો. તેથી...દોષદૃષ્ટિ નામના મહાદોષથી પણ આપ મુક્ત છો...મને એ સમજાતું નથી કે દોષદૃષ્ટિ વિના આપને કેવી રીતે જણાયું કે...મારામાં અપાત્રતા નામનો દોષ પડ્યો છે?

કે જેથી-

આપ-

મારી અપાત્રતાને આગળ કરીને મારામાં આપના ગુણોનો વિનિયોગ કરતા નથી?

મારી અપાત્રતાને આપ આગળ કરો છો ત્યારે મારી દોષદૃષ્ટિ આપનામાં દોષદૃષ્ટિ હોવાની મને શંકા પાડે છે!

પારસમણિને પાંચ રૂપિયામાં વેચીને તે રૂપિયાના સિક્કાને હાથમાં રમાડતો રબારી હરખાય છે અને બાજુમાં ઊભેલો ડાહ્યો માણસ તેની મૂર્ખતા પર હસે છે. મહામૂલું સુકૃત આદર્યા પછી તેની ચોરે અને ચૌટે જાહેરાતો કરીને માનવી થોડા પ્રશંસાનાં પુષ્પોને ભીખે છે. પછી, ભીખેલા એ પ્રશંસાનાં પુષ્પોને સૂંઘીને મનમાં હરખાય છે. મોંઘેરા સુકૃત્યોને આવા ક્ષુદ્ર પ્રશંસાપુષ્પ ખાતર વેચતા આ મૂર્ખને જોઇને જ્ઞાની હસે છે.

# યાચના

અંતરયામી!

માગું છું...આપીશ?

હું તને નમું ત્યારે...

 મારું અંતર પણ નમે.

હું કોઇને ખમું ત્યારે

 મારું અંતર પણ ખમે.

અને, હું જ્યારે જમું ત્યારે

 અંતરથી જરાય ન જમું.

હું પુદ્ગલમાં રમું ત્યારે

 અંતરથી તો ન જ રમું.

જેવો તેવોય હું તને ગમું...

અને, હવે બહુ લાંબું હું

 ભવમાં ન ભમું.

કેટલાય સંઘર્ષો ખેલીને, સહિષ્ણુતા કેળવીને કે પરાક્રમો ખેડીને વિકાસના પંથ ઉપર દોડતો માનવી માર્ગમાં આવતા વિઘ્નોના કેટલાય ડુંગરાઓને પણ ટપી જાય છે, કે પ્રતિકૂળતાઓની ઊંડી ખાઇઓને પણ છલાંગ મારીને કૂદી જાય છે. આવા જબ્બર પરાક્રમી પુરુષો પણ પ્રશસ્તિપત્રની એક ઠેસ વાગતા ઊથલી પડે છે.

# હું દેવશર્મા બ્રાહ્મણ

વીર !

સમવસરણ પર આરૂઢ થઇને આપે ધર્મદાનનો ધોધ વહેવડાવ્યો ત્યારે હું દુર્ભાગિયો દેવશર્મા ચૌદરાજના કો'ક ખૂણામાં ભોગની ભીખ માંગતો ભટકી રહ્યો હતો.

આજે સમજણના ઘરમાં આવ્યો ત્યારે મારી સુમતિ પત્નીએ મને ઉપાલંભ આપ્યો. પણ હવે તો આપ સાક્ષાત્ ધર્મદાનની પ્રવૃત્તિ છોડીને સમવસરણ આદિ તમામ બાહ્ય ઐશ્વર્યનો ત્યાગ કરીને નિઃસંગી બની ગયા છો.

પણ મને આમ નિરાશ કરશો? દેવદૂષ્યના એક ટુકડાની જેમ આપના અનંત ગુણોમાંથી એકાદ ટુકડો તો મને ફાડી આપો. તોય મારું દળદર ફીટી જશે. જો કે, હું તો બ્રાહ્મણ છું. હમણાં એક ટુકડાની વાત. પછી પણ આપની પાછળ જ ભમીને બાકીના ટુકડા પણ લઇ જ લેવાનો છું. અને, એ બધા ટુકડા ભેગા કરીને 'પૂર્ણતા'નું અખંડ દેવદૂષ્ય પ્રાપ્ત કરી લઇશ.

આત્માર્થી વ્યક્તિ તો પિશાચથી ડરે તેમ પ્રશંસાથી ડરતો હોય છે. પ્રશંસાનો વરસાદ તેને પુષ્પવર્ષા જેવો નથી લાગતો પણ પથ્થરવર્ષા જેવો લાગે છે. તેથી વાગીને ઢીમડાં ન થઇ જાય તે માટે પ્રશંસાનાં વાદળો દેખાવા લાગે ત્યાં જ સરકીને રફુચક્કર થઇ જાય છે.

## હું ત્રિશલા

વીર!

હું ત્રિશલા છું.

મેં મારા હૃદયમાં તને ધારણ કર્યો છે પણ, તું આમ સ્થિર કેમ થઇ ગયો છે?

તારી કરુણા કાર્યાન્વિત કેમ નથી જણાતી?

અંદર તું જાગ્રત છે તેવી કોઇ પ્રતીતિ મને કેમ નથી જણાતી?

શું વીર મારા હૃદયમાંથી ચ્યવી ગયા હશે?

મારા હૃદયમાં રહેલા વીરને કોઇ બાધા પહોંચી હશે?

હૃદયમાં જામ થયેલા વિષય-કષાયનાં ઝેરી રસાયણોથી અંદરના વીરનું ગલન થઇ ગયું હશે?

વીર! તારા વિના મારું શું થશે? તું જ મારા હૃદયમાંથી ચાલ્યો ગયો?

મારા આ કાળા કલ્પાંતનો કાંઇક જવાબ તો વીર! તું આપ...તારી કરુણાને સક્રિય બનાવીને, 'તું મારા હૃદયમાં કુશળ છે, તને કોઇ બાધા પહોંચી નથી', તેની મને પ્રતીતિ તો કરાવ. કે, પછી-ખરેખર, મારા હૃદયમાંથી તું ચ્યવી ગયો છે???

## હું ચંડકૌશિક

વીર!

મારા હૃદયરૂપી અરણ્યમાં ભગવદ્ભાવ રૂપે આપ પધારી રહ્યા છો, પણ, હું ચંડકોશિયો, પ્રત્યે પળે, ક્રોધાદિ કષાયના ભયંકર ફુંફાડા અને ઝેરી ડંખ મારતો આપને અધમૂઆ કરી નાંખવા મથી રહ્યો છું. આપ હજુ મૌન કેમ ઊભા છો? ''બુજ્ઝ-બુજ્ઝ''ની અમૃતવર્ષા વરસાવી મારા વિષને કેમ ઓકાવી નાંખતા નથી?

# હું શૂલપાણિ

વીર !

હું શૂલપાણિ છું.

બધા લોકે આપને રોક્યા, કે-

'આ તો મહાભયંકર યક્ષ છે, આના હૃદયમંદિરમાં તમે ન પધારો' અને, ખરેખર તે વાત સાચી હતી. મારા હૃદયમાં કે જીવનમાં આવેલાં કોઇનેય મેં પરેશાન કર્યા વિના છોડ્યા નથી. છતાં'ય આપે કરુણા કરી અને, મારા હૃદયમાં આપ પધાર્યા. પણ, મેં કષાયના કાળોતરા નાગ વિકુર્વ્યા, અહંકારના હાથી વિકુર્વ્યા, આજ્ઞા ભંગના વીંછિયા ડંખ દીધા, અંદરની પશુવૃત્તિઓને ઉત્તેજિત કરીને જંગલી પશુઓ વિકુર્વ્યા. છતાં વીર ! આપ જરાય ચલિત ન થયા. ક્ષમા કરજો વીર ! મારા એ અપરાધોને. હવે, ઋજુતા, મૃદુતા, લઘુતા આદિ વાજિંત્રોનાં ગાન સાથે આજ્ઞાપાલનનાં મનોહર નાચ નાચીને મારે આપની ભક્તિ કરવી છે. હવે, મારા હૃદયમાં અને જીવનમાં પ્રવેશ કરવાનો કોઇનેય ડર નહિ લાગે.

# હું મિથ્યાત્વી દેવ

વીર !

કોઇપણ વ્યક્તિમાં રહેલો નાનકડો પણ ગુણ તારા જ ભંડારમાંથી આવ્યો છે.

પણ, કોઇનાય ગુણની પ્રશંસા થાય ત્યારે મારા હૃદયમાં શૂળ ભોંકાય છે. અને, તારી પરીક્ષા કરવા નાગ અને માયાવી બાળકનું રૂપ કરીને આવેલા પેલા મિથ્યાત્વી દેવની જેમ હું પણ તે ગુણી-વ્યક્તિની પરીક્ષા કરવા ક્યારેક ક્રોધ કે અસૂયાના કાળોતરા નાગનું રૂપ કરી લઉં છું. તો ક્યારેક માયાવી બાળક બનીને મારી પ્રચંડ દુર્ગુણકાયા પરથી તેને પછાડવા મથું છું. એકાદ મુક્કીના ફટકાની જરૂર છે. મારું મિથ્યાત્વ ચૂરેચૂરા થવા તૈયાર બેઠું છે.

# ચરણ-અંગુઠે રે મેરુ કંપાવિઓ

વીર !

હા, હું એ અજ્ઞાની ઇન્દ્ર છું.

મારા મનમાં જરાક શંકા ઊપની છે,

કે-

''આ પંચમ કાળમાં પ્રભુનો પ્રભાવ તો કેવો બાળક જેવો નિર્બળ હોય,

અને,

મારામાં તો બેઠા છે મહાકાય વિરાટ દોષો !

મારા એ વિરાટકાય દોષોને ઉખેડવા આ પંચમકાળમાં પ્રભુનો પ્રભાવ સમર્થ બનશે ખરો?''

પ્રભુ !

પ્રમાદવશ, મોહવશ કે અજ્ઞાનવશ

મારા મનમાં ઊપનેલી

આ ગલત શંકાનું નિવારણ કરવા-

આપની કરુણાનો અગુંષ્ઠ, મારા દુર્ગુણોના ડુંગરાને જરાક અડાડોને !

કડકભૂસ કરતા દુર્ગુણોનાં શિખરો તૂટી પડે...

પછી, મને કોઇ શંકા ન રહે!!!

મારા 'હું' નો દેહ ઘણો નાજુક છે.
જો, જો તેને તમારા કોઇ કઠોર શબ્દની
ઠોકર વાગી જાય...'

# હું દેવાનંદા

વીર !

હું દેવાનંદા બ્રાહ્મણી છું.

ક્ષુદ્ર અને નીચ મારી જાત,

મારા હૃદયમાં આપ પધાર્યા,

ખરેખર, મોટું અચ્છેરું થઇ ગયું. પણ,

ક્ષુદ્રના હૃદયમાં આપ પધારો

તે તો કુદરતના કાયદાની વિરુદ્ધ હોવાથી હું ભયભીત છું.

પ્રભુ !

કોઇ હિરણ્યગમૈષી આવીને મારા હૃદયમાંથી આપનું સ્થળાંતર કરી નાંખે તે પહેલા આપ જ એક ચમત્કાર કરીને ક્ષુદ્ર અને નીચ એવા મારું ઉમદા ને ઊચ્ચ તરીકે રૂપાંતર કરી નાંખો.

તો,

મારા હૃદયમાંથી આપનું સ્થળાંતર કરવાની કોઇ જરૂર નહિ રહે.

હે નાથ !

ક્રોધનો દાવાનળ મારી આત્મભૂમિમાં ક્યારેય ભભૂકી ન ઊઠે તે માટે પરદોષદર્શન, અહંકાર, અસહિષ્ણુતા, અપેક્ષા, દુરાગ્રહ આદિ ઇંધણોને આત્મભૂમિમાંથી ઉખેડીને ફેંકી દેવાનો મેં નિર્ણય કર્યો છે...આપની કૃપાનું બુલડોઝર મને આપશો ?

# હું તો મોટો મહાવીર !!

વીર !

ભરત મહારાજાએ જ્યારે જણાવ્યું કે

તમે ભાવિમાં વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર બનવાના છો, ત્યારે મરીચિના રૂપે રહેલા આપે કુળનો ગર્વ કર્યો.

મારી તો કોઇ જ હસ્તી નથી છતાં હું બેફામ ગર્વ કરું છું.

મરીચિના ભવમાં આપનાથી તો એક જ વાર બોલવામાં બફાટ થઇ ગયો.

મારા બફાટ તો બેફામ ચાલે છે.

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં આપે તો માત્ર શય્યાપાલકના કાનમાં સીસુ રેડ્યું. જેથી તેના કાનને જ ઇજા થઇ.

હું તો ધગધગતા લાવા જેવા વચનરસ કેટલાયના કાનમાં રોજ રેડું છું કે જેથી તેમના કાન સાથે હૃદય પણ દાઝી જાય.

આપે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં હાથના પંજાથી એક સિંહની જ છાતી ચીરી. હું તો શબ્દના પંજાથી કેટલાયની છાતીઓ અને હૃદય ચીરી રહ્યો છું.

મને લાગે છે કે,

હું તો આપના કરતાં પણ બહુ મોટો મહાવીર બનીશ!!!

અંતરયામી!

કરુણારસને સિંચી

મુજ જીવનક્યારામાં

સદાય લીલોછમ રાખજે તું, મને.

# જીર્ણોદ્ધાર

પ્રભુ!
મારું હૃદયમંદિર જીર્ણશીર્ણ થઇ ગયું છે.
આજ્ઞારુચિનું શિખર તૂટી પડ્યું છે.
ઔદાર્યનો વિશાળ ઘુંમટ ભાંગી પડ્યો છે.
સરળતાનો વિરાટ રંગમંડપ ખેદાનમેદાન થઇ ગયો છે.
મૈત્ર્યાદિ ચાર દિવાલો ધરાશાયી થઇ છે.
મૃદુતાનાં તોરણ ખંડિત થયા છે.
શુચિતાનું પ્રવેશદ્વાર કટાઇ ગયું છે.
વિવેકનાં પગથિયા સાવ તૂટી ગયા છે.
સમ્યકત્વનો પાયો પણ હચમચી ઊઠ્યો છે.
પણ પ્રભુ !
હવે જીર્ણોદ્ધાર કરીને મારા હૃદયમંદિરનું ભવ્ય પુનર્નિર્માણ કરવાનો મેં નિરધાર કરી લીધો છે.
પણ-
મને વહેમ છે કે,
એકવાર મારા હૃદયમંદિરમાંથી આપની ઉત્થાપના થશે તો
ગુણવૈભવની અનુપમ જાહોજલાલી મને ક્યારેય પ્રાપ્ત નહિ થાય.
તેથી, આપની સ્થાપના કાયમ રાખીને
મારા હૃદયમંદિરનો જીર્ણોદ્ધાર હું આરંભી રહ્યો છું.
પ્રભુ !
આપ સદાય પ્રતિષ્ઠિત રહેજો.

# કૃપાનો પ્રભાવ

હે વિશ્વાધાર ધર્મમહાસત્તા!

તારી અનંત કરુણાનો જાદુ સમગ્ર વિશ્વ પર કેવી અદ્‌ભુત કરામતો કરી રહ્યો છે!

ઓફિસમાં નિર્ધારિત સમયે નિત્ય ડ્યુટી પર ચડતા લિમિટેડ કંપનીના કોઇ ઓફિસરની જેમ નિત્ય ક્ષિતિજની કુટિરમાંથી વિરાટ ગગન પર દિનકરની સમયસર ફરજ પર ઉપસ્થિતિ એ તારી જ અનંત કરુણાનો જાદુ નથી?

મ્યુનિસિપાલિટીનું ઇલેક્ટ્રિસિટિ સ્ટેગરિંગ લાગુ પડ્યું હોય તેમ રોજ રાત્રે ચંદ્રપ્રકાશની માત્રા અને કલાકોમાં ફેરફાર કરે છે તેય તારી અપાર કરુણાનો પ્રભાવ જ માનવો ને? નહિ તો, તે ચંદ્રપ્રકાશથી નિયંત્રિત થતો દરિયો સ્વેચ્છાચારી બનીને કઇ હોનારત ન સર્જત?

હે કરુણાધન! તારી જ કરુણાના કરંટથી ઋતુઓનાં ચક્ર ફરે છે. તારી જ દયાના પ્રભાવે સાગર મર્યાદા જાળવે છે. તારા જ પ્રભાવે નિરાધાર પૃથ્વી પણ સ્થિર ઊભી છે.

હે કૃપાવતાર! તારી અસીમ કૃપા કાર્યાન્વિત થાય છે અને ધરતી લીલી ચાદરથી ઢંકાય છે, નદીઓ પાણીથી છલકાય છે, પવન વાય છે.

તારી જ કૃપા છે, તેથી કોયલ મીઠું ગાય છે.

તારી જ કૃપા છે, તેથી આંબો મીઠું ફળ આપે છે.

તારી જ કૃપા છે, તેથી મોરને મનોહર પીંછા ઊગે છે.

તારી જ કૃપા છે, તેથી કૂકડો મધુર ટહૂકે છે.

વિશ્વના દરેક ખૂણામાં જે કાંઇ શુભ છે, મનોહર છે, શ્રેષ્ઠ છે, તે બધુંય તારી જ કૃપાની દેનગી છે.

ગાયના પેટમાં ગયેલા નિઃસત્વ લીલા ઘાસને સાત્ત્વિક સફેદ દૂધમાં રૂપાંતરિત કરનાર વિદ્યુત્ તારી કરુણા જ છે.

નિસર્ગ મહાસત્તાની અદ્ભુત વ્યવસ્થા એ તારી કરુણાની જ કરામત છે.

ગુલાબની મનહર ફોરમ અને વિવિધ વનસ્પતિની વિધવિધ ગુણકારિતા તારા જ અનુગ્રહની નીપજ છે.

હે કૃપાસિંધુ! તારી જ કૃપાના પ્રભાવે હું શ્વાસ લઉં છું અને મૂકું છું.

તારી કરુણા છે માટે જ મુખમાં મૂકેલો કોળિયો અન્નનળીના બદલે શ્વાસનળીમાં અનાભોગથી પણ જતો નથી.

પેટમાં પડેલું અનાજ સુખરૂપ પચે છે, તે પણ તારી કરુણાનો જ પ્રભાવ હું સમજું છું.

શરીરમાં ચાલતી શ્વસનક્રિયા હોય, પાચનક્રિયા હોય કે રુધિરાભિસરણની ક્રિયા હોય, તારો મંગળપ્રભાવ જ તેનું ચાલક બળ છે ને?

શરીરનાં સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ તારા અનુગ્રહના પ્રભાવે જ સમયસૂચકતા જાળવી શકે છે. તેથી જ કાંટો વાગતા પગ સહજ ઉંચકાય છે, હોર્ન સંભળાતા સહજ બાજુ પર ખસી જવાય છે, સૂરજ સામે દૃષ્ટિ પડતા જ તે આપોઆપ ખેંચાઇ જાય છે.

આંખની કીકી પર વાળ કેમ ઊગતા નથી? કાન પર આંગળા કેમ ફૂટતા નથી? મૂછ હથેળીમાં કેમ ઊગતી નથી? દાંત ઢીંચણ પર કેમ આવતા નથી? આ બધા જ પ્રશ્નોનો ઉત્તર ‘‘ધર્મ મહાસત્તાની કરુણા’’ સિવાય બીજો શું હોઇ શકે?

તારી કરુણા ન હોત તો તીક્ષ્ણ દાંતો વચ્ચે ય કોમળ રસના સલામત રહી શકે ખરી?

માર્ગ પર બેફામ ચાલતા સેંકડો વેગનો અને ટ્રકો બાજુમાંથી

પસાર થઇ જવા છતાં એકેયની હડફેટમાં હું આવતો નથી, તે તારી કરુણાનો જ પ્રભાવ નહિ તો બીજું શું?

દુનિયામાં રોજ થતા હજારો આકસ્મિક મૃત્યુમાં મારો નંબર નથી તે તારી કૃપાનો જ ચમત્કાર.

તારી કરુણાથી જ હું જીવું છું, શ્વાસ લઉં છું, હું છું, ફરું છું, બોલી શકું છું, ખાઇ શકું છું, પી શકું છું.

તારી કરુણાથી બધુંય રૂડું જ થાય છે, બધું શુભ જ થાય છે. તારી કૃપાના પ્રભાવનો ધોધ તો સતત વહી રહ્યો છે.

પણ, હું જ્યારે તેનાથી વિમુખ બનું છું ત્યારે હું પણ રાગમાં રાચું છું, દ્વેષથી બળું છું, વિષયથી લેપાઉં છું, વ્યથાથી રીબાઉં છું, આંધીમાં અટવાઉં છું, આપત્તિથી ઘેરાઉં છું, સંતાપથી સળગું છું.

હે કરુણાવતાર ધર્મસત્તા! તારી કરુણાનો એવો પ્રભાવ મારા પર અજમાવ કે હું ક્યારેય તારાથી વિમુખ ન બનું.

### ચાલો, આપણે મૌનની ભાષા શીખીએ.

ઝીણવટથી નિરીક્ષણ કરશું તો ખબર પડશે કે દિવસમાં ૪ થી ૫ કલાક વ્યર્થ વાતચીતોમાં પસાર કરીને આપણે વચનશક્તિનો દુરુપયોગ કરી નાંખીએ છીએ.

એક કુશળ ટાઇપિસ્ટ મિનિટના ૮૦ શબ્દોની સ્પીડથી ટાઇપ કરી શકે છે. તેટલી જ આપણી બોલવાની ઝડપ ગણીએ તો પણ દિવસના ૨૪૦૦૦ અને વર્ષે દહાડે ૮૫ લાખથી વધુ શબ્દોને વ્યર્થ વેડફી નાંખીએ છીએ. આપણને મૌન શીખવવા જ્ઞાનીઓએ વ્યય કરેલા હજારો શબ્દો દુર્વ્યય ન બની જાય તે માટે પણ આપણે મૌનની ભાષા શીખીએ.

# મરુદેવાની મુલાકાત

હે મરુદેવા માતા!

અવ્યવહાર રાશિથી બહાર નીકળીને ટૂંક સમયમાં જ આ સંસારને આખરી અલવિદા આપીને નિર્વાણપુરીમાં આપ ચાલતા થયા!

આપે તો મહાભયાનક નરકાવાસોની મુલાકાત પણ ક્યાં લીધી છે? તે દુઃખોને ચાખ્યા વગર આપને આ સંસાર દુઃખમય છે અને તેનાથી મુક્ત થવા જેવું છે તે ક્યાંથી જણાયું? પશુલોકની એક પણ ટુર તો આપે લગાવી નથી, તે આકરી પરાધીનતાને અનુભવ્યા વગર તેમાંથી મુક્ત થઇ જવાનું ડહાપણ આપને ક્યાંથી સૂઝ્યું?

દેવલોકની એકવાર પણ સફર કરીને દૈવી વૈભવોનો સ્વાદ તો આપે ચાખ્યો નથી. તો એ દૈવી સુખોમાં પણ કોઇ માલ નથી તેવું સંવેદન આપને કેવી રીતે થઇ ગયું?

ખરેખર, કમાલ કરી છે આપે તો-

વ્યવહારરાશિના આ અલ્પતમ ભ્રમણમાં ત્રસ તરીકેનો આપનો માત્ર એક જ ભવ-પણ કેવો ભવ્ય? ભવચક્રમાં માત્ર એક જ માતા આપે: કરી-

તે આપની ભવચક્રની સહુથી પહેલી (અને છેલ્લી) માતા અને, તેની કૂખે જન્મ લીધા પછી-

આપ પણ ભગવાન ઋષભદેવની ભવચક્રની સહુથી છેલ્લી માતા બન્યા...કેવું પરમ સૌભાગ્ય આપનું? અને, આ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાંથી સહુ પ્રથમ મોક્ષે જવાનું આપનું સર્વોચ્ચ સદ્ભાગ્ય તો કેવું મહાન!

ભરતક્ષેત્રમાં મોક્ષે જવાનું નેતૃત્વ એક નારીએ લીધેલું છે, તેવું ગૌરવ લઇને આખા વિશ્વનો સ્ત્રીવર્ગ કરી શકે તેવું મહાપરાક્રમ આપે કર્યું છે!

# ચરણોનું પ્રક્ષાલન

હે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા!

આ બધાએ તો આપના સ્વર્ગારોહણની ત્રિશતાબ્દિ ઊજવી દીધી, અને, મેં તો આપને ગ્રન્થોના ન્યાયાલયમાં એક કુશળ ધારાશાસ્ત્રીની અદાથી કુમતના સિદ્ધાન્તોનો જડબેસલાક રદિયો આપતા નજરોનજર જોયા હતા...મને લાગે છે કે-

ચિતાની જ્વાલાઓ મા શારદાના અશ્રુપ્રવાહની ભીષણ જલધારાથી શમી ગઇ હશે અને આપ ગ્રન્થાગારોની રેશમી પોથીઓમાં ભરાઇ ગયા હશો, ગમે તે હોય-

પણ, આપને મૃત કોણ કહે?

અને, એક વાત પૂછું?

જેની ગંધમાત્રથી કુવાદીઓ મૂર્છિત થઇ જાય તેવા એ વેધક ગ્રન્થો આપે શું ક્લોરોફોર્મની શાહીથી લખ્યા હતા?

અને, જેને ગાતા ગાતા આંખોમાંથી ભક્તિભીની અશ્રુધારા સહજ નીતરી પડે તે સંવેદક સ્તવનાઓ આપે ટિયરગેસની શાહીથી તો નહોતી લખીને?

આપના ગ્રન્થોના પ્રત્યેક શબ્દમાંથી નીતરતા શાસનરાગના ચોળમજીઠ રંગથી રંગાઇને, આપની સ્તવનાઓમાંથી ઝરતા મધુર પરમાત્મપ્રણયને આસ્વાદીને, અને, આપે અવધારેલા મા શારદાના અપાર અનુગ્રહને અભિનંદીને, અંતે-આપની બેજોડ બુદ્ધિ પ્રતિભાના દસ્તાવેજી પુરાવા જેવા અદ્વિતીય ગ્રન્થરત્નો કઠિન અને ક્લિષ્ટ ગણીને અવગણવાના અપરાધની ક્ષમા પ્રાર્થનાનાં અશ્રુબિંદુઓથી આપનાં ચરણોનું પ્રક્ષાલન કરું છું.

# પર્વાધિરાજ પર્યુષણાજી

જૈન શાસ્ત્રોમાં ઘણાં પર્વો બતાવ્યા છે.
પણ, તહેવાર કોઇ નહિ.
તહેવાર અને પર્વમાં બહુ મોટું અંતર છે.
તહેવારમાં હવેલી પર રોશની કરવામાં આવે છે.
પર્વ હૈયામાં રોશની પ્રગટાવવા માટે છે.
તહેવારમાં ખાન-પાન અને મોજ-મજાની મહત્તા છે.
પર્વમાં તપ-ત્યાગ અને પાપ-નિવૃત્તિનો મહિમા છે.
તહેવારની ઉજવણીમાં, ભજવણી અને પજવણી જ થાય છે.
પર્વની તો આરાધના અને ઉપાસના હોય છે.
તહેવારમાં ફટાકડા ફૂટે,
પર્વમાં રાગ અને દ્વેષ તૂટે.
તહેવારમાં પતંગો ઊડે,
પર્વમાં આત્મા શુભ અધ્યવસાયોના વિરાટ વ્યોમમાં ઊડે.
તહેવારમાં હોળી સળગે,
પર્વમાં કર્મોની હોળી થાય.
તહેવાર રાગની વૃદ્ધિ કરે,
પર્વ વૈરાગ્યની વૃદ્ધિ કરે.
તહેવાર આત્માને બહારમાં લઇ જાય છે,
પર્વ આત્માને સ્વગુણોમાં સ્થિર કરે છે.

# પર્યુષણા-એક ટ્રાન્સફોર્મર

પાવરહાઉસમાં ઉત્પન્ન થતી વીજળી હાઇવોલ્ટેજની હોય છે. તે જ રૂપમાં જો તેને ઘર-ઘરમાં પહોંચાડવામાં આવે તો રોશની ન થાય, ભડકા જ થાય. પરંતુ, તેને ટ્રાન્સફોર્મરમાંથી પસાર કરીને વોલ્ટેજ ઘટાડવામાં આવે છે, તેથી કોઇ હોનારત સર્જાતી નથી.

ભારેકર્મી આત્મા પોતાના વર્તમાન જીવનમાં અને પરલોકમાં મહાભયંકર હોનારતો સર્જનારો બની રહે છે. પણ, પર્યુષણાજી એક અદ્ભુત ટ્રાન્સફોર્મર છે. ભારેકર્મી આત્મા ઉપર પણ આ આઠ દિવસના પર્વની આરાધનાથી એવી પુનિત પ્રક્રિયાઓ થાય છે કે તે લઘુકર્મી બને છે.

પર્વનાં પાંચ કર્તવ્યોનું પાલન, વાર્ષિક ૧૧ કર્તવ્યોનું શ્રાવણ, શ્રીકલ્પસૂત્રજીનું પવિત્ર શ્રાવણ, પરમાત્મા મહાવીરદેવના લોકોત્તર ચરિત્રનું શ્રાવણ...પરસ્પરની હાર્દિક ક્ષમાપના. આ બધી એવી વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ છે, જે ભારેકર્મી આત્માને પણ લઘુકર્મી બનાવે છે. ખરેખર, પર્યુષણાજી એટલે ભારેકર્મી આત્માને લઘુકર્મી બનાવતું ટ્રાન્સફોર્મર.

- **પ્રશ્ન : વીસમી સદીના માનવીનાં જીવનની સૌથી મોટી હોનારત કઇ ?**

  જવાબ : જીવનધ્યેયનું વિસ્મરણ.

# પર્યુષણા એક હોસ્પિટલ

મને દ્વેષભાવની એક ભયાનક ગાંઠ થઇ. તે ગાંઠની વેદનાથી હું ત્રાસ્યો. ઓપરેશન દ્વારા ગાંઠ દૂર કરવાનો મેં નિર્ણય કર્યો.

પણ, તે માટે તો હોસ્પિટલમાં એડમિટ થવું પડે.

હું પર્યુષણા નામની હોસ્પિટલમાં એડમિટ થયો.

સફળ ઓપરેશન માટે તો હોસ્પિટલનું વાતાવરણ સ્ટેરિલાઇઝ્ડ જોઇએ.

'અમારિ પ્રવર્તન'નું કર્તવ્ય અદા કરીને મેં વાતાવરણને સ્ટેરિલાઇઝ્ડ કર્યું.

રોગમુક્ત થવા માટે પહેલા તો રોગ પ્રતિકાર દવા લેવી પડે.

મારા રોગનું નામ હતું દ્વેષ દ્વેષનો પ્રતિકારક છે પ્રેમ.

તેથી મેં સાધર્મિક વાત્સલ્ય રૂપી રોગ પ્રતિકારક ઔષધનું સેવન કર્યું.

ઓપરેશન ભરેલા પેટે તો ન થાય, Fast કરવા પડે.

અઠ્ઠમતપ કરીને મેં ત્રણ દિવસનો ફાસ્ટ કર્યો.

પછી,

અત્યંત સૂક્ષ્મતાથી 'ક્ષમાપના' નું ઓપરેશન થયું અને દ્વેષની ગ્રન્થિ દૂર થઇ.

પણ, અત્યાર સુધી આ રોગની અસરને કારણે આત્મામાં ઘણી નિર્બળતા આવી ગઇ હતી. તેથી, ટોનિકની જરૂર હતી.

અરિહંતના અનુગ્રહ રૂપ ટોનિકના સેવન માટે મેં ચૈત્યપરિપાટીનું કર્તવ્ય બજાવ્યું.

પછી થયો હું દ્વેષરોગથી મુક્ત.<br>
પછી થયો હું ગુણગણથી પુષ્ટ.

# કર્મના મર્મને ભેદનારું પર્વ

પર્યુષણાજી તો કર્મના મર્મને ભેદનારું પર્વ છે. કર્મનાં મર્મ બે છે-એક રાગ, બીજો દ્વેષ. રાગને ભેદવાના બે અમોઘ ઉપાય છે.

૧. ઇચ્છાનો નિરોધ કરો.

૨. અપ્રશસ્ત રાગને પ્રશસ્ત રાગમાં રૂપાંતરિત કરો.

પર્યુષણાજીના અઠ્ઠમતપના કર્તવ્ય દ્વારા ઇચ્છાનો નિરોધ થાય છે અને આહારાદિનો રાગ તૂટે છે.

સાધર્મિક ભક્તિના કર્તવ્ય દ્વારા હૃદયમાં ઊભો થતો સાધર્મિકો પ્રત્યેનો ધર્મરાગ અપ્રશસ્ત રાગને તોડે છે.

વિશ્વનું શ્રેષ્ઠતમ પ્રેમપાત્ર એટલે અરિહંત પરમાત્મા. વીતરાગ પરમાત્મા પ્રત્યેનો રાગ ઊભો કરવા ચૈત્યપરિપાટીનું કર્તવ્ય છે. વીતરાગનો રાગ પુદ્ગલના રાગને ઓગાળે છે.

અને-દ્વેષબીજના ઉચ્છેદ માટે પર્યુષણાજી બે કર્તવ્યો ફરમાવે છે. અમારી પ્રવર્તનનું કર્તવ્ય પાળતા સકલ જીવસૃષ્ટિ પ્રત્યેનો અદ્વેષ પરિણામ ઉત્પન્ન થાય છે. અને, કોઇના પણ પ્રત્યે અંતરમાં જામેલા દ્વેષ અને દુર્ભાવને દફનાવવા પર્વાધિરાજ ક્ષમાના આદાન-પ્રદાનની અદ્ભુત આરાધના પ્રરૂપે છે.

આમ, પર્વાધિરાજની આરાધનાથી<br>
રાગ પણ ભેદાય,<br>
દ્વેષ પણ ભેદાય.

# પાંચ કર્તવ્યો અને ચાર ધર્મ

દેવરચિત સમવસરણ પર આરૂઢ થઇ અરિહંત પરમાત્મા ચાર મુખે દેશના આપીને ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરે છે.

૧. દાન.

૨. શીલ

૩. તપ

૪. ભાવ

પર્યુષણાજીનાં પાંચ કર્તવ્યોના પાલનમાં આ ચારે'ય ધર્મની આરાધના છે.

૧. દાન: સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન છે, અભયદાન. અમારિ પ્રવર્તનનું કર્તવ્ય અભયદાનની ઘોષણા કરે છે. સાધર્મિક ભક્તિ પણ પ્રદાનના સંસ્કારોને દૃઢ કરે છે. સાધર્મિક એ દાન માટેનું સુપાત્ર છે.

૨. શીલ : ઇન્દ્રિયોના નિગ્રહથી આત્મામાં શીલનું સૌંદર્ય ખીલે છે અને શીલના સુપાલન માટે રસનેન્દ્રિયનો નિગ્રહ તો અત્યંત આવશ્યક છે. અઠ્ઠમતપથી રસના નિગૃહીત થતા શિયલશુદ્ધિ વધે છે.

૩. તપ : અઠ્ઠમ તપનું કર્તવ્ય ઇન્દ્રિયનિગ્રહ દ્વારા શીલધર્મની સ્થાપના તો કરે જ છે. તદુપરાંત, પરમાત્માએ ફરમાવેલા તૃતીય તપધર્મની પણ આ અઠ્ઠમ તપથી આરાધના થાય છે.

૪. ભાવ : ચૈત્યપરિપાટી દ્વારા પરમાત્મ ભક્તિ, બીજી સાધર્મિક ભક્તિ અને ક્ષમાપનાના કર્તવ્ય દ્વારા પરસ્પરના વૈરનું વિસર્જન...આ ત્રણેય કર્તવ્યોના પાલનથી શુભ અધ્યવસાયોમાં જ આત્મા રમ્યા કરે છે.

# પશુમાંથી પ્રભુ બનાવે પર્યુષણા

હું આત્મનિરીક્ષણ કરી રહ્યો હતો. મારી જાત મને ભયાનક પશુતુલ્ય લાગી. પાંચ પાંચ ભયાનક પશુતાઓને મેં મારામાં ખાબકેલી જોઇ.

હિંસકતા તો વાઘ-વરુ અને ચિત્તા જેવા પશુઓમાં હોય. અંતરમાં રમતા હિંસકભાવોથી હું મને ભયાનક પશુ જેવો જણાયો.

બીજાના મુખમાંથી ઝૂંટવી લેવાની વૃત્તિ તો કૂતરા જેવા પશુઓમાં હોય. બીજાનું આંચકી લેવાની વૃત્તિ તો મારામાં પણ પડી હતી. તો શું હું પણ કૂતરા જેવો પશુ?

જાતિ વૈર એ પશુસ્વભાવ છે. સાપ-નોળિયો, ગજ-ગ્રાહ, ઉંદર-બિલાડી આદિના વૈર સનાતન હોય છે. વૈર અને દ્વેષના અગ્નિથી તો હું પણ બળી રહ્યો છું.

ખાઉ ખાઉની ભયાનક આહારસંજ્ઞા પશુને સતાવતી હોય. તેથી ભક્ષ્યાભક્ષ્યના, પેયાપેયના, કાળ-અકાળના કે સ્થાન-અસ્થાનના વિવેક વગર પશુ ખાવાની પ્રવૃત્તિ કરતા હોય છે. મારા જીવનમાં પણ તે વિવેક ક્યાં છે? મને પણ આહારસંજ્ઞા કેટલી પીડે છે? તો, તો આ પશુતા પણ મારામાં પડેલી છે.

અને, લક્ષ્યહીનતા એ પશુવૃત્તિ છે. કોઇ પણ ઉન્નત ધ્યેય કે લક્ષ્ય વિનાનું પશુનું જીવન ચાલ્યા કરે. મારા જીવનમાં પણ કોઇ ઉન્નત ધ્યેય ક્યાં છે?

આ પાંચ પશુતાઓનાં મારામાં દર્શન કરીને હું ખૂબ ગભરાયો. તે પશુતાનું નિવારણ કરવા હું ખૂબ ઉતાવળો બન્યો. દોડતો દોડતો હું પર્યુષણાજીના શરણે પહોંચ્યો. મારી પાંચ પશુતાઓ દૂર કરવા આ પર્વાધિરાજે મને પાંચ ઔષધ આપ્યા.

'અમારી પ્રવર્તન'ના ઔષધથી મારી હિંસકતા નામની પશુતા ટળી.

'સાધર્મિક ભક્તિ'ના ઔષધથી 'ઝૂંટવી લેવાની વૃત્તિ' ટળી.

'ક્ષમાપના'ના ઔષધથી 'વૈરભાવના'ની પશુતા ટળી.

'અઠ્ઠમ તપ' ના ઔષધથી ખાઉ ખાઉની વાસનાને મેં જીતી

અને 'ચૈત્યપરિપાટી'ના ઔષધ દ્વારા પરમાત્મપદને મારા જીવનનું ધ્યેય બનાવીને 'ધ્યેયહીનતા' નામની પશુતાને મેં ટાળી.

પર્યુષણાજીએ તો કમાલ કરી દીધી.

મને પશુ મટાડીને પરમાત્મપદના માર્ગ પર ચડાવી દીધો.

## ગજબનો ચમત્કાર

મહાકાલ મંદિરમાં સૂતેલા સિદ્ધસેન દિવાકરસૂરિજીના બરડા પર કોરડા વીંઝાયા અને વિક્રમ રાજાનાં અંતઃપુરમાં રાણીઓના બરડા પર સોળ પડ્યા, રાણીઓ વેદનાથી રાડો પાડવા લાગી.

મહાભારતની એક દંતકથામાં પણ સંભળાય છે કે ભીમ ભોજન કરતો અને શકુનિને સંડાસ જવું પડતું,

આવા ચમત્કારોની વાતો સાંભળી ત્યારે વિસ્મયની દુનિયામાં ખોવાઇ ગયેલો.

પણ, આજે તેવું જ મહાન આશ્ચર્ય મેં નજરે જોયું.

તે ભાવવિભોર બનીને પરમાત્માનું પ્રક્ષાલન કરી રહ્યો હતો ત્યારે સ્નાન પ્રભુજીનું થતું હતું અને કર્મમળ તેના ધોવાઇ રહ્યા હતા.

અભિષેક પ્રભુનો થતો હતો અને શુદ્ધ તે પોતે થતો હતો.

આ તો કેવો મહાન ચમત્કાર.

# અંગારો બિચારો શું કરશે ?

પ્રજ્વલિત લાલચોળ એક અંગારો.
સગડીમાંથી ઊડીને બાજુની જમીન પર પડ્યો.
પણ, તે જમીન તો હતી સાવ સ્વચ્છ.
ત્યાં તો એક તણખલું પણ નહોતું.
તણખલાં વગરની સ્વચ્છ ભૂમિ પર પડેલો
આ અંગારો બિચારો!
થોડી વાર પ્રજ્વલિત રહીને સ્વયં ઠરી ગયો.
ક્રોધના અગ્નિથી ભડભડતી સગડી જેવો તે ક્રોધી.
ક્રોધનો એક અંગારો ઊઠીને પડ્યો-
ક્ષમાધન એક વિભૂતિના જીવન પ્રાંગણમાં.
પણ તે તો હતું આવ ચોખ્ખું,
પ્રતિકારના કોઇ લાકડાં તે તણખલાં ત્યાં નહોતા.
બિચારો તે અંગારો !
થોડી વાર સળગીને સ્વયં ઠરી ગયો.
બીજાના ક્રોધના અંગારાઓથી મારું આંગણું
બળી ન જાય તે માટે મેં પણ હવે
મારું આંગણું ચોખ્ખું કરવા માંડ્યું છે.
ઉદાસીનભાવ, ક્ષમાભાવ અને સમભાવની
સાવરણીઓથી ચોખ્ખું થઇ જાય એટલી વાર.
પછી અંગારા ફેંકનારાઓનો મને જરાય ડર નથી !

## પ્રકીર્ણક

# ભગ્ન શ્રામણ્યનું સંધાન

ગિરનારની એક ગહ્વરમાં એક મહાયોગી આત્મસાધનામાં મગ્ન છે. બ્રહ્માંડનાં મહાસત્યોને ઉકેલવા બુદ્ધિ અને મન પરોવાયેલા છે. આત્માનાં અનંત સૌંદર્યને પેખવામાં નેત્રો ગરકાવ બન્યા છે. નિસર્ગના મહાસંગીતને સુણવામાં એકાકાર બન્યા છે, બે કાન. રોમરોમમાંથી સુવિશુદ્ધ સાધાનાની પવિત્ર પરિમલ પ્રસરી રહી છે. બ્રહ્મનું અપાર તેજ ભાલપ્રદેશ પર ચમકારા મારે છે, જાણે મુક્તિપુરીનાં આંગણામાં આવી ઊભેલો મહાપંથનો યાત્રી! આ વિભૂતિને સિદ્ધિથી કેટલું ઓછું છેટું હશે? આ ગુફાની બહાર ગગન મેઘ ઘટાથી ઘેરાઇ ચૂક્યું છે. વર્ષાનો પ્રારંભ થઇ ચૂક્યો છે. સૃષ્ટિની શ્યામલતા કહી રહી છેઃ જાણે ઘડીભરમાં તો જળબંબાકાર થઇ જશે! ગિરનારની ગિરિકુંજોમાં વિહરણ કરતા એક શ્રમણી આ આકસ્મિક વર્ષાથી સહેજ મૂંઝાયા. વિશ્વના સર્વ જીવોની રક્ષાના શપથનો અપ્કાયની વિરાધનાથી ભંગ થવાનો ભય સેવાવા લાગ્યો. હાંફળાફાંફળા કોઇ આશ્રયસ્થાનને તે શોધી રહ્યા. ત્યાં જ આ ગુફા નજરે પડી. નિઃશ્વાસનો દમ ખેંચતા ગુફામાં પ્રવેશી ગયા. અટલ અંધકારમાં ગુફાની નિર્જનતાની ભ્રાન્તિ થતા તેમનો સંકોચ ટળ્યો. જીવરક્ષાની શુભ બુદ્ધિથી વસ્ત્રો ઉતારી ગુફાસ્થિત શિલા પર સૂકવ્યા.

અકસ્માત નાનકડો, પણ ઊથલપાથલ મોટી મચી ગઇ. ગુફાના ખૂણામાં કાઉસ્સગ ધ્યાને સ્થિર ઊભેલા મહાયોગીની સમગ્રતામાં અવિરત ચાલતું સંવાદિતાનું સંગીત ખોટવાઇ ગયું. નિસર્ગનાં મહાસત્યોને ઉકેલવા મથતા બુદ્ધિ અને મન મલિન બન્યા. આત્માનાં અનંત સૌંદર્યને નીરખવામાં એકાકાર બનેલી આંખો આ વસ્ત્રવર્જિત રૂપાળી કાયા પર ચોંટી ગઇ. બ્રહ્માંડનું મહાસંગીત સંભળાતું બંધ થયું અને કાન તો કામાલાપના શ્રવણની પ્રતીક્ષા કરવા લાગ્યા. આત્મસ્થૈર્યની

અનુપમ શીતલતાને માણતો આત્મા વિકારોના ભડકામાં શેકાવા લાગ્યો. અનંતગુણનિધિ સાથે અનુસંધાન પામેલું પ્રત્યેક રુંવાડું વિકારવાસિત બન્યું. નવવાડથી સુરક્ષિત બ્રહ્મદેહ અપાર વૈભવને માણતો હતો પણ વાડમાં એક છીંડું પડ્યું અને કામચોર પેસી ગયો. ક્ષણવારમાં તો તેણે આત્મગુણોની અઢળક લૂંટ ચલાવી દીધી. અંતરમાં ઉદ્‌ભવેલી આંધી શબ્દના સથવારે પ્રગટ થઇ.

''અય યુવાન બાળા! સર્જાતા પ્રત્યેક અકસ્માતમાં પણ કુદરતનો કો'ક ઊંડો અને રૂડો સંકેત હોય છે. નીરવ ગુફામાં વર્ષાના સુમારે બંને પક્ષે રૂપ અને યૌવનના પ્રતિહારો સાથે આપણા બેનું આકસ્મિક મિલન કરાવીને કુદરત શું કહેવા માગે છે ખબર છે? સાધનાના સ્વસ્તિક તો વાર્ધક્યની વેદિકા પર શોભે. યૌવનના ઉંબરે તો રાગ વિલાસની રંગોળી પૂરવાની હોય...''

અચાનક પુરુષનો અવાજ કાને અથડાતા અત્યંત લજ્જિત બનેલી આ શ્રમણીએ ભીનાં વસ્ત્રથી જ તુરત કાયાને ઢાંકી દીધી. ક્ષણમાં સ્વસ્થ બનીને તેણે કામદેવની સામે જંગ ખેલ્યો :

''મુનિવર! તમારા નાકને એક આંગળ નીચે તાણીને સૂંઘી જુઓ કે તમારું મોં કેટલું ગંધાય છે! તમારા હાથ મસ્તક પર ફેરવીને તાજું કરો કે વક્ર અને શ્યામ કેશની સાથે તમે સઘળી વક્રતા અને શ્યામિકાનું લુંચન કરી નાખ્યું હતું. તમારા રજોહરણને પૂછી જુઓ કે એનું મૂલ્ય શું છે?''

''અરે બાળા! આમ કોપાયમાન કાં થાઓ? મારી માગણીમાં અનુચિત શું? મોરની પાસે પીંછુ માંગતા મોરને અકળાવાનું શું? મેઘ પાસે પાણી યાચવામાં ખોટું શું?''

''પરદારા સેવનથી જ્વલિત અગ્નિસ્તંભ સાથેનાં કારમા આલિંગનના જાલિમ અંજામ તમે શાસ્ત્રચક્ષુથી નથી દેખ્યા? વૈતરણીની અસહ્ય યાતનાઓના પાઠો વિસ્મૃતિની ખાઇમાં ક્ષણમાં ધકેલી દીધા? નારીને નરકની દીવડી નથી ઓળખતા? નરકની અંધારી આલમમાં દોડી જવાના આ હલકટ ધંધા કેમ સૂઝ્યા છે? વ્રતભંગના કટુ વિપાકોના શાસ્ત્રપાઠો જરા યાદ કરો.''

"બાળા! તમારો કોપ નિરર્થક છે. વ્રતના અનાદરની અહીં વાત જ નથી. વ્રતો આદરશું અને રૂડી રીતે પાળીશું, પણ તમારું અનુપમ રૂપયૌવન-સાધનાની ભઠ્ઠીમાં શેકાઇ જતું હું નથી જોઇ શકતો. તમારા અને મારા યૌવનની સાર્થકતા બે યૌવનના સુભગ સમન્વયમાં છે. વ્રતભંગની આલોચનાનો માર્ગ પ્રભુએ ક્યાં નથી બતાવ્યો? પડ્યા પછી ક્યાં નથી ચડાતું?"

"મુનિરાજ! તમને ખબર છે? તમે મહાવ્રતના ગિરિશ્રૃંગ પર બિરાજમાન છો. ત્યાંથી પડશો તો સંયમદેહનાં હાડકાં-પાંસળાં પણ હાથમાં નહિ આવે. પાછા ચડવાની વાત કાં કરો?"

"અય યૌવના! તું તો માંડવે બેસીને નેમજીની કેટલી પ્રતીક્ષા કરતી હતી ! સોહામણા સંસારના અરમાનોનો કેવો ભવ્ય મહાલય તેં તારા અંતરમાં ખડો કર્યો હતો! નેમજી તો માંડવેથી ચાલ્યા ગયા અને અરમાનોની ભવ્ય ઇમારત કડડભૂસ થઇને તૂટી પડી. પણ તારા ભગ્ન હૃદયની વેદનાને હું સમજી શકું છું. તારો એ ઘા રૂઝવવા જ વિનવું છું. જરાક એ રસ પણ ચાખી લઇએ. પછી આ સંયમ તો મુબારક છે જ."

"મુનિવર! યાદવકુળને વગોવવા બેઠા છો શું? માંડવેથી પાછા વળી તમારા ભાઇએ જે જ્વલંત ઇતિહાસ સર્જ્યો છે તેને કલંકિત કરવો છે? સંયમ સ્વીકારીને તમે ભોગોને વમી દીધા છે. વમેલું તો કૂતરા ખાય, તમે તો પુરુષ છો. નેમજીએ મને તજી દીધેલી છે. એઠું તો માંગણ ખાય, તમે રાજકુમાર છો. સંયમ એ તો અમૃતનો કુંડ છે. અમૃત તજીને વિષ્ઠામાં મુખ તો ડુક્કર નાખે, તમે તો સાધુ છો. ઉકરડામાં રત્ન જડે નહિ છતાં શોધવાની વ્યર્થ ચેષ્ટા ભંગી કરે. તમે તો જાતિવંત છો. મુનિવર! જરા બુઝો."

"ઓ સંવેગી અબળા! તમારા વચનો મર્મવેધક છે, પણ કામબાણોથી હું અત્યંત વીંધાયો છું. તે ઘાને કેમ રૂઝવવો? ભૂખ્યા વરુને સહેજ માંસનો ટુકડો નાખી દઇએ તો પજવણી બંધ થશે તેમ નથી લાગતું?"

"તમારા ગણિત ખોટા છે મુનિવર! નરકના જીવની તૃષા જેવા છે કામભોગ. ઘી હોમતા અગ્નિ શાંત થતો ક્યાં જોયો છે?

યાદ કરો, અગંધન કુળના નાગને, ભડભડતી આગમાં ભડથું થઇ જાય, પણ વમેલું ન ઇચ્છે. યાદ કરો ચાતક પક્ષી, મોતને મુબારક માને પણ કદી કૂવા-તળાવનાં બોટેલા જળને તો ન જ પીએ. પશુ અને પંખીથીય નીચા ઊતરશો? એક કાતિલ પળના છિદ્રથી કામશત્રુ પેસી ગયો છે. બળિયા બનીને તેને કાઢી મૂકો.''

''ઓ મહાશ્રમણી! કમાલ કરી છે તમે. કઇ નદીનાં નીર છાંટ્યા? નહિ તો આ લાગેલી આગ કેમેય બુઝાય તેમ ન હોતી! પણ હવે તો મને જીવવાનો પણ શું અધિકાર છે? સંયમની ઊજળી ચાદરને મેં કાળા ડાઘ લગાડ્યા છે. અતિચારોથી કાળું મેશ થયેલું આ રજોહરણ હવે ઊંચકવાનો પણ મને અધિકાર શું છે?''

''અરે મુનિવર! હતાશ થશો મા! તણખલાંનો અગ્નિ હતો. જલદી પ્રજ્વલિત થયો તેમ જલદી ઉપશાંત પણ થઇ ગયો. જલદી પહોંચો નેમજી પાસે. ઊજળી ચાદરને લાગેલા ડાઘ ધોવાના આલોચનાના સાબુ અને પાણી પ્રભુ પાસે મળી જશે. પ્રભુ પાસે પાપની આલોચના કરી પુનઃ એ પરમશુદ્ધિને પામો. ખરેખર! આજે તમે જંગ જીત્યા છો. કામશત્રુએ જબ્બર હલ્લો કર્યો, પણ તમારા પરાક્રમે તમને બચાવ્યા છે. ધન્ય છે તમને, વંદન હો તમને.''

પશ્ચાત્તાપના પુનિત પાવકમાં પાપોને ગાળતા આ મુનિવર પહોંચ્યા પ્રભુજી પાસે. રડતા હૃદયે પાપોને આલોચી પુનઃ સંયમનું સંધાન કર્યું. સહેજ ભૂલ્યા પણ ફરી ગણતા પૂર્ણતા સુધી પહોંચ્યા. તે જ ભવમાં અનંત આત્મરમણતાને તે મુનિવર પામ્યા.

એક ગુપ્ત ગુફામાં બનેલી આ ઘટના વર્તમાન યુગને એક જબ્બર પડકાર છે. મહાવ્રતોનાં ગિરિશ્રૃંગ પરથી ગબડી પડતા રથનેમિના જીવનરથને પોતાના મજબૂત બાહુ વડે પકડી રાખતી અબળા રાજીમતીનું સત્ત્વ અને સતીત્વ એક અવ્વલ આદર્શ પૂરો પાડે છે. રથનેમિનાં ભગ્ન શ્રામણ્યનું સંધાન રાજીમતીએ કેવું સુંદર કર્યું? વ્યવહારમાં પણ ફાટેલાં કપડાંને સાંધવાની હથોટી અબળાને વધુ હોય છે.

# એક પારદર્શક હૃદયનો કાર્ડિયોગ્રામ

વિશ્વના નકશામાં ગુજરાત એક ટપકાં જેટલું ભલે હોય, પણ એ ટપકાંમાં પણ એવું ઘણું છે, જેના જોરે સમગ્ર વિશ્વ ગુજરાતને માન અને સન્માનથી જુએ છે. ગુજરાતની અહિંસા, પ્રેમ, વિવેક, વ્યવહારશુદ્ધિ, સંસ્કાર, સત્ત્વ અને સ્વત્વ આખાય વિશ્વને લલચાવી રહ્યા છે. અને ગુજરાતની ગરિમાનું મૂળ શોધતાં શોધતાં અતીતના પેટાળમાં ઊંડા ઊતરીએ ત્યારે એક વ્યક્તિ એવી મળે છે જેના કંઠે આનંદાશ્રુની માળા આરોપીને ગુજરાતની સઘળી પ્રતિષ્ઠાના આદ્ય પ્રેરક તરીકે સન્માનવાનું દિલ થઇ જાય. એણે એના જીવનમાંથી, હૃદયમાંથી, મુખમાંથી, આંખોમાંથી, રોમ-રોમમાંથી અને કલમમાંથી એટલું બધું અમૃત ગુજરાતની ગરવી ભોમકા પર રેડ્યું છે કે જેનાથી ગુજરાત આજેય ચેતનવંતુ છે. સમગ્ર ગુજરાતને એણે સંસ્કારો, મૂલ્યો અને આદર્શોથી મઢી દીધું હશે! અને, એ સંસ્કારિતાના પાયા એણે કેટલા ઊંડા નાખ્યા હશે કે આજેય તે સંસ્કાર-વૃક્ષનાં ફળો આરોગીને ગુજરાત તંદુરસ્ત છે. સમગ્ર ગુજરાતની કાયા પલટ કરનાર એ વિભૂતિને કદાચ રેશમી પોથીઓમાં પૂરીને જ્ઞાન ભંડારના કબાટમાં આપણે પૂરી દીધી હોય, તો પણ સમગ્ર ગુજરાત પર વરતાતી તેની સ્પષ્ટ અસરોને કોણ ભૂંસી શકવાનું છે? ગુજરાતને આવો તેજીલો ચળકાટ દેનાર એને ચિંતામણિ રત્નની ઉપમાથી નવાજીએ ત્યારે ધંધુકાની એક શ્રાવિકા સ્મૃતિપટ પર તરવરે છે.

તે રાત્રે તેણે સ્વપ્નમાં ચિંતામણિ રત્ન જોયેલું, માત્ર જોયું જ નહિ પણ સ્વપ્નમાં તેણે તે મેળવ્યું. માત્ર મેળવ્યું જ નહિ પણ સ્વપ્નમાં તેણે કોઇને આપ્યું. સ્વપ્ન તો પૂરું થયું, પણ તેની ઉદ્ભવેલી આનંદોર્મિઓને તે હૃદયમાં સંઘરી શકી નહિ. તેણે સ્વપ્નમાં પોતાને પ્રાપ્ત

થયેલું ચિંતામણિ રત્ન જેનાં ચરણકમલમાં અર્પણ કર્યાનું જોયેલું તે જ મહાપુરુષના કાનમાં તેણે આ સોહામણા સ્વપ્નથી ઊપજેલો આનંદ રેડ્યો. ''સ્વપ્નના સંકેત અનુસાર ભાવિમાં પોતાને ચિંતામણિ રત્ન પ્રાપ્ત થશે, ત્યારે આ ઉઘરાણી કરશે તો?'' આવો સહેજ પણ ડર રાખ્યા વિના તે જ વ્યક્તિને સ્વપ્નની વાત વિદિત કરનાર આ નારીના હૃદયની નિર્મળ પારદર્શકતા અંગે વિચારું છું ત્યારે મને એ નારી નહિ પણ દેવી જ ભાસે છે. ''નારીની બુદ્ધિ પગની પાનીએ જ હોય'' તેમ કહીને આ દેવીની ભવ્ય નિર્દોષતાને મૂર્ખતામાં ખપાવવાનો અપરાધ રખે કોઇ કરે!

સ્વપ્નદર્શનની સોહામણી વાત એ શ્રાવિકાના સ્મૃતિપટ પરથી કદાચ ખસી પણ ગઇ હોય પણ એ શ્રાવિકા પાસેથી ચિંતામણિ રત્ન પ્રાપ્ત કરવાનાં મધુર સ્વપ્નોમાં એ મહાપુરુષ તો જરૂર ખોવાઇ ગયા હશે, કારણ કે તે ચિંતામણિ રત્નથી સમગ્ર ગુજરાતને અને સૃષ્ટિને એક પ્રચંડ તેજપ્રભાથી શણગારી દેવાની ભવ્ય ભાવનાઓ તેમના હૃદયનો મનોહર શણગાર હતો. જગત આખાનું ભાવ દારિદ્રય ટાળવાની ઉત્કટ તાલાવેલી તેમના અંતરને વરેલી હતી.

સ્વપ્નદર્શન અને સ્વપ્નકથનની ઘટનાને તો કેટલાંય વર્ષોનાં વહાણાં વીતી ગયા. ધંધુકાની એ શ્રાવિકા પાહિની પોતાના પાંચેક વર્ષના બાલુડા ચાંગદેવને આંગળીએ વળગાડીને ઉપાશ્રયનાં પગથિયાં ચડી રહી. ઉપાશ્રયની પાઠ પર બેઠેલા જૈનાચાર્ય શ્રી દેવચંદ્રસૂરિજીને ઇન્ટરવ્યુના Eye-glass થી ચાંગદેવની પરખ કરવાની જરૂર ન રહી, કારણ કે તે પોતે કુશળ ઝવેરી હતા અને એ બાળ ચાંગદેવની બોલી, ચાલી અને તેજી બધું પોકાર કરીને જાણે કહી રહ્યું હતું ''હું જ ચિંતામણિ!''

છતાંય એ ચિંતામણિ પોતાની ઓળખ અને પરખ સ્વયં કરાવી આપે છે. નાનકડો ચાંગદેવ આચાર્યની પાટ પર બેસી ગયો! બાળપણમાં જે બાળકને 'ઘર-ઘર' રમવાનું સૂઝે તેના વિકાસ ક્ષેત્રનો સીમાડો ઘરથી આઘે નથી હોતો. જેને 'દુકાન-દુકાન' રમવાનું જ સૂઝે

તેનો વિકાસ દુકાન સુધી હોય છે, પણ જેને એ નાની ઉંમરમાં જ 'આચાર્ય-આચાર્ય' રમવાનું સૂઝે તેનું વિકાસ ક્ષેત્ર કેટલું વિરાટ હશે, તે પ્રશ્ન એ ઉપાશ્રયની દીવાલોમાં જાણે ઘુમરાતો જ રહ્યો અને જાણે એ પ્રશ્ન જ પ્રત્યુત્તર પામી રહ્યો હોય તેમ આચાર્યદેવશ્રી દેવચંદ્રસૂરિજીના મુખમાંથી ઉઘરાણીનાં વચનો સરી પડ્યાં

''દેવી પાહિની! વર્ષો પહેલાનું સ્વપ્ન ભુલાયું તો નહિ જ હોય. એ સ્વપ્નને એક નક્કર વાસ્તવિકતામાં પલટવાની ધન્ય પળ અત્યારે આવી ચૂકી છે. તું માનતી નહિ કે, માત્ર તારી કે તેના પિતા ચાચિંગનાં પુણ્યની ફળશ્રુતિ આ ચાંગદેવ છે. કલ્યાણકાર જૈન શાસનના, સમગ્ર ગુજરાતના, આર્ય સંસ્કૃતિના અને વિરાટ અનાગતના પુણ્યનો પ્રાગભાર એકત્ર થયો, ત્યારે તારી કૂખે આ ચાંગદેવ અવતર્યો છે. તેને શાણો શાહ સોદાગર, મહામંત્રીશ્વર કે લક્ષ્મીનંદન બનાવવાનાં મોહજન્ય અરમાનોને અંતરમાં ઉગાડતી નહિ. એ ઊગી જ ગયા હોય તો એ અરમાનોને અત્યારથી જ વાઢી નાખજે. એની સંપૂર્ણ સમગ્રતામાંથી જે આજન્મ યોગિત્વ નીતરી રહ્યું છે તેને તું વહી જવા દેજે. તું અવરોધ ન બનતી. વિશ્વનાં આભરણને તારા ક્ષુદ્ર મોહની સાંકડી પેટીમાં સંતાડી ન રાખતી! શાસનનાં ચરણે આ પુત્રરત્નને તું ધરી દે, તારું એ ઔદાર્ય કુદરતના ચોપડામાં 'મહાદાન'ના વિશેષણથી અલંકૃત બનશે.''

આચાર્યદેવના એ શબ્દોમાં જાદુ હતો. સમગ્ર ગુજરાતનું પ્રચંડ પુણ્ય અત્યારે ઉદયમાં હતું. આચાર્યશ્રીની માગણીને અનુમતિથી અવધારતા પહેલાં બાળકના પિતાની ગેરહાજરીએ પાહિનીને ક્ષણભર વિહ્વળ બનાવી, પણ એ ગેરહાજરીને જ એક રૂડો સંકેત માની મહાન માતાએ ગુરુદેવનાં ચરણોમાં તેજસ્વી બાલુડાને ધરી દીધો ત્યારે ઉપાશ્રયની બાજુના આંબા પર બેઠેલી કોયલ ટહૂકી, આકાશમાં વીજળી ચમકી અને બાજુના મંદિરમાંથી ઘંટનો રણકાર સંભળાયો. જૈન શાસનની, આર્યભૂમિની અને ખાસ કરીને ગુજરાતની એ ગૌરવવંતી પળ હતી! પરમાર્થને ખાતર અને પુત્ર કલ્યાણને ખાતર અંતરમાં

ઉલ્લસતા મોહજનિત અરમાનોને અંતરમાં જ ગોપવી રાખવાનું કામ કેટલું કપરું છે તે નારી હૃદય વિના કોણ સમજી શકે?

પુત્ર સમર્પણનું અવ્વલ ઔદાર્ય દાખવીને ઉપાશ્રયનાં પગથિયાં ઊતરતી પાહિનીનું ચિત્ર જ્યારે કલ્પના પટ પર ઊપસે છે ત્યારે સમગ્ર ગુજરાતની એક મહાન ઉપકારિણી તરીકે તે ભાસે છે! તેના સૌમ્ય મુખની પ્રસન્ન રેખાઓમાં મહાસુકૃત કર્યાનો જે આનંદ ઊભરાયો છે તેમાં પતિને સમજાવવાની ચિંતા ઢંકાઇ ગયેલી છે! પરમ કૃતાર્થતા અનુભવતું તેનું મનોહર માતૃત્વ ઉપાશ્રયનાં પગથિયાં પર પડતાં તેનાં પગલાંઓમાં જાણે ચીતરાઇ રહ્યું છે. અંતરમાં ન સમાતો આનંદ ઊભરાઇને મુખની રેઓમાંથી બહાર ઠલવાઇને સમગ્ર સૃષ્ટિને આનંદનો ચેપ લગાડી રહ્યો છે. કોઇ મહા કરજમાંથી મુક્ત બન્યાની હળવાશ તેની ચાલમાં પ્રતિબિંબિત થઇ રહી છે. પરમ જનેતાનું ગૌરવ તેના ભાલ પર શોભતાં કુંકુમના ચાંદલામાં ચમકી રહ્યું! રત્ન પ્રસૂતા બનવાનું સદ્ભાગ્ય પામ્યાનો આનંદ પગનાં ઝાંઝરની ઘુઘરીઓના ધ્વનિરૂપે અવકાશમાં ફેલાવા લાગ્યો.

અને, પાહિની પુત્ર વિનાના સૂના ઘરમાં પ્રવેશી. વેપાર ખેડીને પાછા ફરેલા પતિદેવ ચાચિંગને સમજાવવામાં પાહિનીએ ધાર્યા કરતાં ઓછી મુશ્કેલી અનુભવી. મંત્રીશ્વર ઉદયને સમજાવટની જવાબદારી વહન કરી. અદ્ભુત ઔદાર્ય દાખવીને ચાંચિંગે પાહિનાના પુત્ર સમર્પણમાં સંમતિની મહોર-છાપ મારી.

મહાન જૈનાચાર્યશ્રી હેમચંદ્રસૂરિજીના ઉન્નત જીવન, વિરાટ જ્ઞાન, અજોડ પ્રતિભા, અણમોલ સંસ્કાર વારસો અને અપાર શ્રુતવારસાની જેમ તેમની શાસનને ભેટ ધરનાર આ મહાઉદાર દંપતિનું પુત્રદાનનું મહાન ઔદાર્ય પણ નમસ્કરણીય છે.

ગુજરાતના ચોપડાની ઋણની યાદીમાં શ્રી હેમચંદ્રસૂરિજીની સાથે જ ચાચિંગ અને પાહિનીનાં ઋણ પણ સનાતન ઋણ રૂપે આલેખાયેલા કોને નહિ દેખાય?

# નવકાર પાસેથી નમતા શીખીએ

મેં તેને પૂછયું ''તારી જગતમાં સહુથી પ્રિય ચીજ કઇ?''

તેણે જવાબ આપ્યોઃ ''થોડી વાર વિચારીને કહું.''

''રહેવા દે, મને જવાબ મળી ગયો. તારે જગતમાં એવી શ્રેષ્ઠ પ્રિય ચીજ છે જ નહિ, હોય તો વિચાર કરવો પડે? તે નામ તો હોઠ પર બેઠેલું જ હોય, તરત જ નીકળી પડે.''

તેણે હાર કબૂલ કરી. તેણે મને પૂછ્યું ''હવે તમે તો બતાવો કે તમારી પ્રિય ચીજ કઇ?''

''નવકાર'' તેનો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં મારો જવાબ તેના કાને જઇ પહોંચ્યો.

ખરેખર, નવકારની ચાહે તો રોમ-રોમમાં ડેરા-તંબૂ નાખી દીધેલા છે. પણ, કોને ચાહ ન થાય આ નવકાર ઉપર!

મહાપુરુષો ચૌદ પૂર્વનો સાર કહીને નવકારની ઓળખાણ કરાવે ત્યારે બધાને આશ્ચર્ય થાય છે. એક હાથી પ્રમાણ શાહીની ભૂકીથી લખી શકાય તેટલો પહેલા પૂર્વનો અર્થ છે. અને ઉત્તરોત્તરના પૂર્વનો અર્થ દ્વિગુણ-દ્વિગુણ થતો જાય છે. એટલે કુલ ૧૬,૩૮૩ હાથી પ્રમાણ શાહીની ભૂકી એકત્ર કરો ત્યારે ૧૪ પૂર્વનો અર્થ લખી શકાય. આટલા વિરાટ શ્રુતોદધિને ખોબાની અંજલિ જેટલા ૬૮ અક્ષરમાં કેવી રીતે સમાવી શકાય! આટલા વિરાટ શ્રુતને પોતાના પેટમાં સમાવીને બેઠો છે માટે તો નવકાર મહાન છે અને તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી! દ્વાદશાંગીનું ઉદ્‌ગમસ્થાન પણ માત્ર ત્રણ પદ જ છે ને? ત્રણ પદમાંથી ઉદ્‌ભવેલો વિરાટ શ્રુત ખજાનો ૬૮ અક્ષરમાં સમાઇ જાય તેમાં શું નવાઇ છે? જડ કોમ્પ્યુટરના એક પ્લેઇંગ કાર્ડ જેટલા કાર્ડમાં કેટલી અઢળક વિગતો સ્ટોર થાય છે! શબ્દની તાકાત તો અમાપ છે! ત્રણ પત્નીઓના ભિન્ન ભિન્ન પ્રશ્નોના ઉત્તરો માત્ર 'સરો નત્થિ' એવા એક જ વાક્યથી આપનાર ભીલની વાત શાસ્ત્રમાં નથી સાંભળી? ''राजानो ददते सौख्यम् ।'' એવા એક વાક્યના આઠ લાખ અર્થ બતાવતો અષ્ટલખી નામનો

એક ગ્રંથ એક આચાર્ય ભગવંતે નથી લખ્યો? એટલે નવકારનાં નવ પદમાં આખા ચૌદ પૂર્વનો સાર કેવી રીતે સમાય તે શંકા અસ્થાને છે.

અનુપ્રેક્ષાની ચાવીથી નવકાર મહેલના એક એક ખંડોને ખોલતા જઇએ એટલે અદ્‌ભુત રહસ્યોના ખજાના હાથ લાગતા જાય છે! ''નવકારમાં શું છે?'' એવું કોઇ પૂછે તો તેનો જવાબ ''નવકારમાં શું નથી?'' એવા પ્રતિપ્રશ્ન સિવાય બીજો શું હોઇ શકે?

હા, નવકારમાં બધું જ છે. નવકારમાં ગણિત છે, ખગોળ છે, ભૂગોળ છે, વિજ્ઞાન છે, કળા છે, વૈદક છે, જ્યોતિષ છે, શિલ્પ છે, વાસ્તુક છે, ઇતિહાસ છે...બધું જ છે. નવકાર જીવન જીવવાની કળા શીખવે છે, નવકાર પ્રગતિનાં સોપાન દેખાડે છે, નવકાર મંજિલ પણ બતાવે છે અને માર્ગ પણ દેખાડે છે.

સાધકો કહે છે કે નવકાર માત્ર ગણવાનો નથી, નવકાર જીવવાનો પણ છે. બહુ મજાની વાત કરી, કારણ કે નવકારમાં જીવન જીવવાની કળા ઠાંસી ઠાંસીને ભરેલી છે.

નવકાર તો અરિહંતપદ અને સિદ્ધિગતિનું સામ્રાજ્ય આપી દેવા તત્પર છે, પણ આપણી પાત્રતાનો ખ્યાલ કરીને નવકાર પાસે આપણે આજે એટલું બધું નહિ માગીએ, આપણે તો આજે નવકાર પાસે જીવન જીવતા શીખવું છે.

હમણાં જ કહ્યું ને કે આખા ચૌદ પૂર્વનો સાર નવકારના ૬૮ અક્ષરમાં કેદ થયો છે. તે એ એક એક અક્ષરમાં કેટલી બધી તાકાત ભરી હશે? પણ એ ૬૮ અક્ષરમાંથી ૧૦ તો 'નમો' એ રોકી લીધા છે, કારણ કે બે અક્ષરનું 'નમો' નવકારમાં પાંચ વાર પુનરાવર્તિત થાય છે. તો આ નવકારનો 'નમો' શબ્દ કેટલો બધો વજનદાર હશે!

'અરિહંતાણં' આદિ પદોમાં અનંત તાકાત પડેલી છે, પણ 'નમો' એ વીજળીનાં બટન કે નળના કોક જેવું છે. બટન દબાય પછી ધોધ ચાલુ થાય.

'સવિ જીવ કરું શાસનરસી'ની વિરાટ ભાવનાથી અરિહંતે તો સર્વ જીવોને પોતાની કરુણાનાં પાત્ર બનાવ્યા

છે. સિદ્ધભગવંતે પણ વ્યવહારરાશિમાં લાવવાનો અને ધ્રુવતારક બનાવાનો ઉપકાર કરી દીધો છે. આચાર્ય ભગવંતો પણ પંચાચારની દુકાન ખોલીને બેઠા છે. સૂત્રદાન માટે ઉપાધ્યાય ભગવંતોની દાનશાળા પણ ખુલ્લી છે...સાધુ ભગવંતો પણ સહાયપણાની તત્પરતા દાખવીને ઊભા છે. પણ છતાં 'નમો' વિના તે કાંઇ કરતા નથી. માથાનો ભાર ઓછો કરવો હોય તો હજામ પાસે પણ માથું નમાવવું પડે છે તો નમ્યા વિના પરમેષ્ઠિ ભગવંતો કર્મનો બોજો કેવી રીતે હળવો કરશે?

નવકારનું મોટામાં મોટું શિક્ષણ છે-નમસ્કાર. નવકાર નમતા શીખવે છે. નમસ્કાર એ કળા છે અને આ કળા બધી કળાની જનેતા છે. નમસ્કારથી શું ચમત્કાર સર્જાય છે, એ નેતરની સોટીએ પણ અનુભવ્યું છે. નદીના ધસમસતા વહેણ અક્કડ તાડને હચમચાવી નાખે છે, પણ નરમ-પોચી નેતરની સોટી આ ધસમસતા વહેણ સામે પણ સંપૂર્ણ સલામતી જાળવી શકે છે. નેતર પાસે જાદુ, કામણ કે ટુમણ જે કહો તે એક જ છે-નમન.

નમસ્કાર જ પૂર્ણતાની પગથાર સુધી પહોંચાડે છે, એ પાઠ ઘડો આપણને શીખવે છે, કારણકે ઘડો નમે છે ત્યારે ભરાય છે.

એક ડાહ્યા માણસની સલાહ છે-નમવાનું તો હમેશાં ગમાડજો. નમવાનું ગમતું નથી તેને કાળપુરુષ સોટી મારીને ઘડપણમાં નમાવે છે. પરલોકમાં પશુ યોનિમાં ઘાલી જીવનભર નમાવેલા રાખે છે. કર્મરાજા નમતા પરાણે શીખવાડે તેના કરતાં નવકાર પાસે આપણે નમવાનું જાતે શીખી લઇએ.

હજારો ક્રિયાઓમાં નમન ક્રિયા સાવ જૂજવી છે. ખાનાર કદી ખાદ્ય ન બને, વગાડનાર કદી વાદ્ય ન બને, પણ નમનાર નમસ્કરણીય અવશ્ય બને.

આપણને 'અવ્યય' પદની ચાહ છે. જે ખુદ અવ્યય હોય તે અવ્યય બનાવી શકે. નમઃ પદ અવ્યય છે.

ગુજરાતી ભાષાના 'નમો'ને તો જીવનમાં ઘણું સ્થાન આપ્યું છે, કારણ કે નમવાની આજ્ઞા તો ઘણી કરી છે. આપણે તો પ્રાકૃતના 'નમો'ને જીવંત કરવો છે.

# વિનય ધરો નિજ અંગ

વસ્તુના સરળ બોધમાં સાહિત્યનો અલંકાર સહાયક બને. વીતરાગના વિરાટ ગાંભીર્યને સમુદ્રની ઉપમા સહેલાઇથી સમજાવે છે. તેમનું અડગ ધૈર્ય મેરુની ઉપમાથી સમજાય છે. તેમના પરમ સૌંદર્યની ઝાંખી ચંદ્રની ઉપમાથી થાય છે. 'મધુલિપ્ત ખડગધારા'ની ઉપમા સંસારની અગાધતા અને ખારાશનો પરિચય આપે છે.

શ્રી ઉત્તરાધ્યયનજીમાં દુર્વિનીતની ઓળખાણ માટે આકરી ઉપમા વાપરી છે. ત્યાં દુર્વિનીતની ઉપમા માટે કરાયેલો શબ્દ પ્રયોગ કડવો લાગે તેવો છે. પણ મીઠું લાગે તેવું જ કહેવાનો શાસ્ત્રકારોએ ઇજારો નથી લીધો. હા, હિતવચન અને સત્યવચનનો ઇજારો તેમનો છે.

કૂતરો ઘરમાં ઘૂસે તો હાંકોટા કે લાકડીના પ્રહારથી લોકો તેને બહાર કાઢે છે. એક ગલીના કૂતરાને બીજી ગલીનો કૂતરો પણ હડધૂત કરે છે. ઠેર ઠેરથી તિરસ્કાર અને અપમાન પામવાનું દૌર્ભાગ્ય કૂતરાના લમણે લખાયેલું છે. તેમાંય જેનો કાન સડી ગયો છે તેવા કૂતરાને તો લોકો દેખતા થૂંકે, ડેલીમાંય પેસવા ન દે. વિનયનો મહિમા ગાતા શ્રી ઉત્તરાધ્યયનજી કહે છે કે, દુર્વિનીત શિષ્ય સડેલા કાનવાળી કૂતરી જેવો છે. સર્વત્ર હડધૂત થતા સડેલા કાનવાળી કૂતરી જેવો દુર્વિનીત સાધુ સર્વત્ર તિરસ્કાર પામે છે.

દુર્વિનીતની અધમતાની વધુ ઓળખાણ માટે ગ્રંથકાર 'ડુક્કર' ની ઉપમાનો પ્રયોગ કરે છે. સુગંધ અને સ્વાદથી ભરપૂર દૂધપાકને છોડીને ડુક્કર તો વિષ્ટામાં જ મોં નાખે, અશુચિના આહાર પ્રત્યેની તેની પ્રીતિ કોણ છોડાવી શકે? તેમ અવિનીતને અવિનયનો મલિન આચાર જ વહાલો લાગે છે. વિનયપૂર્ણ મધુર શબ્દોનાં આભૂષણથી જીભને અલંકૃત કરવાનું તેને ન સૂઝે. તેની જીભડી તો મલિન શબ્દપ્રયોગનાં ચીંથરામાં જ

ગૌરવ અનુભવે.

દુર્વિનીતની અપાત્રતાની શ્રી ઉપદેશમાલાકાર પણ ઉદ્‌ઘોષણા કરે છે: *વિણાયાઓ વિપ્પમુક્કસ્સ કઓ ધમ્મો? કઓ તવો? અને ન ક્યાઇ દુવ્વિણીઓ, સકજ્જસિદ્ધિં સમાણેઇ ।।* આ શબ્દોમાં દુર્વિનીતની બેહાલીનું દર્શન થાય છે. વિનયના આચારને અભરાઇએ ચડાવીને ધર્મ, તપ અને સિદ્ધિના મહાલયમાં પ્રવેશ કરવા ઇચ્છતો દુર્વિનીત નિષ્ફળતા જ પામે છે. તે ભવ્ય મહાલયનું દ્વાર જ વિનય છે. શાસ્ત્રના એક શ્લોકમાં આત્માનાં સુખનાં સંખ્યાબંધ સોપાન બતાવ્યા છે.

*વિણયાઓ નાણં, નાણાઓ દંસણં, દંસણાઓ ચરણં ચ ।*
*ચરણાહિંતો મોક્ખો મોક્ખે સોક્ખમણાબાહં ।।*

આત્માનું અવ્યાબાધ સુખ દૂધપાકના તપેલામાં કે રેશમી સૂટમાં નથી. તે સાઉદી અરેબિયાના તેલના કૂવામાં પૂરાયેલું નથી કે ઇરાનના ગાલીચામાં તે આળોટતું નથી. તે તો ચૌદરાજ લોકની ટોચે અર્ધ ચંદ્રાકાર સિદ્ધશિલામાં બિરાજમાન અરૂપી આત્માની સ્વરૂપ રમણતામાં છે અને તે મોક્ષ કાંઇ બજારમાં વેચાતો મળતો નથી કે કોઇની પાસેથી ઉધાર મળતો નથી. તે તો પોતાનાં જ લોહી અને આંસુથી ઉગાડવો પડે છે. નિર્મળ ચારિત્રની અવિરત સાધનામાંથી તેની નીપજ થાય છે. અને તે ચરણનું પ્રસવ સ્થાન છે-સમ્યગદર્શન.

દર્શન મોહનીયના વિદાય સમારંભ પછી ઊઘડેલી સમ્યગદૃષ્ટિ ચારિત્ર દેહનું નિર્માણ કરે છે. અને તે આંતરદૃષ્ટિની લીલી વેલડી સમ્યગ્જ્ઞાનના ક્યારામાં ઊગે છે. પણ નળ ખોલો અને ડોલ ભરાઇ જાય તેમ સહેલાઇથી પ્રાપ્ત થઇ જાય તેવી જ્ઞાનની ધારા નથી. વિનયના ઉપચારોનો સત્કાર જ્ઞાનદેવીને અપેક્ષિત છે.

વિનીત શિષ્ય પર ગુરુના તુષ્ટ હૃદયમાંથી આશીર્વાદોની હેલી વરસી પડે છે. એ કૃપાની વર્ષા શિષ્યના મસ્તકમાં અનેરો જાદુ સર્જે છે. પ્રસન્ન ગુરુ ખંતથી શિષ્યને આગમવચનનાં ઊજળા રત્નોની ભેટ ધરે છે. બ્રહ્માંડનાં વિરાટ રહસ્યોને ખુલ્લી કરતી ત્રણ પદમાંથી

વિસ્તાર પામેલી દ્વાદશાંગી, શિષ્યના વિનય અને ગુરુની કૃપાના સંયોગથી જ ઉત્પન્ન થાય છે ને?

ગુરુનાં શિક્ષા વચનો કાનમાં ખૂંચ્યા તો એક ક્ષુલ્લક મુનિએ અવિનયનો આશ્રય લઇને ગુરુની અવહેલના કરી. શ્રમણલિંગનો ત્યાગ કરીને તાપસ બનેલા આ મુનિના કષ્ટમય તપના પ્રભાવે નદીએ તેનો પ્રવાહ બદલ્યો અને મુનિ કુલવાલક નામથી લોકમાં ખ્યાતિ પામ્યા. પણ જે સાધનાનાં મૂળમાં વિનયનાં વારિ રેડાયાં નથી તે સાધના આત્મસુખની લ્હાણી ક્યાંથી કરે? તેની સાધનાસરિતા સિદ્ધિ-સુખના સાગરને ભળે તે પહેલાં તો ગણિકાનાં મોહપાશરૂપી રણમાં રોળાઇ ગઇ. કર્મના ગંજ ખડકીને ભવોની મોટી શૃંખલાનું તેણે સર્જન કરી દીધું.

વાચક રામવિજય પણ વિનયગુણની પ્રશસ્તિ કરતાં ગાય છે.

*''વિનયથી રીઝે દેવતા, વિનયથી દાનવ વશ થાય,*
*વિનયથી ઇહ ભવે પરભવે રે, કાર્ય સિદ્ધિ સવિ થાય રે.''*

વિનીત શિષ્યની હથેળીમાં ચિંતામણિ રત્ન રમે છે, તેના આંગણામાં કામધેનુ ગાય ભાંભરે છે, તેના જીવન ક્યારામાં કલ્પવેલીનો માંડવો રચાય છે, તેની સર્વકામનાઓ શીઘ્ર પૂર્તિ પામે છે. વિનયનો આ મહાજાદુ સ્પર્શી જાય તો શ્રામણ્યમાંથી સિદ્ધત્વનું સર્જન મગફળીમાંથી તેલ કાઢવા જેવું સરળ બની જાય.

વિનયગુણનું સુશોભન આત્મામાં ગૌતમપણાનું સર્જન કરશે જે ગૌતમ 'ભંતે' બોલતાં નમી પડશે અને 'ગોયમા' સાંભળતા હર્ષાન્વિત બનશે, તેના અંગૂઠામાં લબ્ધિ પાંગરશે અને નામસ્મરણથી નવનિધાન પ્રગટશે.

# વહેંતિયામાંથી વિરાટ બનવાનો જાદુ

અમેરિકા અને ઇરાક વચ્ચેનું ખૂનખાર યુદ્ધ ચાલુ હતું. સમગ્ર વિશ્વનું ધ્યાન એ અખાતી યુદ્ધ પર કેન્દ્રિત થયું હતું. દુનિયાભરના સામાચારપત્રોની હેડલાઇન્સમાં જ્યોર્જ બુશ અને સદામ હુસૈનનાં નામ ચમકતા હતા. અમેરિકન મહાસત્તાની આગેવાની હેઠળની બહુરાષ્ટ્રિય સેનાની પ્રચંડ તાકાત એક બાજુ હતી અને બીજી તરફ હતું રાંકડુ-પાંગળુ ઇરાક. બહુરાષ્ટ્રિય સેનાની અમાપ સંગઠિત તાકાત સામે સ્વશક્તિને માપ્યા વિના બાંયો ચડાવીને સ્વ-રાષ્ટ્રનો વિનાશ નોંતરી રહેલા ઇરાકી પ્રમુખના આ આંધળા સાહસ પર ફિટકાર વરસાવતા બાંગલાદેશના એક યુવાને પોતાના પિતા સમક્ષ અભિપ્રાય વ્યક્ત કર્યો: ''સદામ પાગલ છે.'' પુત્રનું આ વાક્ય સાંભળતા જ લાલ-પીળા થયેલા પિતાએ બાજુમાં પડેલી છરી પુત્રની છાતીમાં ખોસી દીધી. પુત્રના ત્યાં જ રામ રમી ગયા.

અન્ય રાષ્ટ્રના પ્રમુખને પાગલ કહ્યો તેટલી વાતમાં ક્રોધાન્વિત બનીને એક પિતા પોતાના યુવાન પુત્રનું ખૂન કરી નાંખે અને બે પગનો ચૂલો બનાવીને કોઇ ખીર રાંધે તો પણ મહાવીર મસ્ત રહે તે કેટલો મોટો વિરોધાભાસ છે! દાળમાં મીઠું ઓછું લાગતા કોઇ થાળી પછાડે છે અને પ્રભુ વીર પગના અંગૂઠામાં ઝેરી ડંખ દેતા ચંડકોશિયાને પણ કરુણાની ભીંસમાં લપેટે છે. વહુના હાથે રકાબી ફૂટતા સાસુનું બોઇલર ફાટે છે અને કોઇ બળદની રાસ ઉગામે છે તોય વીર સમત્વનું સંગીત રેલાવે છે. શૂલપાણિનાં ભયાનક અટ્ટહાસ્ય કે સંગમદેવનાં કાળચક્રના પ્રચંડ પ્રહાર પણ પ્રભુ વીરની કાયાનાં એકેય રૂંવાડાને ક્રોધની કાલિમાથી અભડાવી શક્યા નહોતા અને આપણને તો ઠંડી ચા કે ઊનું પાણી પણ ચિનગારી બનીને ક્રોધાગ્નિથી સળગાવી શકે છે. ટેસ્ટ મેચમાં કોઇ ખેલાડી શૂન્ય રનમાં આઉટ થઇ જતા કોઇ ક્રિકેટ રસિક(?) પથ્થર ફેંકીને

ટી.વી. નો સ્ક્રીન તોડી નાંખે છે અને મહામુનિ ગજસુકુમાલ કોઇ અગ્નિ પેટાવીને માથાને શેકી નાંખે તો પણ ક્ષમાનાં અમૃત જ ઘૂંટ્યા કરે છે. ક્ષુદ્રતા અને મહાનતા વચ્ચેનું આ જ મોટું અંતર છે. એક નાનકડું અપમાન પણ ક્ષુદ્ર વ્યક્તિના મનને મોટું સમરાંગણ બનાવી દે છે, ત્યારે વગર વાંકે નિર્જન ભયંકર જંગલમાં સગર્ભાવસ્થામાં એકલા અટૂલા છોડી દેવામાં આવવા છતાં અબળા એવા સીતાજી કર્મ વિજ્ઞાનના હૃદયમાં ઘૂંટેલા પાઠોને વાગોળીને પ્રસન્નતાથી તરબતર રહી શકે છે. ક્ષુદ્રતાનું વિલોપન થયા પછી જ એવી મીરાનું સર્જન થઇ શકે છે જે હસતા હસતા વિષના પ્યાલા મોંઢે માંડી શકે છે. કુહાડી મારીને કોઇએ પગનું હાડકું ખેંચી કાઢ્યું તો ય રાબીયા નામની ગુલામ સ્ત્રીએ ઇશ્વરનો આભાર માન્યો હતો. કબીરજીના સંતપણાની ખ્યાતિ સાંભળીને દૂરદેશથી આવીને અજાણ્યા બે બ્રાહ્મણોએ કબીરજીના ગામમાં પ્રવેશ કર્યો. ગામમાં પ્રવેશ કરતા જ નદીએ નાહાવા જઇ રહેલા માથે મુંડનવાળા એક રાંકડાના શુકન થયા. ગામમાં પ્રવેશ કરતા જ અપશુકન કરનારા આ મુંડિયાને બન્ને બ્રાહ્મણોએ ટીપીને લોહીલુહાણ કરી નાંખ્યો. શોધતા શોધતા કબીરજીના ઘરે પહોંચ્યા. કબીરજીની પત્નીએ આવકાર આપીને બેસાડ્યા: ''બેસો, નદીએ નાહાવા ગયા છે, હમણાં આવશે.'' થોડીવારમાં નાહીને પેલો લોહીલુહાણ ટાલિયો પ્રસન્ન વદને ઘરમાં દાખલ થયો. જેને પોતે રસ્તા વચ્ચે ટીપી નાંખ્યો હતો તે જ આ કબીરજી હતા, તે ખબર પડી ત્યારે માથે પાંચ મણની ગુણી ઉપાડી હોય તેમ પેલા બ્રાહ્મણોનાં મસ્તક નમી પડ્યાં. પણ કબીરજીના માનસપટ ઉપર પેલા મારપીટના બનાવની તો નોંધ સરખી પણ નહોતી થઇ.

જીવન તો પ્રસંગોનું વહેતું ઝરણું છે. મહાપુરુષો તટ પર ઊભા રહીને તે ઝરણાંને માત્ર જોયા કરે છે, માટે સમભાવમાં સ્થિર રહી શકે છે. જે એ વહેણમાં તણાય છે તેને તો રોજ હૈયાવરાળ છે. કર્તાભાવ છે ત્યાં ઉકળાટ છે, દૃષ્ટાભાવ છે ત્યાં આનંદનો ઘુઘવાટ કરતો દરિયો છે.

આફ્રિકામાં વાયોલોટ નામનો એક છોડ થાય છે. તેના પાંદડાં ઉપર પાણીનું ટીપું પડતા ડાઘ પડી જાય છે અને પાંદડું સૂકાઇ

જાય ત્યાં સુધી એ ડાઘ ભૂંસાતો નથી. તેમ જીવનમાં બનતા નાના નાના પ્રસંગોની પણ ગાઢ અસરો મન પર લઇને તેના તીવ્ર પ્રતિભાવો વ્યક્ત કરવાની ઘણાંની પ્રકૃતિ હોય છે.

અંગ્રેજીમાં એક બહુ સરસ વાક્ય છે. A great conquerer never fights on small issues. મહાન લડવૈયો નાના નાના મુદ્દા પર લડવા બેસતો નથી. સડસડાટ દોડી જતો ફ્રન્ટિયર મેલ નાનકડા ફ્લેગ-સ્ટેશન પર કદી ઊભો રહેતો નથી. કરોડોનું ટર્નઓવર કરનારો મોટો વેપારી નાના પરચૂરણ સોદામાં મોંઢુ ઘાલતો નથી. કોઇ ભાલાથી ભેદી નાંખે કે તલની જેમ ઘાણીમાં પીલી નાંખે તો પણ મહામુનિવરો સમતાનાં પ્રાંગણમાં મહાલી શકે છે અને પગાર આપીને રાખેલો ઘાટી સલામ ન ભરે તો પણ આપણા ભવાં તંગ થઇ જાય છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં નિમિત્ત ભેદથી ક્રોધના ચાર પ્રકાર પાડ્યા છે. પોતાના કોઇ વર્તનથી પોતાને જ નુકશાન થતાં પોતાની ભૂલ જાણીને પોતાની જાત પર જ ગુસ્સો કરે તે આત્મપ્રતિષ્ઠિત ક્રોધ. અન્ય કોઇ પ્રતિકૂળ વર્તે ત્યારે દાવાનલની જેમ પ્રજ્વલી ઊઠતો પરવિષયક ક્રોધ તે પરપ્રતિષ્ઠિત ક્રોધ. કૈંક બનાવોમાં પોતે અને અન્ય બન્ને ગુસ્સાનો વિષય બનેલા હોય છે, ત્યારે તે ઉભયપ્રતિષ્ઠિત ક્રોધ. અને, કેટલાક તો તીવ્ર ક્રોધમોહનીય કર્મના ઉદયને કારણે કોઇપણ નિમિત્ત વિના ક્રોધે ભરાઇ જતા હોય છે, તે અપ્રતિષ્ઠિત ક્રોધ. ખુરસી પર બેઠા બેઠા નિષ્કારણ દાંત કચકચાવીને ક્રોધમાં કાંઇક બબડતા બિરાદરો આવા અપ્રતિષ્ઠિત ક્રોધનો નમૂનો છે.

સલામતિ માટે કદાચ કોઇ સજ્જનને ગુંડા સાથે દોસ્તી રાખવી પડે તો પણ વારંવાર આમંત્રણ આપીને ગુંડાને ઘરમાં પધરાવે નહિ. અને, જેના ઘરમાં વારંવાર ગુંડાનું આવાગમન થતું હોય તેને કોઇ સજ્જન માને નહિ. ક્રોધ આવો એક ભયાનક ગુંડો છે. તેની સાથે દોસ્તી કેવી છે તેના પરથી વ્યક્તિની ક્ષુદ્રતા કે મહાનતાનું માપ નીકળે છે.

આપણે તો ક્ષુદ્રમાંથી મહાન બનવું છે. ક્ષમાધન પ્રભુ

વીરની ક્ષમાનો ઊજળો વારસો આપણને મળ્યો છે. આભ તૂટી પડે તો પણ રૂંવાડું ન ફરકે તે મહાવીરની સમતા છે. મહાવીરે ઘૂંટી આપેલા એ સમતાનાં અમૃતનું આપણે પાન કરીએ અને રગરગમાં તેને પ્રસરાવીએ. પછી, નોકર દ્વારા કાચનું ઝુમ્મર તૂટી જતાં આંખનો ખૂણો લાલ નહિ થાય. કોઇના ઘોર અપમાનો પણ પચાવી દેવાની તીવ્ર પાચનશક્તિ અંતરમાં ઊભી થશે ત્યારે ક્ષુદ્ર વ્યક્તિઓની નામાવલીમાંથી આપણા નામની બાદબાકી થશે. ક્રોધ પરનાં નિયંત્રણો એ વહેંતિયામાંથી વિરાટ બનવાનો જાદુ છે.

**વિરમતા પહેલા...**

The size of a man can be measured by the size of the thing that makes him angry.

-J. K. Morley

માનવીની કક્ષા માપવાનું સમીકરણ: માલ વગરની ઝીણી ઝીણી વાતમાં પણ ક્રોધ કરે તે નાનો, મોટા પ્રસંગોમાં પણ ક્રોધને કાબૂમાં રાખી શકે તે મોટો.

જ્ઞાનીઓ કહે છે કે ક્ષમા આત્માનો સ્વભાવ છે. પણ આપણે તો ક્ષમા મહાવીર, ગજસુકુમાલ કે ખંધક અણગારની માનીએ છીએ. મહાવીરની ક્ષમા જ્યારે 'મારી' લાગી જશે ત્યારે ક્રોધના નિકાલ માટે કોઇ યોજનાઓ નહિ ઘડવી પડે અને 'ક્ષમા' ને આતમઘરમાં પધરાવવા માટે આમંત્રણપત્રિકાઓ નહિ પાઠવવી પડે.

# સહુના આરાધ્યદેવઃ અભાવ

''આ રૂમમાં તમને શું શું દેખાય છે?'' એક વિદ્યાર્થીને મેં પ્રશ્ન પૂછ્યો. ચારે બાજુ નજર કરીને તેણે જવાબ આપ્યોઃ ''માત્ર ખુરસી, બીજુ કાંઇ નહિ.'' મારી બાજુમાં એક નૈયાયિક બેઠેલો હતો, તેણે તુરત વાંધો ઊઠાવ્યો. તેણે કહ્યું ''આ રૂમમાં તો ખુરસી સિવાય પણ બીજું ઘણું છે...જુઓ, ટેબલનો અભાવ, સ્ટવ અને તપેલીનો અભાવ, કોમ્પ્યુટર અને કેલ્ક્યુલેટરનો અભાવ, રેડિઓ અને ટી.વી.નો અભાવ, ફેન અને ફ્રિજનો અભાવ, અને આવા તો અનંતા અભાવ આ રૂમમાં રહેલા છે.'' ન્યાયદર્શનને માન્ય સાત પદાર્થોમાં અભાવ નામનો પણ એક પદાર્થ છે. તેથી, જ્યાં માત્ર ખુરશી જ દેખાય છે ત્યાં અનંતા અભાવોની પણ ઉપસ્થિતિ છે, તે નૈયાયિકની દાર્શનિક માન્યતા છે. છતાં, મનની ગતિને પણ અભાવનું ઘણું આકર્ષણ છે.

હાથમાં તાંબાનો કળશ, પૂજાનાં ફૂલનો પડિયો, ચંદનની વાટકી અને ચપટી ચોખા લઇને એકાગ્ર બનીને પોતાના આરાધ્યદેવની અર્ચના કરી રહેલા પૂજક તરીકે તમે મનની કલ્પના કરો અને પછી પોતાના આરાધ્યદેવ તરીકે સામે બેઠેલી વિભૂતિ તરફ નજર કરો, તે 'અભાવ' હશે. માનવ મન એ 'અભાવ'નું આરાધક છે. ચપ્પણિયું ખાલી હોય ત્યારે તે ગંદો એંઠવાડ માંગે છે. પેટ ભરાય ત્યારે પેટી માંગે છે. પેટી ભરાય ત્યારે પટારો માંગે છે. ઝંખેલા ૧ લાખ મળી જાય ત્યારે ૫ લાખને ઝંખે છે. ૫ લાખ આવી જાય પછી ૨૫ લાખને ઝંખે છે. પેટ અને મનમાં આ જ તફાવત છે. પેટ ભૂખ્યું થતાં તેને ભરવામાં આવે છે અને થોડીવારમાં તે ધરાય છે. મનને ક્યારેય ઓડકાર નથી આવતા. સાયકલ આવે ત્યારે કાયનેટિક ઇચ્છે, પછી હીરોહોન્ડા. તે આવે ત્યારે ફિયાટ માંગે અને પછી મારુતિ. એક મારુતિ આવે ત્યારે બેની ઇચ્છા કરે, બે આવે ત્યારે બહુની ઇચ્છા કરે. જેની ગતિને કોઇ અવરોધ

નથી, જેના માર્ગને કોઇ અંત નથી, જેને કોઇ આખરી મંજિલ નથી, તેનું નામ મન.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે : इच्छाओ आगाससमा अणंतिआ । આકાશને કોઇ સીમા નથી. ઇચ્છા પણ એવું જ અંત વગરનું એક આકાશ છે. માનવીનાં દુ:ખની જડ આ જ છે. મન હંમેશા અભાવ ભણી દોટ મૂકે છે અને અભાવ એ તો એક ખાડો છે. તેથી તે ખાડામાં પડે છે, ઘવાય છે, લોહીલુહાણ થાય છે. મનના આ 'ઘા'ને લોકો દુ:ખ કે વ્યથા કહે છે. 'અભાવ' પાછળની દોટમાં જે મળ્યું છે તેનેય માનવી માણી શકતો નથી. તેથી, જે પ્રાપ્ત થયું છે, તેનું સુખ પણ નંદવાય છે. નવી ઇચ્છાઓ, પૂર્ત ઇચ્છાઓના સુખને પણ ભાંગીને ખોખરું કરી નાંખે છે. જેટલી ઇચ્છાઓ પૂરી થઇ, તેટલો માનવી સુખી, આવી સુખની વ્યાખ્યા બની શકતી નથી, કારણ કે અભાવની આરાધના પ્રાપ્ત સુખોને પણ ક્યાં માણવા દે છે? માનવીના ભૌતિક સુખનું પણ સાચું સમીકરણ તો આ છે. સુખ = પૂર્ત ઇચ્છાઓ ÷ ઉદ્ભવેલી ઇચ્છાઓ. તમારી જેટલી ઇચ્છાઓ પૂરિપૂર્ણ થઇ છે તેના આનંદને ઊભી થયેલી નવી ઇચ્છાઓથી ભાગો, પછી જે બચે તેટલું જ તમારું સુખ. માનવીને જાણે વ્યથિત રહેવાનું વ્યસન લાગુ પડ્યું છે, તેથી જ તે અભાવ તરફ મનને દોડાવે છે. મનની અભાવ તરફની ગતિને જ્યારે સંતોષની બ્રેક મારીને અટકાવી દેવાય છે ત્યારે પ્રાપ્ત સુખનો આનંદ લૂંટાતો અટકે છે.

જે મળ્યું છે તેનું મૂલ્ય આપણને ખબર નથી માટે જ હાથમાં ચપ્પણિયું લઇને સતત ભીખ માંગતા ભિખારડા આપણે બની રહ્યા છીએ. એક કદાવર કાયાવાળો યુવાનિયો એક શેઠ પાસે ભીખ માંગવા પહોંચ્યો: ''શેઠ, મને કાંઇક આપો. મારી પાસે કાંઇ નથી.'' ''કાંઇ જ નથી? હોય તો મને આપીશ?'' શેઠે તેની ઝડતી લેવા માંડી: ''તારી એક આંખ આપે તો ૫૦ હજાર આપું, બે આપે તો લાખ આપું. એક હાથ કે એક પગ આપે તો ૫૦ હજાર આપું અને બે આપે તો લાખ આપુ.'' આટલી મોટી ઓફર આપવા છતાં તેમાનું કાંઇપણ આપવા તે તૈયાર ન

થયો. ''તારી પાસે આટલું બધું છે છતાં તું ભીખ શા માટે માંગે છે?'' શેઠે સમજાવીને તેની શાન ઠેકાણે આણી. પ્રાપ્ત સુખની અવગણના કરીને અપ્રાપ્ત માટે ઝૂરતા ભિખારડા આપણે પણ નહિ? ૫૦૦ રૂપિયાના લેટેસ્ટ શૂઝ ની ઇચ્છા પૂરી ન થતા જ્યારે તરફડીએ છીએ ત્યારે આપણા પગ સામે નજર કરવી જોઇએ જે સશક્ત ને અડીખમ આપણને મળ્યા છે, દુનિયાના હજારો લંગડાને નથી મળ્યા. આંખના ચશ્માને ગોલ્ડન ફ્રેમ નથી કે ઘરમાં કલર ટી.વી. નથી તેની વ્યથાને ઓગાળવા દુનિયાના લાખો પ્રજ્ઞાચક્ષુનું કલ્પનાચિત્ર જ પૂરતું નથી શું? ઓબેરોય કે તાજમહાલની રિચડિશ આરોગી ન શકવાનું દુઃખ નિવારવા ભૂખ્યા પેટે સૂનારા દુનિયાના લાખો લોકોની યાદ માત્ર જ ઔષધ બની શકે તેમ નથી શું?

અને, અભાવની જ આરાધના કરવી હોય તો'ય ઝંખવા અને ઝૂરવા જેવું દુનિયામાં બીજું ક્યાં ઓછું છે? વીરની ક્ષમા, શાલીભદ્રનો ત્યાગ, કુમારપાળની જીવદયા, વસ્તુપાલ-તેજપાલની શાસનભક્તિ, વિજયશેઠનું શિયળ, જાવડશાની તીર્થભક્તિ, જગડુશાહનું ઔદાર્ય આ બધું મેળવવા માટે ઝૂરવા જેવું નથી? ભાવ અરહિંતની પ્રાપ્તિ, ક્ષપક શ્રેણી, યથાખ્યાત ચારિત્ર, કૈવલ્યાવસ્થા, શૈલેશીપણું અને અનંત કર્મોનો ક્ષય આ બધાનો અભાવ આપણને પીડા કેમ નહિ આપતો હોય?

ઇચ્છાની રોગ તરીકે ઓળખાણ થઇ જશે પછી સુખ હાથ લાંબો કરીને પકડી શકાય એટલું જ છેટું રહેશે. મોક્ષમાં અનંત સુખ છે કારણ કે ત્યાં એક પણ ઇચ્છા નથી. સર્વ ઇચ્છાઓની સ્મશાન ભૂમિ રચાય છે ત્યારે મુક્તિનું મંદિર નિર્માણ પામે છે. 'અનિચ્છા'નો આરાધક હોય તે સાધુ અને 'અભાવ' નો આરાધક હોય તે દરિદ્ર. સંતપુરુષો 'ઇચ્છા' ને રોગ તરીકે ઓળખે છે. માટે જ મનમાં ઇચ્છા ઊભી થાય તો પણ તેનો સમ્યક્ નિરોધ કરે છે. માટે જ કવિએ ગાયું છે: ''સાધુ તો સુખિયા ભલા, દુઃખિયા નહિ લવલેશ'' જ્યારે કોઇપણ વ્યથાનો અનુભવ થાય ત્યારે તેના કારણરૂપે બેઠેલી ઇચ્છાને જ દૂર કરો, વ્યથા

આપોઆપ દૂર થઇ જશે. ભોગીઓ દુઃખથી ડરે છે અને યોગીઓ દુઃખના કારણભૂત ઇચ્છાથી ડરે છે. આ જ ભોગી અને યોગી વચ્ચેનું મહામોટું અંતર છે. આ અંતર નિવારીને ભોગી પણ યોગી બની શકે છે.

વિરમતા પહેલા...

મનોવૈજ્ઞાનિક ફ્રોઇડ પત્ની તથા નાના પુત્ર સાથે બગીચામાં ફરવા ગયો હતો. તે વિશાળ બગીચામાં પુત્ર ખોવાઇ ગયો અને તેથી માતા એકદમ વિહ્વલ બનીને ચારે બાજુ શોધાશોધ કરવા લાગી. ફ્રોઇડે પૂછ્યું ''તેં બાબાને ક્યાંય જવા મનાઇ કરેલી ખરી?'' પત્નીએ જવાબ આપ્યો: ''હા, મેં તેને ફુવારા પાસે જવાની ના પાડી હતી.'' તુરત ફ્રોઇડે તેને કહ્યું ''તો તું ત્યાં જ તપાસ કર, લગભગ ત્યાં જ ગયો હશે.'' અને, ખરેખર તે બાબો ત્યાંથી જ જડ્યો.

ષટ્ખંડના સામ્રાજ્યથી નહિ ધરાયેલા લોભાભિભૂત સુભૂમ ચક્રવર્તીઓ સૈન્ય સહિત દરિયાનાં ખારા જળમાં હોમાઇ ગયા છે. વિશ્વવિજેતા બનવા નીકળેલા સિકંદરો, નેપોલિયનો અને હિટલરો સ્મશાનમાં ખાખ થઇ ગયા છે. શસ્ત્રો, સૈન્ય કે કૂચોથી કદાચ જગતને જીતાય તો પણ જ્યાં જાત પર વિજય પ્રાપ્ત ન થયો હોય ત્યાં એવા વિજયનું કોઇ મૂલ્ય નથી. મુખની રૌદ્રરેખાઓ, વિનાશક શસ્ત્રો કે બળથી અન્યને વશ કરવાનાં સહુ ઉપાયો એ તો માનવજાત પર ચાલતા ક્રોધ ચંડાલના કારમા આધિપત્યના વિજય વાવટાઓ છે. કરુણા સંપન્ન મહર્ષિઓ જાત અને જગત સહુ ઉપર વિજય પ્રાપ્ત કરવાનું એક અમોઘ શસ્ત્ર આપણા હાથમાં મૂકે છે-તે છે ક્ષમા.

# બલિહારી ગુરુદેવકી

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु, गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात्परब्रह्म, तस्मै श्री गुरवे नमः।।

શાળાની પ્રાર્થનામાં બોલાતો આ શ્લોક નાનપણથી જ હોઠે ચડી ગયો હતો. શ્લોકને પણ હોઠ પર સારુ ફાવી ગયું હતું. હું શેરીમાં ગિલ્લીદંડા રમતો હોઉં, શાળામાં ખો-ખોની રમત રમતો હોઉં, કે ચોકમાં ભમરડો ફેરવતો હોઉં, આખો દિવસ આ શ્લોક હોઠ ઉપર રમતો જ હોય. શાળામાં અંતકડીની રમત રમાય ત્યારે ખાસ કોઇ ગીત આવડે નહિ માટે 'ગ' ઉપર બોલવાનું આવે તેની રાહ જોઇને જ બેસતો. 'ગ' આવતા જ શીઘ્ર ઊભો થઇને આ શ્લોક બોલી જતો. એકાદ બે વાર તો શાળામાં ચાલુ વર્ગે વગર રજાએ આ શ્લોકે હોઠ પર રમવાનું શરૂ કરી દીધેલું, તેથી થોડો મેથીપાક પણ મળેલો. થોડી સમજની દુનિયામાં પ્રવેશ કર્યો ત્યારે શ્લોકનો અર્થ સમજાતા શ્લોકનું અને ગુરુતત્ત્વનું ગૌરવ દિલમાં વિકાસ પામ્યું.

પણ, થોડી ઉંમર થતાં બુદ્ધિનો તાવ આવ્યો અને મગજના મોઢામાં કેટલાક પ્રશ્નોનો લવારો શરૂ થયો. બ્રહ્મા સર્જનહાર છે, વિષ્ણુ રક્ષણહાર છે અને મહેશ્વર સંહારક છે. સર્જન અને સંહાર એ તો પ્રતિપક્ષી ગુણો છે, ત્રણ વિભિન્ન વ્યક્તિઓનું રૂપક એક જ વ્યક્તિને કેવી રીતે આપી શકાય? એક જ ગુરુ સર્જન, રક્ષણ અને સંહાર ત્રણે'ય કેવી રીતે કરી શકે? વર્ષો સુધી પ્રશ્ન નિરુત્તર રહ્યો, પણ, પછી સ્યાદ્વાદની ગુટિકાએ એ તાવને ઉતાર્યો.

હા...ગુરુ બ્રહ્મા છે, કારણ કે ગુરુ સર્જક છે. શિષ્યનાં વેરાન જીવનરણને એક મઘમઘતુ ઉપવન બનાવી તેમાં ગુણપુષ્પોનું સર્જન કોણ કરે છે? શિષ્યની જીવનનિશાના કાજળઘેર્યા આકાશને કરોડો

તારલાઓથી કોણ શણગારે છે? સરિતાના સૂકા તટ જેવા શિષ્યના જીવનને આનંદથી ભરી દેતા કોયલનાં કૂજન જેવું સાધનાનું સુમધુર સંગીત કોણ સર્જે છે? સાધકના શુષ્ક અને બેસ્વાદ જીવન પ્રવાહમાં પરમામૃતના પ્યાલા રેડીને તેમાં માધુર્ય કોણ પૂરે છે? સાધકની જીવનભૂમિમાં પ્રેરણાનું ખાતર સિંચીને ગુણો, આનંદ અને ઉત્સાહ કોણ ઉગાડે છે? આંગળી ચીંધીને સાધનાના ઉત્તુંગ શિખર પર શોભાતો પરમશ્રેયનો મનોહર મહાલય કોણ બતાવે છે? અને, આંગળી પકડીને એ મહામહાલય સુધી કોણ પહોંચાડે છે? શેતાનમાંથી સજ્જન, સજ્જનમાંથી સંત અને સંતમાંથી શિવ બનાવનાર ગુરુ જ છે ને? માનવમાંથી ભગવાનનું સર્જન કરનાર ગુરુને બ્રહ્મા કેમ ન કહેવાય?

અને કૃપાની વાડમાં શિષ્યનાં ગુણપુષ્પોનું રક્ષણ કરનાર પણ ગુરુ ભગવંત જ છે ને? વિષય-કષાયના જાલિમ ગોળીબારો સામે રક્ષણ કરનાર ગુરુકૃપાનું કવચ જ છે ને? સાધનાનો મબલખ પાક શલ્યત્રયથી ભેળાઇ ન જાય માટે વાડ બનીને રક્ષણ કોણ કરે છે? વિષય વાસનાના પવનથી સાધનાની કાયાનું રક્ષણ કરનાર ફરકોટની ગરજ ગુરુ જ સારે છે ને? કુનિમિત્તોની વર્ષામાં માથે કૃપાનું છત્ર ધરીને કોણ બચાવે છે? શિષ્યના જીવનદ્વારે ચોકીદારની ખુરસી પર બેસીને સાધનાની કમાણીનું જતન કરતા ગુરુ કેટલો ઉપકાર કરે છે! તેથી, સાચું જ કહ્યું ગુરુર્વિષ્ણુ.

અને, ગુરુ ત્રીજુ નેત્ર ખોલે છે અને શિષ્યના હૃદયની દુષ્ટ વાસનાઓનો સંહાર થાય છે. અનાદિની અવળચંડી સંજ્ઞાઓને કોણ ખલાસ કરે છે? તુચ્છતાઓના ઉકરડાને એક જ નજરે બાળીને કોણ સાફ કરે છે? ગુરુકૃપાના પ્રલયપુરમાં જ અનાદિની અધમતાઓ સર્વથા તણાઇ જાય છે. સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાના વાતઝપાટાથી તે શિષ્યના હૃદયની બધી'ય કાલિમાઓને ભૂંસી નાંખે છે. ભીતરના ખારા દરિયાને એ જ ઉલેચે છે. ગુરુ ખરે જ સંહારક છે,

ગુરુ ખરે જ મહેશ્વર છે.

હજુય શ્લોકના રચયિતા આગળ વધે છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ. વિશ્વનું પરમોપાસ્ય પરમતત્ત્વ ગુરુ જ છે. ગુરુ એ જ પરમેશ્વર છે. ગુરુને પરબ્રહ્મ કહ્યા કારણ કે સ્વકીય શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે પરબ્રહ્મની ઉપાસના આવશ્યક છે. ગુરુની ઉપાસનાથી પણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થઇ શકે છે, માટે ગુરુ પરબ્રહ્મ છે અથવા, ગુરુ છદ્મસ્થ હોવાથી ગુરુમાં દોષો પણ હોઇ શકે છતાં શિષ્યે ગુરુને માત્ર ગુણરૂપ જ જોવાના છે, દોષયુક્ત નહિ. અને જે ગુણમય છે એ પરમ બ્રહ્મ જ છે. આમ શિષ્ય માટે ગુરુ પરમબ્રહ્મ છે. કબીરજી હજુ'ય વધુ આગળ વધે છે.

गुरु-गोविंद दोनो खडे, किसको लागु पाय ?
बलिहारी गुरुदेव की, गोविंद दीया बताय ।।

કબીરજીએ તો કમાલ કરી. ગુરુ અને ગોવિંદ બન્ને તેમના આંગણે આવીને ઊભા, તે તો પહેલા ગુરુના પગમાં પડ્યા. આમાં ગોવિંદની અવહેલનાનો ભાવ નથી પણ અંતરમાં બેઠેલું ગોવિંદનું અત્યંત ઉચ્ચ સ્થાન જ આ ચેષ્ટાનું કારણ છે. આ પરમતત્ત્વની ઝાંખી મને ગુરુ વિના કોણ કરાવત? ગુરુરૂપ દીવાદાંડી ન હોય તો, અગાધ સંસારસાગરમાં અથડાતી જીવનનૈયાને કિનારો ક્યાંથી જડે? ગુરુ સર્ચલાઇટ ફેંકે છે, ત્યારે જ એ 'પરમ'ની ભાળ મળે છે. ગુરુ મંત્રો ભણે છે અને આત્મામાં પરમની ઝંખના ઊગે છે અને ફળે છે. અને તેથી જ સાધકના હોઠ ઉપર શબ્દો સ્ફુરે છે :

गुरु विना को नहि मुक्तिदाता, गुरु विना को न पथप्रदाता ।
गुरु विना को नहि जाड्यहर्ता, गुरु विना को नहि सौख्यकर्ता ।।

જાદુ છે ગુરુની કૃપામાં. કરામત છે ગુરુની દૃષ્ટિમાં. ઉજ્જડ રણમાં'ય નયનરમ્ય નંદનવન ખીલવવાની તેની પાસે કળા છે. જડ પણ તેના પસાયે બૃહસ્પતિ બને છે. પંગુ પણ તેના સહારે સાધનાપંથ ઉપર દોટ મૂકે છે. અગણિત અકલ્પ્ય શક્તિઓનો પ્રાદુર્ભાવ ગુરુપ્રસાદથી થાય છે. માટે કવિ ગુરુપ્રસાદની યાચના કરે છે.

यच्चक्षुषा मातृमुखोऽप्यशेष, विशेषविच्छेखरतानुषङ्गी ।
गुरुं सुराणामधरीकरोति, भवन्तु ते श्री गुरवः प्रसन्नाः ।।

અજ્ઞાનના અંધાપાથી અકળાતા શિષ્યને ગુરુ જ્ઞાનાંજનની શલાકાથી આંજે છે અને શિષ્યના જ્ઞાનચક્ષુ ખુલે છે. આંધળાને દેખતો કરવાની જડીબુટ્ટી ગુરુની દષ્ટિમાં રહેલી છે. ગુરુઆશિષથી ચમત્કૃતિઓ સર્જાય છે. ત્રણ પદમાંથી સમગ્ર બ્રહ્માંડનાં અગણિત રહસ્યોને ઉકેલતી દ્વાદશાંગીનું સર્જન એ ગણધરશિષ્ય પર તીર્થંકર ગુરુના ઊતરેલા આશિષની જ ફલશ્રુતિ હોય છે ને?

ગુરુની કરુણાદષ્ટિથી સર્જાતા ચમત્કારનો શિષ્ય મહિમા ગાય છે:

यद्दयादृष्टिमात्रेण दोषा यान्ति दिगन्तरम् ।
प्रकाशन्ते गुणाः सर्वे, तस्मै श्री गुरवे नमः ।।

ગુરુ કરુણાદષ્ટિથી નિહાળીને પહેલા પાત્રતા પ્રગટાવે છે. પછી બોધવચનોથી બુઝવે છે. ત્યારે શિષ્યના હૃદયમાં વિરાગના અંકુર ફૂટે છે. પ્રેરણાઓ સિંચીને તે અંકુરને ગુરુ વિકસિત, પત્રિત, પુષ્પિત અને ફલિત કરે છે. પોતે જ વાડ બનીને એ ફળનું જતન કરે છે. ગુરુતત્વના આ અગણિત ઉપકારોને ગાતા શિષ્ય ધરાતો નથી :

येन बोधप्रदीपेन, निरस्याभ्यंतरं तमः ।
ममात्मा निर्मलीचक्रे, तस्मै श्री गुरवे नमः ।।

એટલે ગુરુનાં ચરણમાં શિષ્યને સુવિકસિત મનોહર કમલના દર્શન થાય છે. તે કમળમાં પ્રસાદમકરંદના પુંજ પડેલા જોઇ લે છે. ભ્રમર બનીને ગુરુચરણની ઉપાસના કરતો શિષ્ય આ સ્વાદુ મકરંદને માણ્યા કરે છે :

प्रसादमकरंदेनापूरितं सुविकस्वरम् ।
भेजे भ्रमरवन्नित्यं, श्री गुरुक्रमपंकजम् ।।

ગુરુને પરમારાધ્ય તત્ત્વ તરીકે જાણ્યા પછી ગુરુના સ્વરૂપને તે ધ્યાનનું શ્રેષ્ઠ આલંબન માને છે. ગુરુનાં ચરણ પરમ પૂજનીય તરીકે તેના અંતરમાં સ્થિર થાય છે. ગુરુનાં પ્રત્યેક વચનને

મહામહિમાશાલી મંત્ર સમજીને તે ગુરુવચનની અખંડ ઉપાસના કરે છે. ગુરુની કૃપા જ તેને મોક્ષ પ્રાપ્તિ કરાવતું પરમ રસાયણ ભાસે છે. તેથી તે ખોળો પાથરીને ગુરુકૃપાને ઝીલવા સતત તત્પર રહે છે. ગુરુનાં પ્રત્યેક વચનમાં તેને સાક્ષાત્ પોતાનું પરમ કલ્યાણ વંચાય છે. કારણ કે તે માને છે કે-

धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापि ।
गुरुवदनमलयनिश्रुतवचनरसश्चन्दनस्पर्शः ।।

ગુરુ વચનને પામીને આ ધન્યતાનો અનુભવ કરતા, શિષ્યના હૃદયમાં ગુરુતત્ત્વનું શાશ્વત સિંહાસન રચાય છે અને શાશ્વત પ્રતિષ્ઠા ગુરુની થાય છે. આ ધન્યતા તેને એક પરમ ધન્યતા ભણી લઇ જાય છે. ગુરુના હૃદયપ્રસાદમાં એ શિષ્યનું પણ એક કાયમી સ્થાન નિશ્ચિત થાય છે. આ એક શિષ્યના જીવનની સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે. આવા શિષ્યની શાસ્ત્ર પ્રશંસા કરે છે :

धन्ना ते जियलोए गुरवो निवसंति जस्स हिययंमि ।
धन्नाणवि ते धन्नो, गुरुण हियए वसई जो उ ।।

શ્રમણની આંતરસૃષ્ટિમાં ક્યારે'ક વૈશાખની બપોર પણ ઊગે છે. પવન પડી જાય તેમ ઉલ્લાસ અને પરિણામો પડી જાય છે. સમિતિનું સંગીત, સ્વાધ્યાયના ઘોષ, મનોરથોનું ઉડ્ડયન...આ બધું'ય એક અદૃશ્ય શૂન્યતામાં ખોવાઇ જાય છે. નરવી નીરસતા અને અસહ્ય ઉકળાટ શ્રમણને બેચેન બનાવી દે છે. આ બેચેની શ્રમણને નિષ્ક્રિયતાનો ચેપ લગાડે છે. આવો શ્રમણ એક ગંભીર દર્દી છે, જેને અત્યંત હૂંફ અને કાળજીપૂર્વક શીઘ્ર સારવારની આવશ્યકતા હોય છે. વાત્સલ્ય અને હૂંફસભર અંગત કાળજી જ તેના દર્દનું ઔષધ હોય છે, ત્યારે ગુરુહૃદયના Intensive Care Unit માં તેને સ્પેશ્યલ ટ્રીટમેન્ટ મળે છે. શિષ્યના જીવનમાં ફરી એક અદ્‌ભુત તાજગી પૂરાય છે, તમન્નાની પાંખો ફૂટે છે અને સાધનાના વિરાટ ગગનમાં તે ઊડે છે.

ગુરુનું વચન એ એક ખીલો છે. આ ખીલે બંધાઇ રહે એનું નામ શિષ્ય. એને રુચે એવી અને પચે એવી બધી'ય સાધનાગંજીઓ ગુરુ એ ખીલે નીરે જ છે. પણ, કાંઇક વધુ ચરી લેવોના લોભથી પણ એ ખીલો તોડીને શિષ્ય ભાગે છે તો જ્ઞાનીઓ તેના ભાવિ માટે બહુ ચિંતા વેરે છે :

छट्ठट्ठमदसमदुवालसाणं मासद्धमासखवणाणं ।
अकरंतो गुरुवयणं, अणंतसंसारीओ होइ ।।

ગુરુવચનનું ઉલ્લંઘન આટલી દારુણ સજાના અધિકારી બનાવી દે અને ગુરુવચનની ઉપાસના ચપટી વગાડતા મોક્ષને બાથભીડતો કરી આપે. ગુરુ સમર્પણનો મહામહિમા શિષ્યના હૈયામાં કોતરાય છે, ત્યારે સ્વામિત્વ કરતાં પણ પોતાનું દાસત્વ ઘણું વજનદાર લાગે છે. તે તો વિચારે છે-

''ચક્રવર્તીના ભવમાં છ ખંડનું સ્વામિત્વ મળવા છતાં સંતોષ ન થયો, તો હું સુભૂમ બનીને ધાતકી ખંડનો સ્વામિ બનવા નીકળ્યો હતો.

ચમરેન્દ્રનું સિંહાસન પણ મને નીચું લાગ્યું, તો સૌધર્મેન્દ્રની સભામાં જઇને મેં ઉત્પાત કર્યો.

ટેબલ પર ટી-ટ્રે બે મિનિટ મોડી પડતા મારામાં રહેલું સ્વામિત્વ પોત પ્રકાશી ઊઠતું.

પણ...આજે મોડું મોડું પણ સમજાયુ છે કે આધિપત્યના ભોગવટામાં સુખની શોધ અજ્ઞાનજનિત હતી. ગુરુચરણની રજ માથે ચડાવવામાં જે કૃતકત્યતા છે, તેની આંશિક અનુભૂતિ પણ રાજમુગટ માથે ચડાવવામાં નહોતી. આજ્ઞાપાલનમાં થતો રોમાંચનો અનુભવ આદેશ કરવામાં ક્યાં હતો? ગુરુચરણોમાં માથુ ઢાળી દેવાની ધન્યતા ક્યાં? જગતના ચોકમાં ખભો ઊંચો રાખીને ફરવાના કષાયજન્ય ક્ષુદ્ર આનંદને એની સાથે તોલાય પણ કેવી રીતે?'' અને, અહીં ગૌતમસ્વામિ યાદ આવે છે. તે પ્રભુ વીરના શિષ્ય હતા તેમ ૫૦ હજાર કેવળીના ગુરુ પણ હતા. છતાં, તેમની રોમરાજી પર જે આનંદ પથરાયેલો રહેતો, તે તેમના ગુરુત્વને નહિ પણ શિષ્યત્વને આભારી હતો. ગૌરવ હતું

ગૌતમ પ્રભુને, પણ ૫૦ હજારના ગુરુત્વનું નહિ, પ્રભુવીરના શિષ્યત્વનું. ગુરુના માહાત્મ્યને પામેલો શિષ્ય અદ્‌ભુત ધન્યતાને માણતો ગુરુવદનને અત્યંત કૃતજ્ઞબુદ્ધિથી નિહાળી રહ્યો છે :

धन्यं दृष्टियुगं, दिनं च सफलं, प्रागदियं दूषमा ।
चित्ते प्रोल्लसितः प्रबोधदिवसः, ध्वस्तं तमोमण्डलम् ।
प्राप्तः कल्पतरुर्गृहे सुरगवी चिंतामणिः स्वे करे
यद्दृष्टं गुरुराजवक्त्रकमलं संपूर्णचन्द्रोपमम् ।।

ગુરુદર્શનનો આ મહિમા જાણ્યા પછી, ગુરુ પધારી રહ્યાની વધામણી આપનાર સેવકની સામે ચાવીનો ઝૂડો ધરી દેનાર રામજી શ્રાવક કે સોનાની ૩૨ જીભ ભેટ ધરનાર પેથડમંત્રીના હૃદયમાં તે વધામણી સાંભળતા ખીલેલું અનુપમ ભાવસૌંદર્ય કલ્પનાથી નિહાળવું બહુ કઠીન નથી.

મહાવીરનો જન્મ થયો અને પ્રકૃતિ હર્ષોન્મત્ત બની. દેવેન્દ્રોનાં આસન ડોલાયમાન થયા. કાળા ડીબાંગ ભયાનક નરકાગારોમાં પણ ક્ષણભર દિવ્ય ઓજસ્ પથરાયા. દુઃસાધ્ય વ્યાધિઓની અવિરત વેદનાથી કણસતા મહારોગીઓએ પણ તે ક્ષણે પરમ શાતાનો અનુભવ કર્યો. સૃષ્ટિ પર શાંતિનાં વર્તુળો ઊઠ્યા જેણે આખી સૃષ્ટિને બાથ ભરી. એક માતા બાળકને જન્મ આપે અને સમગ્ર સૃષ્ટિ પર આવા મહાનંદનો ચેપ લાગે તે ચમત્કારના રહસ્યને શોધવા હું મથતો હતો ત્યાં એક દિવ્ય વાણીએ મારા આશ્ચર્યને ઉકેલ્યું ''માતાને બાળક મળ્યું છે, તેમ તું ન વિચાર. જગતને માતા પ્રાપ્ત થઇ છે તેનો હર્ષોન્માદ સૃષ્ટિ વ્યક્ત કરી રહી છે.''

# અમીઝરા કાનનો એક્સ-રે

આજે મારા માનસપટ પર એક મનોહર કલ્પનાચિત્ર ઊપસ્યું છે

કલકલ વહેતા ઝરણાંની પાસે એક મનોહર દેવળ છે. દૂધ જેવા ધવળ એ જિનપ્રાસાદના ઉત્તુંગ શિખર પર લહેરાતી ધજા દેવાલયની અંદર બેઠેલા એક પ્રભુભક્તના હૃદયમાં ઊભરાયેલી આનંદોર્મિઓને જ જાણે વ્યક્ત કરી રહી છે! પ્રશમરસનાં વહેતા ઝરણાં જેવી ચરમ તીર્થાધિપતિ શ્રી વર્ધમાન સ્વામીની મનહરણી પ્રતિમા અંદર બિરાજમાન છે. તે અનુપમ જિનબિંબ પર આંખો ટેકવીને યોગમુદ્રામાં બેઠેલા ઉપાધ્યાય યશોવિજયજી જિનગુણની અનંત ગરિમાને વિસ્મિત બનીને નીરખી રહ્યા છે. શાસ્ત્રોનાં પાનાઓમાંથી પ્રસરતા પ્રભુગુણનાં મોહક વર્ણનો જાણે તેમના કાનને પવિત્ર કરી રહ્યા છે. તે પવિત્ર કાનમાંથી અમૃતની ટીશિયો ફૂટે છે અને તે અમૃતરસ ઝરતો ઝરતો આખી કાયાને તથા તેના રોમ-રોમને અમૃતથી પલાળી રહ્યો છે. તેમના હૃદયમાંથી તે આનંદ બહાર રેલાઇ રહ્યો છે. હૃદયમાં ઊઠેલા આનંદના આવેગનું કંઠમાં રહેલી સ્વરપેટી પર આક્રમણ થાય છે. તેમાંથી ભીનો ધ્વનિ રેલાય છે, હોઠનાં કમાડ ખુલે છે

''ગિરુઆ રે ગુણ તુમ તણાં, શ્રી વર્ધમાન જિનરાયા રે,<br>સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે.''

બહાર નીકળવા ધસમસી રહેલો ભીતરી આનંદ હજુ વધુ એક રસ્તો શોધે છે. આંખોની પાળ તૂટે છે. આંસુઓનાં પૂર રેલાય છે. તે યોગિરાજ તો પ્રભુગુણના ગુણલા ગાયે જ જાય છે. મુખમાંથી નીકળતા શબ્દો પણ સાવ ભીના છે. આજે, ૩૦૦ વર્ષ પછી પણ કાનમાં પેસીને હૃદયને અડે છે તોય અંતરને સાવ ભીનું કરી નાંખે છે!

પ્રભુગુણની કેવી મીઠાશ આ ઓલિયાએ માણી હશે! મનભાવન રસગુલ્લા થાળીમાં પીરસાય અને મુખમાં રસ ઝરે તે તો

સાંભળ્યું છે, અનુભવ્યું છે. પણ, સુણતા સુણતા કાનમાં અમી ઝરવા માંડે, તે કેવી નવલી વાત છે! ઉપાધ્યાયજીની આ અનુભૂતિનો તાગ કાઢવા રસગુલ્લાના ભોજનનો વિચાર કરીએ. મનભાવન રસગુલ્લા જોઇને પણ ગમે તેને, ગમે ત્યારે અને ગમે તે અવસ્થામાં મુખમાંથી રસ નથી છૂટતો. તે માટે પણ ઘણી શરતો પૂરી થવી જરૂરી હોય છે. રસગુલ્લા જેને ભાવતા નથી, અરે, દીઠા પણ ગમતા નથી, તેને કદી તે જોઇને મોંઢામાંથી પાણી છૂટતું નથી. અને, ખૂબ ભાવતા હોય, અત્યંત પ્રિય હોય તો પણ પેટ આકંઠ ભરાયેલું હોય ત્યારે રસગુલ્લાની ડિશ સામે આવે તો રસ ઝરવાને બદલે ઉલટીઓ જ થવા માંડે છે. મનને પસંદ હોય, પેટ ખાલી હોય છતાં કબજીયાત શરદી આદિને કારણે તે ભોજનની અરુચિ હોય તો પણ મુખમાંથી પાણી છૂટતું નથી. ભોજન જોઇને મુખમાંથી પાણી છૂટવા માટે આમ ત્રણ શરતો પૂરી થવી જરૂરી છે: ૧. વસ્તુ પ્રિય જોઇએ. ૨. પેટમાં ભૂખ જોઇએ અને ૩. અરુચિનું કોઇ કારણ હાજર ન હોવું જોઇએ.

પ્રભુગુણ શ્રવણે જેના કાનમાં અમી ઝરી રહ્યા છે, તે ઉપાધ્યાયજીના વિષયમાં પણ આ ત્રણ શરતો લાગુ પાડીને વિચારુ છું, ત્યારે ઉપાધ્યાયજી, કોઇ મર્ત્ય માનવી રૂપે નહિ, પણ અલગારી ભોમકાના અનુપમ ઓલિયા રૂપે મારી આંખોને શણગારી રહ્યા છે.

ગુણો સાંભળીને કાનમાં અમી ઝરે છે, તે ઉપાધ્યાયજીને ગુણો કેવા પ્રિય હશે! આપણને તો પ્રભુગુણોનું વર્ણન સાંભળતા સાંભળતા કીડીઓ ચટકા ભરે છે, મનમાં અને હૈયામાં અકળામણ થવા માંડે છે, બેઠા બેઠા પગમાં ખાલી ભરાય છે અને ઉપાધ્યાયજી તો કહે છે:

''અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે.''

ખાવું-પીવું-સૂવું બધું છોડીને પ્રભુના ગુણ જ ગાયા કરવાનું મન થાય તેને આ ગુણોની કેવી પ્રીતિ અંતરમાં બેઠી હશે! પાનાં રમતાં, ટી.વી. જોતા કે છાપાં વાંચતા ખાવા-પિવાનું ભાન ભૂલી જવાનું ઘણાંને અનુભવસિદ્ધ હશે. પણ, પ્રભુગુણનો આવો પ્રેમ તો બીજે ક્યાંય જોયો ખરો?

કાનમાં અમી ઝરવા માટે બીજી શરત છે કે, તીવ્ર

ભૂખ જોઇએ. ગુણ પ્રાપ્તિની કેવી તીવ્ર ઝંખના આ અધ્યાત્મયોગી અનુભવી રહ્યા હશે! સમ્યકત્વની સજ્ઝાયમાં આ ઉપાધ્યાયજીએ જ સમ્યકત્વના લિંગ બતાવતા કહ્યું છે

''ભૂખ્યો અટવી ઊતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહી જ બીજુ લિંગ.''

ઘેબરના થાળ સામે બેઠેલો અટવી ઊતરેલો આવો ભૂખ્યો બ્રાહ્મણ તમે કલ્પનામાં લાવો, તો આ ગુણ ભૂખ્યા મહોપાધ્યાયજીને કાંઇક સમજી શકાશે.

મુખમાંથી રસ છૂટવા માટેની ત્રીજી શરત છે કે, કબજીયાત કે શરદી જેવા દોષોથી કાયા મુક્ત હોવી જોઇએ. પૌદ્‌ગલિકપ્રીતિનો ભરાવો થયેલો હોય તેને તો પ્રભુગુણ સુણતાં કાનમાં અમી ન ઝરે પણ ઉબકા આવે. બાહ્યભાવોથી પર બનીને જિનગુણની સોહામણી દિવ્ય સૃષ્ટિમાં ખોવાઇ ગયેલા આવા કોઇ અળગા માનવીને જિનગુણ પ્રત્યે અરુચિ થવાનું કયું કારણ જીવતું હોય? તે તમામ બાહ્ય ભાવો તો તેમને છીછરાં ખાબોચિયાં જેવા લાગે છે અને કાંટાળા બાવળનાં ઠૂંઠા જેવા લાગે છે. તેથી જ પ્રભુગુણની ગંગામાંથી બહાર નીકળવાનું નામ જ લેતા નથી. આ ગંગામાં ન્હાતા ન્હાતા કષાય-વિષયના કાળા ભીંગડા ધોવાય છે અને કાયા નિર્મળ થાય છે. આ ગુણો ગમી ગયા પછી હવે દૃષ્ટિ બીજે ક્યાંય અડતી નથી, ટકતી નથી.

ચિંતનના એક્સ-રે દ્વારા ઉપાધ્યાયજીના અમીઝરતા કાનને હું તપાસુ છું ત્યારે મને જણાય છે કે, એ કાન પણ આત્મશ્રેયના સાધકને માટે એક ઊંચુ આલંબન છે. એ કાનમાંથી ઝરતું અમૃત એવું ઉત્તમ રસાયણ છે કે જેને આંગળીમાં લઇને આંખે આંજતા પૌદ્‌ગલિક રૂપો પાછળનો આંખનો તડફડાટ શમે છે, તેને કાને ચોપડતા નિંદા અને વિકથાના ગલીચ રસ કાનને કડવા લાગે છે અને જીભે અડાડતા રસનાના તોફાનો અટકે છે.

મહોપાધ્યાયજીના કાનમાંથી ઝરીને તે શાંત દેવળમાં એકઠું થયેલું અમૃત કટોરામાં ભરીને કોઇએ સાચવી રાખ્યું હોત તો કેવું સારું!!!

# હું પાગલ તો નહિ ?


તેણે લોખંડના કબાટમાંથી દરદાગીના અને જરઝવેરાત કાઢીને આંગણામાં ખીંટી પર લટકાવ્યા. કબાટમાં પડેલા કોણ જુએ તેથી તેણે જાહેરમાં તેનું પ્રદર્શન કર્યું. તે ઝવેરાત ચોરાઇ ગયું અને તે રડવા બેઠો. લોકોએ તેને પાગલ કીધો.

તેણે કબાટમાંથી કરન્સી નોટોનાં બંડલ કાઢીને ઘરના શોકેસમાં ગોઠવ્યા. તે બંડલ ચોરાઇ ગયા, તે રડવા બેઠો અને લોકોએ તેને પાગલ ગણ્યો.

અત્તરની બાટલીઓના બુચ ખોલીને તેણે ટેબલ પર મૂકી જરૂર પડી ત્યારે અત્તર લેવા બાટલી હાથમાં લીધી પણ તે તો ખાલી હતી. તે રડવા બેઠો. લોકોએ તેને પાગલ ગણ્યો.

મેં પણ મારા સદ્‌ગુણો અને સુકૃત્યોને આત્મશ્લાઘાના શોકેસમાં ગોઠવીને જાહેરમાં મૂક્યા. મારા તે સદ્‌ગુણો અને સુકૃત્યોનું ફળ અને બળ ઘસાઇ જતાં હું રડવા બેઠો.

હું પાગલ તો નહિ?



RAJUL
✆ 25010863